# દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 286 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માર્ગશીર્ષ સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 December 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૪ ડિસેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


લાડકી પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈન્ડિગોએ રડાવ્યાઃ ૧૫૦થી વધુ ફ્લાઈટ રદ

## ક્રૂની અછતને પગલે ફ્લાઈટ ઑપરેશન ખોરવાયુંઃ પ્રવાસીઓ હેરાનપરેશાન

**અસરગ્રસ્ત પ્રવાસીઓને વૈકલ્પિક ફ્લાઈટનો તેમ જ રિફંડનો વિકલ્પ આપવામાં આવી રહ્યો છે**

નવી દિલ્હીઃ દેશમાં દર ત્રણમાંથી બે પેસેન્જર ફ્લાઈટ ઉડાડતી ઈન્ડિગો ઍરલાઈન્સ ક્રૂ મેમ્બરોની અછતને કારણે ફ્લાઈટના ઉડ્ડયનમાં વિલંબ અને ઉડ્ડયન રદ કરવાની સમસ્યાનો સામનો કરી રહી છે. ઈન્ડિગોએ બુધવારે દેશના વિવિધ ઍરપોર્ટ પર ૧૫૦ કરતાં પણ વધુ ફ્લાઈટ રદ કરી હતી. ૪૮ કલાકમાં સેવા પૂર્વવત્ કરવાની ઍરલાઈન્સે જાહેરાત કરી હતી અને પ્રવાસીઓને પડેલી અગવડ બદલ ઍરલાઈન્સે તેમની માફી માગી હતી.

સરકારી ડેટા મુજબ દરરોજ ૨,૩૦૦ પેસેન્જર ફ્લાઈટનું વહન કરતી ઈન્ડિગો ઍરલાઈન્સે બે ડિસેમ્બરે એટલે કે મંગળવારે માત્ર ૩૫ ટકા ફ્લાઈટનું જ સમયસર ઉડ્ડયન કર્યું હતું.

બુધવાર બપોર સુધીમાં દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ, બેંગલુરુ સહિતના દેશના વિવધિ ઍરપોર્ટ પર ઈન્ડિગોની ૨૦૦ જેટલી ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. ગયા મહિને ન્યૂ ફ્લાઈટ ડ્યૂટી ટાઈમ લિમિટેશન (એફડીટીએલ) નિયમો અમલી બન્યા બાદ ઈન્ડિગો ઍરલાઈન્સ પાઈલટની અછતનો સામનો કરી રહી છે અને તેને કારણે મોટી સમસ્યા સર્જાઈ રહી છે. પરિસ્થિતિ નિયંત્રણ

(જુઓ પાનું ૨) ▶▶

### નિયમોમાં ફેરફાર ને લગ્નની મોસમમાં રજાઓની ભરમાર...

ઈન્ડિગોના ફ્લાઈટ ઓપરેશન્સ ખોરંભે ચડવા માટે સરકાર દ્વારા નિયમોમાં ફેરફારને લીધે ક્રૂ સભ્યોના કામનાં કલાકોમાં ફેરફાર માટેનું એક કારણ તો ખરું પણ એક અંદરના સૂત્રના જણાવ્યાનુસાર હાલ લગ્નની જોરદાર મોસમ ચાલે છે અને એમાં કર્મચારીઓ દ્વારા મોટા પાયે રજા લેવાને કારણે પણ વર્તમાન કટોકટી ઊભી થઈ છે. જોકે સત્તાવારપણે આવું કંઈ હોવાનો ફોડ નથી પડાયો પણ એક સાથે ઘણા કર્મચારીઓ લગ્નોમાં મહાલવા રજા પર હોવાથી એરલાઇનની કફોડી હાલત થઈ છે.

# ગિલ વાઈસ-કૅપ્ટન ટી-૨૦ ટીમનો, હાર્દિકનું કમબૅક

રાયપુરઃ મંગળવાર, નવમી ડિસેમ્બરે સાઉથ આફ્રિકા સામે ઘરઆંગણે શરૂ થનારી પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ માટેની ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે જેમાં શુભમન ગિલને ફિટનેસને લગતી એક શરત સાથે સમાવવામાં આવ્યો છે, જ્યારે રિન્કુ સિંહ તથા નીતીશ કુમાર રેડ્ડીની બાદબાકી કરવામાં આવી છે. હાર્દિક પંડ્યા બે મહિના બાદ ફરી આંતરરાષ્ટ્રીય મેદાન પર કમબૅક કરશે. તે આ ટીમનો મુખ્ય ઑલરાઉન્ડર છે.

સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતીય ટી-૨૦ ટીમ ૯-૧૯ ડિસેમ્બર દરમ્યાન સાઉથ આફ્રિકા સામે પાંચ ટી-૨૦ રમશે. ગિલને ટીમમાં વાઇસ-કૅપ્ટન તરીકે સમાવવામાં આવ્યો છે, પરંતુ ગરદનની ઈજા બાબતમાં તેને બીસીસીઆઇ તરફથી લીલી ઝંડી મળશે (ફિટ હોવા વિશેનું સર્ટિફિકેટ મળશે તો જ) તેને આ શ્રેણીમાં રમવા મળશે. તાજેતરમાં ઑસ્ટ્રેલિયા ખાતેના પ્રવાસ માટેની ટી-૨૦ ટીમમાં રિન્કુ અને નીતીશનો સમાવેશ હતો, પરંતુ હવે જાહેર કરાયેલી ટીમમાં તેમના નામ નથી.

સિરીઝની પાંચ મૅચ અનુક્રમે કટક, ન્યૂ ચંડીગઢ, ધરમશાલા, લખનઊ અને

(જુઓ પાનું ૨) ▶▶

### ભારતની ટી-૨૦ ટીમ

બૅટ્સમેનઃ સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), અભિષેક શર્મા, તિલક વર્મા

ઑલરાઉન્ડર્સઃ હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર

વિકેટકીપર્સઃ જિતેશ શર્મા (વિકેટકીપર), સંજુ સૅમસન (વિકેટકીપર)

પેસ બોલર્સઃ જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા

સ્પિનર્સઃ કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી

# રૂપિયાનો ફ્રી ફૉલઃ ૯૦ની સપાટી તોડી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીના દબાણ, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં વધારો તેમ જ ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતાઓ વચ્ચે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો તળિયું શોધી રહ્યો હોય તેમ સત્ર દરમિયાન એક તબક્કે ૯૦.૩૦ની અત્યાર સુધીની સૌથી નીચી સપાટી સુધી પહોંચ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૯ પૈસા તૂટીને ૯૦.૧૫ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલી સાધારણ નરમાઈનો અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા પણ ગબડતાં રૂપિયાને અટકાવવા કોઈ પ્રયાસ થયા હોય તેવું જણાયું નહોતું. આજે સત્રના આરંભે ડૉલર સામે

(જુઓ પાનું ૨) ▶▶

# છત્તીસગઢમાં ૧૨ નક્સલવાદી હણાયા, ત્રણ પોલીસ શહીદ

બીજાપુર (છત્તીસગઢ) : છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં થયેલી ભીષણ અથડામણમાં બાર નક્સલવાદી ઠાર મરાયા હતા અને રાજ્ય પોલીસના ખાસ એકમ ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી)ના ત્રણ પોલીસ શહીદ થયા હતા. ડીઆરજીના બીજા બે જવાન સામસામા ગોળીબારમાં ઘાયલ થયા હતા.

આ અથડામણ બીજાપુર-દંતેવાડા જિલ્લાની સરહદે આવેલા જંગલમાં આ સામસામી લડાઈ થઈ હતી. સુરક્ષા ચોકિયાતોની સંયુક્ત ટીમ નક્સલવિરોધી ઑપરેશન પર હતી ત્યારે આ અથડામણ થઈ હતી એવી માહિતી બસતર રેન્જના ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ સુંદરરાજ પટ્ટીલિંગમે આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, દંતેવાડા જિલ્લાને અડીને આવેલા ગંગલૂર વિસ્તારના જંગલમાં સુરક્ષા કર્મચારીઓની સંયુક્ત ટીમ નક્સલ વિરોધી કાર્યવાહી પર હતી ત્યારે અથડામણ થઇ હતી. રાજ્ય

(જુઓ પાનું ૨) ▶▶

# પુતિન આજે આવે છેઃ સંરક્ષણ કરારો, દ્વિપક્ષી વેપાર પર ફોકસ

નવી દિલ્હીઃ રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન ગુરુવારે ભારતની બે દિવસની મુલાકાતે આવશે અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી પુતિનના માનમાં ખાનગી ભોજન સમારોહ રાખશે. ભારતના અમેરિકા સાથેના સંબંધોમાં ખટાશ આવી છે એની પાર્શ્વભૂમિમાં પુતિન ભારત સાથેની દ્વિપક્ષી વ્યૂહાત્મક અને આર્થિક ભાગીદારી મજબૂત બનાવે છે. સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધારવા અને અમેરિકાના પ્રતિબંધથી દ્વિપક્ષી વેપારને સંરક્ષણ આપવા સહિતના મુદ્દા આ બેઠકના મુખ્ય એજન્ડા પર હશે. આ મુલાકાત પર પશ્ચિમી દેશો અને અમેરિકાની નજર

(જુઓ પાનું ૨) ▶▶

# ૧૯ દેશના વસાહતીઓને ગ્રીન કાર્ડ આપવાનું બંધ કર્યું અમેરિકાએ

વૉશિંગ્ટનઃ ટ્રમ્પ વહીવટીતંત્રે આ વર્ષની શરૂઆતમાં અમેરિકાની મુસાફરી કરવા પર જેમના પર પ્રતિબંધ મુક્યો હતો એ ૧૯ દેશના લોકોને ગ્રીન કાર્ડની વિનંતી જેવી અરજી સ્થગિત કરી છે. નેશનલ ગાર્ડના બે જવાન પર ગોળીબાર કરવાના બનાવના સંદર્ભમાં વસાહતીની પ્રોસેસમાં આમૂલ પરિવર્તન કરવામાં આવ્યું છે. યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસની વેબસાઈટ

(જુઓ પાનું ૨) ▶▶




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નહેરુ ખરેખર બાબરી મસ્જિદ બાંધવા માગતા હતા?

**ભાજપ** હમણાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી ઉજવી રહ્યો છે ને તેના ભાગરૂપે ગુજરાતમાં એકતા માર્ચ કાઢી છે. એકતા માર્ચમાં ભાગ લેવા માટે ગુજરાત પધારેલા કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે એક ચોંકાવનારો દાવો કરી નાખ્યો. રાજનાથસિંહના કહેવા પ્રમાણે, જવાહરલાલ નહેરુ સરકારી ખર્ચે અયોધ્યામાં બાબરી મસ્જિદ બંધાવવા માગતા હતા પણ સરદાર વલ્લભભાઈ પટેલે ઉગ્ર વિરોધ કર્યો એટલે નહેરુની મનની મનમાં રહી ગઈ, બાકી કૉંગ્રેસ શાસનમાં જ જ્યાં અત્યારે ભવ્ય રામમંદિર ઉભું છે ત્યાં બાબરી મસ્જિદ ઉભી થઈ ગઈ હોત. રાજનાથના કહેવા પ્રમાણે, નહેરુએ સોમનાથના મહાદેવના મંદિરના જીર્ણોધ્ધાર માટે સરકારી નાણાંનો ઉપયોગ થઈ રહ્યો હોવાનો મુદ્દો પણ ઉઠાવેલો પણ સરદાર પટેલે નહેરુની એમ કહીને બોલતી બંધ કરી દીધેલી કે, સોમનાથ મંદિરના નિર્માણ માટેના ૩૦ લાખ રૂપિયા લોકોના દાનમાંથી આવ્યા છે, સરકારી તિજોરીમાંથી નહીં.

રાજનાથનું નિવેદન ભાજપના નેતા નરાતર જૂઠાણાં ફેલાવીને લોકોના માનસમાં ઝેર ભરવામાં કેવા પાવરધા છે તેનો વધુ એક નાદાર નમૂનો છે. નહેરુ સરકારી ખર્ચે બાબરી મસ્જિદ બનાવવા માગતા હતા ને સરદારે તેનો વિરોધ કર્યો તેનો કોઈ રેકોર્ડ જ નથી. બલ્કે નહેરુના કારણે જ આ મુદ્દો કોર્ટમાં ગયો અને કોર્ટે જ હિંદુઓને રામમંદિર સંકુલ આપ્યું. ૧૯૪૯માં સંકુલમાંથી ભગવાન રામની મૂર્તિઓ મળી પછી ફૈઝાબાદના કલેક્ટર કે.કે. નાયરને નહેરુએ યથાવત સ્થિતિ જાળવી રાખવા કહેલું.

નાયરે ધાર્મિક લાગણીઓ ભડકે અને તોફાનો ના થાય એ માટે આ મુદ્દો કોર્ટને સોંપવા કહેલું. નહેરુએ આ વાત સ્વીકારી અને મામલો કોર્ટમાં ગયો. ભગવાન રામ સહિતની મૂર્તિઓની આગળ જાળી લગાવીને તેનું રક્ષણ કરવાનું નાયરનું સૂચન પણ નહેરુએ સ્વીકારેલું. આ સત્તાવાર રેકોર્ડ પરની વાત છે, ભાજપના નેતાઓ દ્વારા કહેવાતો મૌખિક ઈતિહાસ નથી. સરદાર પટેલ બહુ મોટા હતા, મહાન હતા પણ તેમને મહાન બતાવવા માટે નહેરૂને નીચા બતાવવાની ગંદી રમત ભાજપ રમી રહ્યો છે એ આઘાતજનક છે.

રાજનાથસિંહે એમ પણ કહ્યું કે, નરેન્દ્ર મોદી અને ભાજપે સરદાર પટેલને યોગ્ય સન્માન આપ્યું છે. મોદીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી બનાવીને સરદાર પટેલ તરફ આદર બતાવ્યો. રાજનાથે હુંકાર પણ કર્યો કે, ભાજપ છે ત્યાં સુધી સરદાર પટેલનું નામ ભૂંસવાના પ્રયત્નો સફળ નહીં થાય.

રાજનાથસિંહની વાત હાસ્યાસ્પદ છે. ભાજપ સરદાર પટેલની વાતો કરે છે અને કૉંગ્રેસે સરદાર પટેલને અવગણે એ વાત પણ સો ટકા સાચી છે પણ ભાજપ કે મોદીને સરદાર પટેલ તરફ અપાર આદર છે એ વાત ખોટી છે. ભાજપનો સરદાર પટેલ માટેનો પ્રેમ રાજકીય સ્વાર્થવશ છે અને મોદીએ પણ કૉંગ્રેસની જેમ પોતાનું નામ મોટું કરવાના સ્વાર્થમાં સરદાર પટેલનું નામ ભૂંસ્યું જ છે. અમદાવાદમાં ઊભેલું વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તેનો આખી દુનિયાને દેખાય એવો નમૂનો છે.

મોટેરામાં આવેલું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ૧૯૮૦ના દાયકામાં બંધાયું ત્યારે તેનું નામ ગુજરાત સ્ટેડિયમ હતું. પછી દેશની એકતાના શિલ્પી ને ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલના નામ પરથી તેનું નામ સરદાર પટેલ ગુજરાત સ્ટેડિયમ કરાયેલું, અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ છે જ કે જ્યાં ૧૯૮૨માં ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે વન ડે મેચ રમાયેલી. આ બંને સ્ટેડિયમનાં નામોમાં ગૂંચવાડો ના થાય એટલે નવા સ્ટેડિયમનું નામ સરદાર પટેલ ગુજરાત સ્ટેડિયમ રખાયું હતું.

થોડાંક વરસો પહેલાં આ સ્ટેડિયમ તોડીને નવું સ્ટેડિયમ બનાવાયું ને તેનું નામ બદલીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કરી દેવાયું. મતલબ કે, સરદાર પટેલનું નામ ભૂંસીને તેના સ્થાને નરેન્દ્ર મોદીના નામની તકતી લગાવી દેવાઈ. ભાજપ અને મોદીએ આ હરકત દ્વારા સરદાર પટેલ તરફ કેવો આદર બતાવ્યો એ રામ જાણે પણ આ હરકત કૉંગ્રેસની હરકતોથી કોઈ રીતે અલગ નથી.

ભાજપે ભૂતકાળમાં પણ આવું અપકૃત્ય કર્યું જ છે. ૧૯૯૦ના દાયકામાં ભાજપના નેતાઓએ અમદાવાદ એરપોર્ટને સરદાર વલ્લભભાઈ પટેલનું નામ આપવા સામે વિરોધ કરેલો. શંકરસિંહ વાઘેલા એ વખતે મુખ્યમંત્રી હતા ને દેવ ગૌડા વડા પ્રધાન હતા. શંકરસિંહ સરકારે અમદાવાદ એરપોર્ટને સરદાર વલ્લભભાઈ પટેલનું નામ આપવાની દરખાસ્ત મૂકી તેને દૈવ ગૌડાએ મંજૂર કરી નાખી હતી. ભાજપે તેનો ઉગ્ર વિરોધ કરેલો. ગુજરાતનાં પહેલાં મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સહિતની ભાજપની મહિલા નેતાઓ બ્લાઉઝમાં છુપાવીને કાળા વાવટા લઈને એરપોર્ટ પહોંચેલી ને ગૌડા સામે વિરોધ કરેલો કેમ કે ભાજપ અમદાવાદ એરપોર્ટનું નામ તેના પૂર્વાવતાર જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખરજીના નામ પરથી આપવા માગતો હતો.

આ બંને બહુ જાણીતી ઘટનાઓ છે ને તેના પરથી જ ભાજપને ખરેખર સરદાર પટેલ તરફ કેવો ને કેટલો આદર છે તેની ખબર પડી જાય. મોદીએ નામના મોહમાં સરદાર પટેલનું નામ ભૂંસી નાખ્યું એ નજર સામે છે એ જોતાં સરદાર પટેલને ભાજપે યોગ્ય સન્માન આપ્યું એ વાત માની ના શકાય. કૉંગ્રેસે સરદાર પટેલના યોગદાનને અવગણીને એ મોટા ના થાય એવા કારસા કર્યા હોવાના આક્ષેપો ભાજપ એકાદ દાયકાથી કર્યા કરે છે. સરદાર પટેલના યોગદાનને ભાજપે લોકો સુધી પહોંચાડ્યું એવો દાવો પણ ભાજપ કરે છે.

આ બંને વાત સાચી છે પણ સામે સરદાર પટેલના નામનો ભાજપે વિરોધ કરેલો ને સ્ટેડિયમમાંથી તો સરદાર પટેલનું નામ જ ભૂંસી નખાયું એ વાત પણ સાચી છે. સ્ટેડિયમની બાજુમાં આવેલા સ્પોર્ટ્સ સંકુલનું નામ હજુ સરદારના નામે છે પણ વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ સાથે જોડાયેલું સરદાર પટેલનું નામ ભૂંસી દેવાયું એ સરદાર પટેલના ચાહકોનો આત્મા કકળી ઊઠે એવી વાત છે. સ્ટેડિયમને સરદાર પટેલનું નામ ભાજપે નહોતું આપ્યું પણ ભાજપે ભૂંસી ચોક્કસ નાખ્યું. તેના પરથી જ ભાજપનો સરદાર પ્રેમ સમજી જાઓ. ભાજપે રાજકીય સ્વાર્થ ખાતર તો રાજકીય સ્વાર્થ ખાતર પણ સરદારને ફરી યાદ કર્યા ને તેમના યોગદાનને લોકો સુધી પહોંચાડવાની કોશિશ કરીને તેમનું નામ ફરી રમતું કર્યું તેની પણ નોંધ લેવી જ જોઈએ. બાકી કૉંગ્રેસે સરદાર પટેલનું નામોનિશાન ભૂંસાવી દેવા બનતું બધું જ કરેલું. કૉંગ્રેસ નહેરુ-ગાંધી ખાનદાનની બાપીકી પેઢી બની ગઈ પછી બધા નેતાઓને હાંસિયામાં ધકેલીને ખાનદાનનું મહિમાગાન થયું. સરદાર પટેલ પણ તેમાંથી એક હતા તેથી કૉંગ્રેસનું પાપ મોટું છે. આ કારણે ભાજપે સરકાર પટેલ તરફ બતાવેલા અનાદરની બે-ચાર ઘટનાઓને યાદ નથી રાખતા. સામાન્ય લોકોનું ઈતિહાસનું જ્ઞાન મર્યાદિત હોય છે અને યાદદાસ્ત પણ ટૂંકી હોય છે તેથી પણ આ બધી વાતો ભૂલાઈ ગઈ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, ગુરુવાર, તા. ૪-૧૨-૨૦૨૫, વ્રતની પૂનમ, શ્રી દત્તાત્રેય જયંતી, બહુચરાજીનો મેળો,

- ભારતીય દ્ગિનાંક ૧૩, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ સુદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૪મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર કૃત્તિકા બપોરે ક. ૧૪-૫૩ સુધી, પછી રોહિણી
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૮, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૦-૩૯, રાત્રે ક. ૨૩-૫૧
- ઓટઃ સાંજે ક. ૧૬-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૧ (તા. ૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - ચતુર્દશી. વ્રતની પૂનમ, શ્રી દત્તાત્રેય જયંતી, પૂર્ણિમા ક્ષય તિથિ છે. બહુચરાજીનો મેળો, લવણદાન, કૃત્તિકા દીપમ, અન્વાધાન, હુથરીકુર્ગ, ભદ્રા ક. ૦૮-૩૮થી ક. ૧૮-૪૧.
- શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સૂર્ય-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ઉંબરાના વૃક્ષનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, શ્રી દત્તજયંતી ઉત્સવ, પૂજા, ગામેગામ સર્વત્ર શ્રી દત્તમંદિરોમાં વિશેષ પૂજા, માલ વેંચવો, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, માલ વેંચવો, પશુ લેવડદેવડ.
- આચમનઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ પરિવાર સાથેના વ્યવહારમાં સાવચેતી રાખવી. ચંદ્ર-રાહુ ચતુષ્કોણ મતલબી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ, પૂર્ણિમા યોગ (તા. ૫), ચંદ્ર-રાહુ ચતુષ્કોણ (તા. ૫)
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-તુલા, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-વૃશ્ચિક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# એક મુસલમાનની ઓળખઃ ભલાઈ કરનેવાલે ભલાઈ કીયે જા

**સૃષ્ટિના** સર્જનહારનો એ નિયમ રહેવા પામ્યો છે કે, ઈન્સાન જ્યારે આ જગતમાં આંખો ખોલે છે ત્યારે એ સ્ત્રી હોય કે પુરુષ, તેને બીજા માનવીઓથી હળીમળીને રહેવું પડતું હોવાથી, શરીઅત (ઈસ્લામી કાયદા-કાનૂન-નિયમ)નો તેની ઉમ્મત (પ્રજા, અનુયાયીઓ)ને હુકમ છે કે માનવ માત્રના હક્ક (અધિકાર, સત્ય)નું ધ્યાન રાખો.

- એકબીજાના અધિકાર, વાજબીપણા પર તરાપ મારવાથી ક્યામત્ (ન્યાયના દિવસ)માં મોટી મુસીબતો- તકલીફો-કષ્ટોનો સામનો કરવો પડશે.

- પયગંબર (સંદેશવાહક) હઝરત મુહંમ્મદ સાહેબ કહે છે કે-

* 'જેણે મનુષ્ય (પછી તે કોઈ પણ જ્ઞાતિ-કોમ-જાતીનો કેમ ન હોય) તેના પર જુલમ (યાતના) ગુજાર્યો કર્યો હોય.'

* 'આબરૂ- ઈજ્જત-પ્રતિષ્ઠા લૂંટી હોય,* એના હક્ક-અધિકારોની અવગણના કરી હશે તો આજથી જ એ દિવસથી પૂર્વે જ્યારે પાસે ન પાઈ-પૈસો હશે એનાથી પોતાનો જીવ-જાન છોડાવી લે.

* 'અહીં ખુલાસો જો કરી લેવામાં ન આવ્યો તો * નેક (સારો-શુભચિંતક) અમલ (કર્મ) હશે તો ક્યામત્ (પરલોકના-ન્યાય)ના દિવસે જુલમની બરોબર એને આપી દેવામાં આવશે અને'

* 'જેના હક્કોની અવગણના કરવામાં આવી હશે એની જો નેકીઓ-ભલાઈઓ નહીં હોય તો જેના ઉપર જુલમ થાયે છે-અધિકાર પચાવી પાડવામાં આવ્યો છે એની સઘળી બૂરાઈ-ખરાબીઓ લઈને જાલિમ પર થોપી દેવામાં આવશે.'

- હુઝૂરે અનવર-સલ.ની આ હદીસ કથન-આચરણથી સ્પષ્ટ થાય છે કે માત્ર કોઈના પૈસાટકાને દબાવી દેવા- ખૂંચવી લેવા એમાં જ જુલમ નથી. બલ્કે,

* કોઈને ભૂંડું બોલવું, * ગાળ આપવી, * આરોપ મૂકવો, * નીંદા કરવી,

* ઈજ્જત-આબરૂ પર બટ્ટો લગાવવો એ પણ જુલમ છે. અને હક્કો-અધિકારો પર તરાપ મારવા સમાન છે. ઘણા આ સચ્ચાઈને સમજે છે- આત્મસાત્ કરી લીધી છે છતાં કલયુગની એ કમાલ રહી છે કે એનાથી બચવાના પ્રયાસ કરાતા નથી. એને કમનસીબી ન સમજવી તો બીજું શું સમજવું?

હઝરત સુફિયાન (રહે.)નું કથન છે કે,

- 'ઈન્સાન જો અલ્લાહતઆલાની સિત્તેર નાફરમાનીઓને લઈને ક્યામત (ન્યાયનો દિવસ)માં પહોંચે તો એનો આ ગુનો-અપરાધ એથી ઘણો હળવો હશે કે એ કોઈના એક હક્ક-અધિકારને લઈને મેદાને હક્કમાં જાય. આથી લોકોના હક્કોનું ધ્યાન રાખવું મુસલમાન બંદા માટે બેહદ જરૂરી-આવશ્યક છે.'

પયગંબર હુઝૂરે અનવર (સ.)ને ઈમાન લાવનારા કેટલાક સહાબી (સાથી-સંગાથી)ઓએ અરજ કરી કે, 'યા અલ્લાહના રસૂલ (સ.)!'

- 'મુફલિસ અર્થાત્ તંગદસ્ત-ગરીબ કોણ છે?'

- આપ હુઝૂરે ફરમાવ્યું, 'અસલ ગરીબ મારી ઉમ્મત (પ્રજા-અનુયાયી)માં એ છે કે જે ક્યામતના દિને'

* 'નમાઝ, રોજા, ઝકાતની પૂંજી લઈને આવશે અને એ દશામાં આવશે કે દુનિયામાં એણે કોઈને

* ગાળ ભાંડી હોય, * કોઈના પર તહોમત-આરોપ મૂક્યો હોય,

* કોઈનો માલ ખાધો હોય,

* કોઈની કત્લ (ખૂન) કર્યું હોય, એને નાહક માર્યો હોય...

* ... આથી એની નેકી (પ્રમાણિકતા-સજ્જનતા-સત્યતા)ઓમાંથી કંઈક એમને આપવામાં આવશે.

* 'જો હક્ક અદા કર્યા પૂર્વે એની નેકીઓ ખતમ્ થઈ જશે તો હક્કદારોના ગુનાઓ લઈને હક્ક પર તરાપ મારનારાઓનાં શિરે થોપી દેવામાં આવશે અને પછી એને દોઝખ (નર્કાગાર)માં ફેંકી દેવામાં આવશે.'

બોધઃ

* જો કોઈનો તમારા પર કશો હક્ક હતો અને એ વ્યક્તિનું અવસાન થઈ ગયું તો તમે એના વારસોને એના હક્ક આપી દો.

* જો કોઈ વ્યક્તિ પોતાનો હક્ક, પોતાનું લેણું ભૂલી ગયો હોય કે જેનું લેણું મરનારા પર એટલે કે તમારા પર હતું અથવા યાદ છે, પરંતુ સંકોચ કે કશા દબાણને કારણે એ માગતો નથી તો એના હક્ક-લેણાંને દબાવી રાખવું અયોગ્ય છે- ખોટું છે. તમે પોતે સામે ચાલીને એને એનો હક્ક અદા કરી દો- કોઈના દ્વારા તે મોકલી આપો.

### પથ્થર કી લકિરઃ

છળ પ્રપંચો, જૂઠના વહેવાર મીઠું ઝેર છે,
એ ઝેર શ્વાસે શ્વાસમાં ઘૂંટાય એ સારું નથી. જાન લેવા છે.

* મુસીબત-આફતમાં મુકાયેલો માનવી અલ્લાહની મસલેહત, ભેદ, જ્ઞાનને હસ્તા મોઢે સ્વીકારી લે અને કોઈને દાદ-ફરિયાદ કરે નહીં અને અલ્લાહનો આભાર કરે.

*** *** ***

### બાવળ વાવીએ તો આંબા ક્યાંથી ઉગે?

તાજેતરમાં દેશના એક પ્રગતિકર્તા રાજ્યમાં જવાનું થયું ત્યાં વેપારી મિત્રો સાથે વાતચીત દરમિયાન એક ભાઈએ પ્રશ્ન કરેલ કે,

- વેપારધંધાની કઈ લાઈનમાં સૌથી વધારે અને સરળતાથી નાણાં મેળવી શકાય?

- એક અનુભવી વેપારી મિત્રે તરત જવાબ આપ્યો કે, એક તો નશાના ધંધામાં અર્થાત્ સિગારેટ, પાન-બીડી-તંબાકુ-ગુટકા-હુક્કાપાર્લર તેમ જ દારૂ-શરાબ જેવા વેપારમાં અને બીજું ધર્મના નામે ધતીંગ કરીને વગર મહેનત-પૈસે નાણાં સરળતાથી ઊભા કરી શકાય. આમાં સૌથી સરળ 'ધર્મના નામ'...નો છે.

- અને ખરેખર એ અનુભવી વેપારી મિત્રની વાત મને સાચી લાગી.

* દુનિયાના લગભગ દેશોમાં - દરેક કોમ-જમાતોમાં ધર્મના કહેવાતા રખેવાળો દુકાનો લઈને બેસી ગયા છે અને અઢળક નાણાં કમાય છે.

* સરળતાથી નાણાં ઊભા કરવા માટે બાવા, ફકીર, સાધુ-સંતોને તો આ ધર્મનું સાધન (અંધશ્રદ્ધાળુઓને ભ્રમ જાળમાં ફસાવવા) ઘણું કામ આવે છે.

* આપણે આપણા ભારત દેશની જ વાત કરીએ તો આપણો દેશ ગરીબીમાંથી ઊંચો કેમ આવતો નથી?

* કરોડો લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. * રહેવાને ઘર નથી, * ખાવાને અન્ન નથી... * અંધશ્રદ્ધા પાછળ નાણાંનો બેસુમાર ઉપયોગ અને વ્યય થાય પછી ગરીબી દૂર કેવી રીતે થાય?

- ધર્મના નામે ખર્ચાતા આ અઢળક નાણાંનો લોકોની ભલાઈ માટે ઉપયોગ કરવામાં આવે તો આપણો દેશ ગણતરીના સમયમાં સમૃદ્ધ બની જાય.

- દુનિયામાં સૌથી વધારે લડાઈ-ઝઘડા-યુદ્ધ અને ખૂનખરાબી ધર્મના મતભેદોને લીધે થાય છે.

- પશ્ચિમના દેશોના સમાજે ધર્મના બંધનો ફગાવી દીધા છે અને પૂર્વના શ્રદ્ધાળુ-ઈમાની લોકો કરતા પોતે સુધારાવાદી હોવાનો દાવો કરે છે, પરંતુ તેઓનો ઈતિહાસ પણ ધર્મ-યુદ્ધોના જુલ્મોથી ખરડાયેલો છે.

- પૂર્વની પ્રજા ધાર્મિક મતભેદ અને જાતિવાદના ઝઘડામાં શક્તિ, સમય અને નાણાંના ગુનાહિત વ્યય કરીને ખુવાર થાય છે.

'મઝહબ નહીં શીખાતા આપસમેં બેર રખના'ની પંક્તિ જે દેશમાં ગવાય છે એ દેશમાં તો ધર્મના નામે કોઈ મતભેદ હોવા જ ન જોઈએ.

- આપણી વિશ્વવિખ્યાત પ્રાચીન સંસ્કૃતિ,

- આપણા ઉચ્ચ સંસ્કારો શું ભૂતકાળ બની જશે?

- આપણો સમાજ આજે ધર્મના ખોટા આચરણ અને સેતાન નામે ઈબ્લીશની ગુનાહિત દોરવણીમાં અટવાયો જ રહેશે?

- આપણો યુવાવર્ગ ફેશન, ફિલ્મ, હિંસા અને એવા ગેરઈસ્લામી કૃત્યો તરફ ઝડપથી આગળ ધસી રહ્યો હોવાનું એક અભ્યાસ સ્પષ્ટ કરે છે.

- સમાજના આ અંધકારમય ભાવિનું ચિત્ર એટલા માટે દોર્યું છે કે આપણે તેના પરિણામોની ગંભીરતા સમજીને - તેનાથી બચવાના ઉપાયો વિચારીએ... અમલમાં મૂકીએ.

*** *** ***

### બોધઃ

- લોકોને નેક (સજ્જન) અને પરહેઝગાર (સદાચાર) બનવું હોય તો અલ્લાહે જે હીદાયત (આજ્ઞા) કરી છે કે, 'સૌ પ્રથમ મને એક સર્વશક્તિમાન માનો...'ને દિલોજાનથી અનુસરો!'

- 'મારા પર તમારું ઈમાન (આસ્થા) મજબૂત હશે તો મારા પયગંબર અસનાદ (સત્યવાદી) હુઝૂર (માનવંત) અનવર (તેજસ્વી, જ્વલંત પ્રકાશ) સલ્લલાહો અલયહિ સલ્લામ (ખુદા તમારા પર સદા રાજી રહે-તમારું રક્ષણ કરે) એ બતાવેલા આદેશો પર તમે અમલ (આચરણ, વ્યવહાર) કરી શકશો અને તે આદેશો પણ તમારી ભલાઈ માટે અને બુદ્ધિ કબૂલ કરે તેવા સરળ છે.'

- અલ્લાહ ફરમાવે છે કે,

- 'હું એક નેકી (પ્રમાણિકતા)ને બદલે દસ નેકી (ભલાઈ) કબૂલ રાખીશ અને જન્નત- (સ્વર્ગ)માં તેનો ભરપૂર બદલો આપીશ.'

- આ દુનિયાની જિંદગી કરતાં આખેરત (મૃત્યુ-લોકના અમર જીવન)ની જિંદગી કાયમી અને દઃખોથી પર છે-

*** *** ***

### સાપ્તાહિક સંદેશઃ

* જીભ માંડ બે અઢી ઈંચની હોય છે, પણ એ પાંચ-છ ફૂટના માનવીને ફેરવે છે. * જીભમાં હાડકું નથી, પણ એ અનેક લોકોના હાડકા ભંગાવે છે અને * કેટલાક લોકોની જીભ તલવાર જેવી હોય છે. ક્યારેક એ એમના પોતાના જીવનનો નાશ કરી નાખે છે.

## પહેલા પાનાનું ચાલુ

### ગિલ વાઈસ-કેપ્ટન

અમદાવાદમાં રમાશે. સિલેક્શન કમિટીની રાયપુરમાં બુધવારે મીટિંગ યોજાઈ હતી જેમાં આ ટીમ નક્કી કરવામાં આવી હતી. ટી-૨૦નો વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્મા આ ટીમનું સૌથી મોટું આકર્ષણ છે. ટેસ્ટ અને વન-ડેમાં ચમકી રહેલો રવીન્દ્ર જાડેજા ટી-૨૦માંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે.

પાંચ ટી-૨૦ મૅચનું શેડ્યૂલ

(૧) મંગળવાર ૯મી ડિસેમ્બર, પ્રથમ ટી-૨૦, કટક, સાંજે ૭.૦૦

(૨) ગુરુવાર ૧૧મી ડિસેમ્બર, બીજી ટી-૨૦, ન્યૂ ચંડીગઢ, સાંજે ૭.૦૦

(૩) રવિવાર ૧૪મી ડિસેમ્બર, ત્રીજી ટી-૨૦, ધરમશાલા, સાંજે ૭.૦૦

(૪) બુધવાર ૧૭મી ડિસેમ્બર, ચોથી ટી-૨૦, લખનઊ, સાંજે ૭.૦૦

(૫) શુક્રવાર ૧૯મી ડિસેમ્બર, પાંચમી ટી-૨૦, અમદાવાદ, સાંજે ૭.૦૦

### છત્તીસગઢમાં

પોલીસના બંને એકમો, ડીઆરજી અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને કોબ્રા (સીઆરપીએફનું એક વિશિષ્ટ એકમ - રિઝોલ્યુટ એક્શન માટે કમાન્ડો બટાલિયન) ના જવાનો આ કામગીરીમાં સામેલ હતા, એમ તેમણે જણાવ્યું હતું. ઘાયલ જવાનને સારવાર માટે બહાર કાઢવામાં આવ્યો છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. તાજેતરની કાર્યવાહી સાથે, આ વર્ષે છત્તીસગઢમાં અત્યાર સુધીમાં ૨૬૮ નક્સલી એન્કાઉન્ટરમાં માર્યા ગયા છે.

તેમાંથી, બીજાપુર અને દાંતેવાડા સહિત સાત જિલ્લા ધરાવતા બસ્તર ડિવિઝનમાં ૨૩૯ નક્સલીનો ખાત્મો કરવામાં આવ્યો હતો, જ્યારે રાયપુર ડિવિઝનમાં આવતા ગારિયાબંદ જિલ્લામાં ૨૭ અન્ય નક્સલી માર્યા ગયા હતા. દુર્ગ ડિવિઝનના મોહલા-માનપુર-અંબાગઢ ચોકી જિલ્લામાં બે નક્સલી માર્યા ગયા હતા.(એજન્સી)

### પુતિન આજે

છે ત્યારે ભારત અને રશિયા સંરક્ષણ સંબંધોને સુદૃઢ બનાવવા માગે છે અને બાહ્ય દબાણ સામે ટકી શકે એવો વેપાર સંબંધ બાંધવા માગે છે. નાના મોડ્યુલર રીએક્ટરમાં સહકાર અંગે પણ વિચાર કરાશે. પુતિન ગુરવારે બપોરે સાડાચાર વાગ્યે નવી દિલ્હી આવશે અને કલાકો બાદ મોદી તેમના માનમાં ખાનગી ભોજન સમારોહ રાખશે. પુતિને મોદીની ગયા જુલાઈની બેઠકમાં પણ આવો સમારોહ રાખ્યો હતો. રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યા બાદ શુક્રવારે પાંચ ડિસેમ્બરે આ બેઠક યોજવામાં આવશે. આ ઉપરાંત બંને દેશ વચ્ચેના ચાવીરૂપ સંરક્ષણ સોદાને રશિયાની સંસદે મંજૂરી આપી દીધી છે, એમ તેમણે કહ્યું હતું. રશિયા પાસેથી ઊર્જા અને લશ્કરી ઉપકરણોની ખરીદી ઘટાડવા અમેરિકા દ્વારા ભારત પર કરવામાં આવી રહેલા દબાણ વચ્ચે આ બેઠક સંરક્ષણ ક્ષેત્ર રશિયા સાથે સંરક્ષણ અને આર્થિક કરાર કરી વ્યૂહાત્મક રીતે સ્વાયત્તતા જાળવી રાખવાની ભારત માટે તકસમાન હશે. (એજન્સી)

### ૧૯ દેશના

પર મંગળવારે મૂકવામાં આવેલા પૉલિસી મેમોમાં આ ફેરફારોનો ઉલ્લેખ છે. આ સ્થગન વસાહત સંબંધિત વ્યાપક નિર્ણયોને લાગુ પડશે જેમાં ૧૯ દેશના લોકની ગ્રીન કાર્ડ અરજીઓ કે નાગરિકીકરણનો સમાવેશ થાય છે. ટ્રમ્પ વહીવટીતંત્રે આ ૧૯ દેશને અતિશય જોખમી ગણાવ્યા છે. વહીવટીતંત્રે ૧૨ દેશના નાગરિકોના અમેરિકાની યાત્રા પર પ્રતિબંધ મુક્યો છે અને બીજા સાત દેશના લોકો પર અંકુશો મુક્યા છે. સંપૂર્ણ પ્રતિબંધ અફઘાનિસ્તાન, મ્યાનમાર, રિપબ્લિક ઑફ કોન્ગો, ઈક્વોટરિયલ ગીના, એરિટ્રેઆ, હૈતી, લિબીયા, સોમાલિયા સુદાન અને યમેનના લોકો પર મુકાયો છે. જ્યારે બુરાન્ડી. ક્યુબા, લાઓસ, સિએરા લેઓને, ટોગો, તુર્કમેનિસ્તાન અને વેનેઝુએલાના લોકો પર અંકુશો મૂકવામાં આવ્યા છે. (એજન્સી)

### ઈન્ડિગોએ

બહાર જઈ રહી હોવાનું જણાવતાં ઍરલાઈન્સે કહ્યું હતું કે પાઈલટોની અછતને કારણે ઈન્ડિગોની ફ્લાઈટનાં ઉડ્ડયનનું પ્રમાણ પ્રતિસ્પર્ધી અલાયન્સ ઍર અને સ્પાઈસજૅટ કરતાં પણ ઘટીને ૩૫ ટકા જેટલું થઈ ગયું છે. ટૅક્નિકલ મુદ્દા, ઍરપોર્ટ પરની ભીડ સહિતના કારણોસર ઈન્ડિગો ઍરલાઈન્સની ફ્લાઈટ સરેરાશ સાતથી આઠ કલાક મોડી પડી રહી છે. વહેલામાં વહેલી તકે પરિસ્થિતિ સામાન્ય બનાવવા અમારી ટીમ કામ કરી રહી છે. અસરગ્રસ્ત પ્રવાસીઓને વૈકલ્પિક ફ્લાઈટનો તેમ જ રિફંડનો વિકલ્પ આપવામાં આવી રહ્યો છે. (એજન્સી)

### રૂપિયાનો ફ્રી

રૂપિયો ગઈકાલના ૮૯.૯૬ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૯.૯૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૩૦ અને ઉપરમાં ૮૯.૯૩ની રેન્જમાં અથડાઈને સત્રના અંતે ૧૯ પૈસાના ઘટાડા સાથે ૯૦.૧૫ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે સટ્ટોડિયાઓ દ્વારા વેચાણો કપાયા હોવાથી રૂપિયામાં ૪૩ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો.

એકંદરે વિદેશી રોકાણકારોના વેચવાલીની દબાણ છતાં વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવવાની સાથે ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતાને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો, પરંતુ ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલી નરમાઈને કારણે રૂપિયામાં તીવ્ર કડાકો અટક્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડતેલના વધતા ભાવ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેમ જણાય છે. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ડૉલરની નબળાઈ રૂપિયાને ટેકો આપે તેમ હોવાથી રૂપિયાની રેન્જ ૮૯.૮૦થી ૯૦.૫૦ની રહે તેમ જણાય છે.

જોકે, ફિનરેક્સ ટ્રેઝરી ઍડ્વાઈઝર્સના એક્ઝિક્યુટીવ અને ટ્રેઝરી હેડ અનિલ કુમાર ભણસાળીએ જણાવ્યું હતું કે જો આજે રિઝર્વ બૅન્કે હસ્તક્ષેપ ન કર્યો હોત તો રૂપિયો ૯૦.૩૦ની સપાટી પણ પાર કરી ગયો હોત. દરમિયાન આજે નવેમ્બર મહિનાનો સિઝનલી એડજસ્ટેડ એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ આંક આગલા ઑક્ટોબર મહિનાના ૫૮.૯ સામે વધીને ૫૯.૮ની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ હતા. વધુમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધ્યા મથાળેથી ૦.૯૧ ટકા ઘટીને બેરલદીઠ ૬૩.૦૨ ડૉલર આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૦ ટકા ઘટીને ૯૯.૧૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાના અહેવાલ છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૧.૪૬ પૉઈન્ટનો અને ૪૬.૨૦ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૬૪૨.૩૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો.

# ભાવનગરમાં હૉસ્પિટલમાં વિકરાળ આગઃ નવજાત શિશુઓ સહિત ૧૯ લોકોનું રેસ્ક્યૂ






ભાવનગરઃ શહેરના કાળાનાળા વિસ્તારમાં સમીપ કોમ્પ્લેક્સમાં બેઝમેન્ટમાં લાગેલી આગ સમગ્ર બિલ્ડિંગમાં પ્રસરી જતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ કોમ્પ્લેક્સમાં બાળકોની હૉસ્પિટલ આવેલી છે જેને કારણે દોડાદોડી થઈ ગઈ હતી. લોકોએ અને ફાયરબ્રિગેડના સ્ટાફે નવજાત શિશુઓ સહિત ૧૯ લોકોનું રેસ્ક્યુ કર્યું હતું. આ બનાવથી ભારે અફડાતફડી મચી ગઈ હતી. બનાવ સ્થળે કલેક્ટર સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતા. આગમાં સદ્ભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ પાંચ બાળકો એક સગર્ભા મહિલાને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આગમાં ટૂ વ્હિલરો અને ફોરવીલરો સહિત ૧૦ વાહન સળગી ગયા હતા. ભાવનગર શહેરના કાળાનાળા વિસ્તારમાં આવેલ સમીપ કોમ્પ્લેક્સના બેઝમેન્ટમાં બુધવારે સવારે આગ લાગી હતી. આ આગ ઉપર આવેલ બાળકોની હૉસ્પિટલમાં ફેલાતા આગના ધુમાડા નીકળવા લાગ્યા હતા. ભારે દોડાદોડી મચી ગઈ હતી. આ બનાવની જાણ થતા જ ફાયરબ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ સાથે જ બાળકોની હૉસ્પિટલમાં પહેલા માળે કાચ તોડી સીડી મૂકી બાળકોનું રેસ્ક્યૂ કરાયું હતું. હૉસ્પિટલમાંથી પાંચ બાળકો સહિત ૧૯ લોકોનું રેસ્કયૂ કરાયું હતું. જોકે નવજાત શિશુઓને સારવાર માટે સર ટી. હૉસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે એક સર્ગભા મહિલાને પણ હોસ્પિટલ ખસેડાઈ હતી, જે બાળકોને હૉસ્પિટલમાં ખસેડાયા હતા તે નાઈસ ચિલ્ડ્રન હૉસ્પિટલના હોવાનું જાણવા મળ્યું હતું. આ વિકરાળ આગથી આગના ધુમાડાના ગોટેગોટા ઊડ્યા હતા.

શહેરના અનેક વિસ્તારોમાં આગના ધુમાડા નજરે પડ્યા હતા. લોકોના ટોળેટોળા બનાવ સ્થળે એકઠા થયા હતા. આ વિકરાળ આગને કાબૂમાં લેવા પાંચ ફાયર ફાઇટર અને ૫૦થી વધુ કર્મચારી જોડાયા હતા. ૧૮૦૦૦ લિટર પાણીનો છંટકાવ કરી ફાયરબ્રિગેડના સ્ટાફે આગને કાબૂમાં લીધી હતી. ફાયર ટીમે લોકોનું રેસ્કયૂ કર્યું હતું અને તમામ લોકોને હૉસ્પિટલમાં ખસેડ્યા હતા. બનાવની જાણ થતા જ જિલ્લા કલેકટર ડૉ. મનીષ બંસલ, કમિશનર મીના, જિલ્લા પોલીસ વડા, મેયર ભરતભાઈ બારડ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજુભાઈ રાબડિયા સહિતના અધિકારી-પદાધિકારીઓ દોડી આવ્યા હતા. લોકોના ટોળેટોળા આ બનાવ જોવા એકઠા થયા હતા. આગમાં બાઈક અને મોટરકાર સહિત ૧૦ વાહન સળગી ગયા હતા. શહેરના અનેક વિસ્તારોમાં આગના ધુમાડા નજરે પડ્યા હતા અને ધુમાડાના ગોટેગોટા ઊડ્યા હતા.સમીપ કોમ્પ્લેક્ષમાં ઉપર જવા આવવા માટે એક માત્ર દાદરો છે. અંડરગ્રાઉન્ડ પાર્કિંગમાં લાગેલી આગના ધુમાડાના ગોટા સમગ્ર બિલ્ડિંગમાં ફેલાઈ ગયા હતા. આથી દાદરામાં પણ ધુમાડાના ગોટેગોટા ફેલાયા હતા તેવામાં જો કોઈ દાદરામાં જાય શ્વાસ રુંધાઈ જાય તેવી સ્થિતિ હતી. આથી હૉસ્પિટલમાં બારીના કાચ તોડીને નવજાત શીશુઓને સીડી પરથી નીચે ઉતારાયા હતા. આ સાથે હોસ્પિટલમાં રહેલ અન્ય સંબંધીઓ અને દર્દીઓને પણ આ સીડી માર્ગે જ બહાર કાઢવાની ફરજ પડી હતી.

## ગુજરાતમાં ૬૯,૧૦૨ રેશન કાર્ડ રદ, ઈ-કેવાયસી ન થતાં કાર્યવાહી

અમદાવાદઃ ગુજરાતમાં હાલ ૭૫.૧૭ લાખ જેટલા રેશન કાર્ડધારકો છે. છેલ્લાં છ વર્ષમાં ૬.૩૪ લાખ જેટલા રેશનકાર્ડ વિવિધ કારણસર રદ થયેલા છે. જેમાં આ વર્ષે રદ થયેલા ૬૯૧૦૨ રેશનકાર્ડનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના ખાદ્ય મંત્રાલયે પહેલાથી જ તમામ રેશન કાર્ડધારકોને ઈ-કેવાયસી કરવા અંગે સૂચના આપી દીધી હતી. સરકારે આ માટે રેશનકાર્ડ ધારકોને ડેડલાઇન પણ આપી હતી.

## સાબરમતી સહિત ગુજરાતની આ ૧૦ નદીઓ સૌથી પ્રદૂષિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની જીવનરેખા સમાન નદીઓ આજે ગંભીર પ્રદૂષણનો સામનો કરી રહી છે. તાજેતરમાં ઓક્ટોબર-૨૦૨૫માં જાહેર થયેલા એક રિપોર્ટ મુજબ, રાજ્યની કુલ ૨૫ નદીઓમાં પાણીની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં હૃદયદ્રાવક હકીકત બહાર આવી હતી. આ રિપોર્ટ દર્શાવે છે કે રાજ્યની ૧૦ નદીઓ પ્રદૂષિત હાલતમાં છે, અને તેમાંથી ૪ નદીઓ તો 'પ્રાયોરિટી-૧' એટલે કે સૌથી અત્યંત પ્રદૂષિત શ્રેણીમાં આવે છે.

નદીઓના શુદ્ધિકરણ માટે સરકારે અનેક યોજનાઓ હેઠળ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો હોવા છતાં, પરિણામ સંતોષકારક નથી. આ રિપોર્ટ સૂચવે છે કે નદીઓના શુદ્ધિકરણ પાછળ થયેલો ખર્ચ આખરે પાણીમાં ગયો છે. તપાસ દરમિયાન નદીઓના પાણીમાં બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ (બીઓડી) લેવલ ઘણું વધારે હોવાનું સામે આવ્યું છે, જે ઔદ્યોગિક અને શહેરી કચરાના સીધા નિકાલને કારણે થતા ગંભીર જળ પ્રદૂષણનો સ્પષ્ટ સંકેત આપે છે. રાજ્યની ૧૦ પ્રદૂષિત નદીઓમાં સાબરમતી, ભાદર, ખારી, અમલખાડી, ઢાઢર, વિશ્વામિત્રી, મિંઢોળા, શેઢી, અમરાવતી અને ભોગાવો નદીઓ સામેલ છે. આ ૧૦માંથી ૪ નદીઓ તો અત્યંત પ્રદૂષિત સ્થિતિમાં છે અને પ્રાયોરિટી-૧ની યાદીમાં છે, જેમાં સાબરમતી, અમલખાડી, ખારી અને ભાદર નદીનો સમાવેશ થાય છે.

ખાસ કરીને, વૌઠા પાસેનો સાબરમતી નદીનો પટ્ટો સૌથી ઝેરી ગણવામાં આવ્યો છે. અમદાવાદની આસપાસના વિસ્તારોમાંથી આવતા ઔદ્યોગિક પ્રદૂષણને કારણે સાબરમતીનું પાણી ગંભીર રીતે ઝેરી બની ગયું છે. ભાદર અને ખારી નદી પણ પ્રાયોરિટી-૧માં આવવાથી તેની ગંભીર સ્થિતિ સૂચવે છે. પ્રાયોરિટી-૨માં બે નદીઓ અને પ્રાયોરિટી-૪ તથા ૫માં પણ બે-બે નદીઓનો સમાવેશ થાય છે. આ ગંભીર પ્રદૂષણના કારણે નદીઓનું પાણી હવે પીવાલાયક રહ્યું નથી. એટલું જ નહીં, સિંચાઈ માટે પણ આ પાણીનો ઉપયોગ કરવો જોખમી સાબિત થઈ શકે છે.

નદીઓમાં વધતું જતું બીઓડી લેવલ સીધું જ ઓક્સિજનનું પ્રમાણ ઘટાડે છે. જેના કારણે જળચર ઇકોસિસ્ટમ પર ગંભીર અસર પડી રહી છે. આ પ્રદૂષણને કારણે જળચર જીવો પર પણ ગંભીર જોખમ તોળાઈ રહ્યું છે, અને આવનારા સમયમાં માછલીઓ તેમજ અન્ય જળચર સૃષ્ટિ લુપ્ત થવાની આશંકા છે. સમગ્ર રિપોર્ટ ગુજરાત સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર માટે એક જોરદાર ચેતવણી સમાન છે, જે તાત્કાલિક અને કડક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

## ભચાઉ નજીક ટ્રક અને મીની ટેમ્પો વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે શ્રમિકોનાં મોત

ભુજઃ કચ્છના ભચાઉ-ગાંધીધામ નેશનલ હાઇવે પર મિની ટેમ્પો અને ટ્રક વચ્ચે અકસ્માતની ઘટના બની હતી, ટેમ્પાને ટ્રકે પાછળથી ટક્કર મારતા ૨ના મોત ૧૦થી વધુ ઇજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે ઘટના સ્થળે જઈને તપાસ શરૂ કરી છે. આ સમગ્ર કેસમાં અકસ્માતનો ગુનો નોંધાયો છે અને ઈજાગ્રસ્તોની હાલ સારવાર ચાલી રહી છે. બુધવારે કડકડતી ઠંડીની વહેલી સવારમાં ભચાઉ પાસે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આગળ જઈ રહેલા મીની ટેમ્પોને પાછળથી ધસમસતા આવેલા ટ્રકે ટક્કર મારી દેતાં સર્જાયેલા અકસ્માતમાં બે શ્રમિકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં જ્યારે ત્રણને અત્યંત ગંભીર હાલતમાં સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ જીવલેણ દુર્ઘટના અંગે ભચાઉ પોલીસ મથકેથી મળતી પ્રાથમિક માહિતી મુજબ, ભચાઉ તાલુકાના નવી મોટી ચીરઇ ગામ નજીક આવેલી બુંગી નામની કંપનીમાં મજૂરીકામ કરતા ૧૫થી ૧૭ જેટલા શ્રમિકો નાઇટ શિફ્ટ પૂર્ણ કરીને ટેમ્પોમાં બેસીને નજીકના પડામાં આવેલી મજૂર વસાહત તરફ જઇ રહ્યા હતા ત્યારે ભચાઉ નજીક સિમેન્ટના પાઇપ ભરેલા ટ્રકે પાછળથી ટક્કર મારતા ટેમ્પો પલટી જતાં તેની નીચે કચડાઈ જવાથી બે શ્રમિકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે ત્રણ શ્રમિકો ગંભીર રીતે ઘવાતા તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## માવઠાથી થયેલા પાક નુકસાન સામે ૩.૩૯ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં ₹ ૧૦૯૮ કરોડથી વધુની સહાય ચૂકવાઈ: જીતુ વાઘાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતા હેઠળ મળેલી રાજ્ય પ્રધાન મંડળની બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ અંગે માહિતી આપતા પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, કમોસમી વરસાદે રાજ્યના અનેક ખેડૂતોની આશાઓ ઉપર પાણી ફેરવ્યું હતું, તેવા કપરા સમયમાં ગુજરાત સરકારે ખેડૂતોની પડખે અડીખમ ઊભા રહીને સંવેદનશીલતા અને સક્રિયતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

કમોસમી વરસાદમાં ખેડૂતોના પાકને થયેલા નુકસાન સામે તેમને મદદરૂપ થવાના આશય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળની રાજ્ય સરકારે રેકોર્ડબ્રેક સમયમાં પંચ રોજકામ પૂર્ણ કરીને ઐતિહાસિક રૂ. ૧૦,૦૦૦ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું હતું. આ પેકેજ હેઠળ સહાય મેળવવા માટે અરજી પ્રક્રિયા પણ રાજ્ય સરકારે ખૂબ જ ટૂંકા સમયમાં શરૂ કરી દીધી હતી.

રાજ્યનો કોઈપણ નુકસાનગ્રસ્ત ખેડૂત સહાયથી વંચિત ન રહી જાય તે માટે અરજી કરવાની સમયમર્યાદા પણ રાજ્ય સરકારે સાત દિવસ સુધી વધારી છે.

## જિજ્ઞેશ મેવાણીએ વડા પ્રધાન અંગે કરેલી ટિપ્પણી બદલ કૉંગ્રેસ પાસેથી સ્પષ્ટતા મગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને સાંસદ રાહુલ ગાંધી તેમ જ ગુજરાતના કોંગ્રેસના નેતાઓને સંબોધી જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિશે ગુજરાતમાં બોલવામાં આવતી અભદ્ર ભાષા અને ટીપ્પણીઓ વિશે તેઓ પોતાનો મત જાહેર કરે. કોંગ્રેસના વિધાનસભ્ય જિજ્ઞેશ મેવાણીએ વડનગરમાં વડા પ્રધાન મોદી વિશે કરેલી ટીપ્પણી સામે નારાજગી વ્યક્ત કરતા, તેનું નામ લીધા વિના જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે કોંગ્રેસ વડા પ્રધાન વિશે થયેલી આવી ટીપ્પણી અને ભાષા સાથે સહમત છે કે નહીં તે તેમણે ટ્વીટ કરી જનતાને જણાવવું જોઈએ. તેઓ સહમત હોય કે ન હોય તેમણે સ્પષ્ટ કરવું જોઈએ. જનતાએ તેમને ચૂંટીને આ પદ પર બેસાડ્યા છે અને તેઓ અવિરત દેશને ઉન્નતિ તરફ લઈ જઈ રહ્યા છે. લોકશાહી ટીકા અને મજબૂત વિપક્ષને ભાજપ આવકારે છે, પરંતુ વડા પ્રધાનના પદ પર બેસેલા નેતા મામલે ગમે તેમ બોલવામાં આવે તે દેશની જનતા ચલાવી લેશે નહીં. તેમણે કોંગ્રેસને પોતાનો મત સ્પષ્ટ કરવા કહ્યું હતું. વડા પ્રધાનના વડનગરમાં મેવાણીએ મોદી વિશે ટીકા-ટીપ્પણીઓ કરી હતી ત્યારબાદ ભાજપના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખે ગૌતમ ગેડિયાએ પ્રેસ કોન્ફરન્સ કરીને પ્રહાર કર્યા હતા.

## એન્જિનિયરિંગ સેક્ટરના એશિયાઈના સૌથી મોટા એક્ઝિબિશન 'એન્જીમેક-૨૦૨૫'નો શુભારંભ

અમદાવાદઃ નાયબ મુખ્ય પ્રધાન અને ઉદ્યોગ પ્રધાન હર્ષ સંઘવીએ હેલીપેડ, ગાંધીનગર ખાતે એન્જિનિયરિંગ સેક્ટરના એશિયાઈના સૌથી મોટા ૧૭માં 'એન્જીમેક-૨૦૨૫' ત્રિદિવસીય એક્ઝિબિશનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ એક્ઝિબિશન તારીખ ૦૩ ડિસેમ્બરથી ૦૭ ડિસેમ્બર-૨૦૨૫ સુધી યોજાશે. આ ત્રિદિવસીય એક્ઝિબિશનમાં દેશ-વિદેશની અંદાજે ૧૧૦૦ કંપનીઓ સહભાગી થવાની છે. ૦૧ લાખ ચોરસ મીટર જગ્યામાં યોજાયેલા એક્ઝિબિશનમાં ૧૦,૦૦૦ વધુ ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવશે. આ એક્ઝિબિશનમાં 'ઇન્ટરનેશનલ બાયર-સેલર મીટ'નું પણ આયોજન કરવામાં આવ્યું છે

સંઘવીએ જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી મોટા એન્જિનિયરિંગ-મશિનરી એટલે કે, 'એન્જીમેક એક્ઝિબિશનનો ગાંધીનગર ખાતે શુભારંભ થયો છે. એન્જીમેકમાં કુલ ૧,૧૦૦થી વધુ દેશ-વિદેશની કંપનીઓ જોડાઈ છે. એક્ઝિબિશનમાં અંદાજે ૫૦ હજારથી વધુ મુલાકાતીઓએ અગાઉથી સહભાગી થવા નોંધણી કરાવી છે, પણ આ ત્રણ દિવસ દરમિયાન ચાલનારા એક્ઝિબિશનમાં ૧૦ લાખથી વધુ મુલાકાતીઓ ભાગ લેશે તેવી સંભાવના છે. વિશ્વના અલગ અલગ દેશોમાંથી ૫૦૦થી વધુ પ્રતિનિધિઓ મુલાકાતે આવ્યા છે. એક્ઝિબિશનના માધ્યમથી ગુજરાત અને દેશના એન્જિનિયરિંગ અને ઉત્પાદન ક્ષેત્રે કાર્ય કરતી કંપનીઓને કરોડો રૂપિયાનો બિઝનેસ ઉપલબ્ધ થશે. આ એક્ઝિબિશનના માધ્યમમાંથી કંપનીઓને બિઝનેસ મળવાની સાથેસાથે હોટેલ સહિત વિવિધ નાના-મોટા વેપારીઓને પણ ધંધામાં ફાયદો થશે.

વધુમાં કહ્યું કે તત્કાલીન મુખ્ય પ્રધાન અને હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટની સાથે આ વૈશ્વિક કક્ષાના એક્ઝિબિશન સેન્ટરની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી હતી. તેના માધ્યમથી ગાંધીનગરમાં હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે સમગ્ર વર્ષ દરમિયાન અંદાજે ૮૦થી ૧૦૦ દિવસ સુધી વિવિધ પ્રકારના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એક્ઝિબિશન યોજાય છે જેના પરિણામે સ્થાનિક વેપારીઓને ખૂબ મોટો વેપાર મળી રહ્યો છે. આ એક્ઝિબિશન સેન્ટર ખાતે આવનાર કંપનીઓને વધુ સારી સુવિધા આપવાના ઉદ્દેશ સાથે આગામી સમયમાં આ સેન્ટરને વૈશ્વિક કક્ષાના એક્ઝિબિશન સેન્ટર તરીકે વિકસાવવા રાજ્ય સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવશે. હર્ષ સંઘવીએ એક્ઝિબિશનમાં વિવિધ કંપનીઓના સ્ટોલની રૂબરૂ મુલાકાત પણ લીધી હતી. આ દરમિયાન એઆઈ તેમજ રોબોટ આધારિત મશિનરીની માહિતીની સાથે-સાથે ટૅકનોલોજીમાં અપડેટ વિશે કંપની માલિકો પાસેથી વિગતો મેળવી સંવાદ કર્યો હતો. વધુમાં આ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'મેક ઈન ઈન્ડિયા', 'આત્મનિર્ભર ભારત' અને 'સ્વદેશી અભિયાન'ને વધુ પ્રોત્સાહન આપીને ભારતને એન્જિનિયરિંગ મશિનરી અને મેન્યુફેક્ચરિંગમાં વધુ આત્મનિર્ભર બનાવવા સૌ ઉદ્યોગપતિઓને અનુરોધ કર્યો હતો.

## રાજ્યનાં તમામ નદી-નાળાઓમાં થતી ગંદકી અટકાવવા મુખ્ય પ્રધાનનો આદેશ

અમદાવાદઃ ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે પ્રેસ-મીડિયાના મિત્રોને માહિતી આપતા પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ રાજ્યની તમામ સરકારી શાળાઓમાં ટોઇલેટ બ્લોકની ઝુંબેશ સ્વરૂપે વ્યાપક મરામત અને સાફ-સફાઈ હાથ ધરવા માટે આદેશ કર્યો હતો મુખ્યમંત્રીએ રાજ્યભરની તમામ શાળાઓમાં ટોઇલેટ બ્લોકની સઘન તપાસ કરીને જ્યાં પણ જરૂરિયાત જણાય ત્યાં ખાસ ઝુંબેશના ભાગરૂપે સેનિટેશન, ડ્રેઈનેજ, પાણીની સુવિધાઓ સુનિશ્ચિત કરવા ઉપરાંત તાત્કાલિક ધોરણે મરામત કામગીરી હાથ ધરવા સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીએ કેબિનેટ બેઠકમાં રાજ્યના નદી-નાળાઓમાં ગંદકી અને પ્રદૂષણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક ધોરણે રાજ્યના તમામ નદી-નાળાઓમાં થતી ગંદકીના કારણો અને તેના ઉપાયો શોધીને વહેલામાં વહેલી તકે નદી-નાળાઓમાં થતી ગંદકીને અટકાવવા માટે જરૂરી પગલાં લેવા માટે દિશાનિર્દેશ કર્યા છે.

## ભારત ટૅક્સીનું ગુજરાત અને દિલ્હીમાં ટ્રાયલ શરૂઃ દસ દિવસમાં ૫૧,૦૦૦ ડ્રાઇવર જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશની પ્રથમ સહકારી રાઇડ-હેલિંગ ઍપ 'ભારત ટૅક્સી' દિલ્હી-ગુજરાતમાં લોન્ચ થઈ છે. ગુજરાતમાં તેનું પાયલટ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ પ્લેટફોર્મ સીધી રીતે ઓલા, ઉબેર અને રેપિડો વગેરે કંપનીઓને ટક્કર આપી શકે છે. ભારત ટૅક્સીનું સંચાલન સહકાર ટૅક્સી કો-ઓપરેટિવ લિમિટેડ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેની સાથે દેશની આઠ મુખ્ય સહકારી સંસ્થાઓ જોડાયેલી છે. આના મુખ્ય પ્રમોટરમાં અમૂલ, ઇફકો, નાબાર્ડ અને એનડીડીબી જેવી સંસ્થાઓ છે, જે આ પ્રોજેક્ટને મોટા પાયે સમર્થન પણ આપશે.

પાયલટ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં દિલ્હી અને ગુજરાતમાં રજિસ્ટ્રેશન શરૂ થયું છે. માત્ર ૧૦ દિવસમાં ૫૧,૦૦૦થી વધુ ડ્રાઇવર આ એપ્લિકેશન સાથે જોડાઈ ચૂક્યા છે. દિલ્હીમાં પાયલટ ઓપરેશન હેઠળ હાલમાં કાર, ઑટો અને બાઇકટૅક્સી સર્વિસ એક્ટિવ કરવામાં આવી છે. ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ ડ્રાઇવરનું રજિસ્ટ્રેશન સતત વધી રહ્યું છે. આ સહકાર મૉડેલનો હેતુ દેશભરના કમર્શિયલ વાહનચાલકોને ખાનગી કંપનીઓ પરની નિર્ભરતા ઘટાડીને તેમને વધુ સારો આર્થિક વિકલ્પ પૂરો પાડવાનો છે. ચેરમેન જયેન મહેતાના મતે, ભારત ટૅક્સીનું સૌથી આકર્ષક પાસું તેનું શૂન્ય-કમિશન માળખું છે. આ મૉડેલમાં દરેક રાઇડની સંપૂર્ણ કમાણી ડ્રાઇવરને મળશે.

## રાજ્યમાં યાત્રાધામો અને પ્રવાસન સ્થળો આસપાસ હોટલો અને ફૂડસ્ટોલ પર સરપ્રાઈઝ ફૂડ ક્વોલિટી ચેકિંગ સ્ટ્રાઈક

અમદાવાદઃ ગુજરાતના પ્રવાસન સ્થળોએ બારેમાસ પર્યટકોની ભીડ ઊભરાતી હોય છે ત્યારે આસપાસની હોટેલો અને ખાણીપીણીના સ્ટોલ પર મળતું ભોજન તેમ જ આસપાસમાં સ્વચ્છતા રહે તે જરૂરી છે. આ માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં બુધવારે વિડિઓ કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી બેઠકમાં તમામ કલેક્ટર અને મહાનગરના કમિશનરોને અપાયા હતા આદેશ. ફૂડ ક્વોલિટીમાં ખામી જણાય તે તમામ સંચાલકો સામે કડક કાર્યવાહી કરવા સૂચના અપાઈ હોવાનું સરકારે જણાવ્યું હતું. રાજ્યના નાગરિકો અને ખાસ કરીને યાત્રાધામો તથા પ્રવાસન સ્થળો પર જતા યાત્રાળુઓને સારામાં સારી પાણીની સુવિધા, યાત્રાળુઓના ધસારાનો અભ્યાસ કરીને આવા સ્થળોએ તે જરૂરિયાત મુજબ પબ્લિક ટોયલેટની સંખ્યા વધારવા અને તે તમામ શૌચાલય નિયમિત નીટ એન્ડ ક્લિન રાખવાની યોજના તૈયાર કરવા, દિવ્યાંગ અને વરિષ્ઠ યાત્રાળુઓ માટે ખાસ સુવિધા ગોઠવવા તેમજ આ તમામ સ્થળો આસપાસની હોટલ, દુકાનો અને લારીઓમાં વેચાતા ફૂડની ગુણવત્તા પર ખાસ ચેકીંગ કરવા જેવા વિષયો પર નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ વિસ્તૃત ચર્ચા કરી હતી. રાજ્યના પ્રવાસન સ્થળો અને યાત્રાધામ સ્થળો તથા તેની આસપાસના વિસ્તારોમાં દુકાનો લારીઓ અને હોટલો પર વેચાતા નાસ્તા અને ભોજનની ગુણવત્તા ચકાસણીના મુદ્દા પર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ભાર મૂક્યો હતો.

## ભરતી પ્રક્રિયાની સમય મર્યાદા નક્કી થાય, સંયુક્ત ભરતી અને કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવાય, જીએઆરસીની સરકારને ભલામણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના વહીવટી માળખા અને કાર્ય પદ્ધતિમાં જરૂરી ફેરફારો માટે બનાવાયેલા ગુજરાત વહીવટી સુધારણા પંચ (જીએઆરસી) દ્વારા સરકારમાં ભરતી પ્રક્રીયા પૂરી કરવા માટેની નિશ્ચિત ટાઇમલાઇન નક્કી કરવાની અને સંયુક્ત ભરતી અને કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (સીઈટી)ની ભલામણ કરાઈ છે.

મુખ્યપ્રધાનના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયાના અધ્યક્ષસ્થાને રચાયેલા ગુજરાત વહીવટી સુધારણા પંચે પોતાનો છઠ્ઠો ભલામણ અહેવાલ બુધવારે ગાંધીનગરમાં મુખ્યપ્રધાનને સોંપ્યો હતો. આ અહેવાલમાં રાજ્યમાં ભરતી પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શી, ટેકનોલોજી યુક્ત અને યુવા કેન્દ્રિત બનાવવા માટે નવ ભલામણો કરવામાં આવી છે.

જીએઆરસીના છઠ્ઠા અહેવાલમાં ભરતી પ્રક્રીયા પૂરી કરવા માટેની નિશ્ચિત ટાઇમલાઇન નક્કી કરવા પર ભાર મૂકાયો છે. પંચે ભલામણ કરી છે કે, જે ભરતી પ્રક્રિયામાં ત્રણ સ્ટેજ હોય તે ૯ થી ૧૨ મહિનામાં અને બે સ્ટેજ હોય તે પ્રક્રિયા ૬ થી ૯ મહિનામાં પૂરી કરવી જોઈએ. આ સમયગાળો સમયાંતરે ઘટાડીને ભવિષ્યમાં વધું ઓછા સમયમાં ભરતી પ્રક્રિયા પૂરી થાય તે માટે પ્રયત્ન કરવા જોઈએ.

આ ઉપરાંત સમાન શૈક્ષણિક લાયકાત ધરાવતી વિવિધ કેડરો માટે સંયુક્ત પ્રિલિમિનરી પરીક્ષા તથા વિષયવાર મેઈન્સ પરીક્ષા યોજીને ભરતી પ્રક્રિયામાં એકરૂપતા લાવવાની પણ ભલામણ કરાઈ છે. એ માટે સંયુક્ત ભરતી અને કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (સીઈટી) યોજવા પર ભાર મૂકાયો છે. પંચનો મત છે કે, તેનાથી સમાન પ્રકારની કેડર માટે અલગ-અલગ પરીક્ષા પાછળ થતા વહીવટી અને નાણાંકીય ખર્ચમાં ઘણો ઘટાડો થશે અને ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઇ શકશે.

આ ઉપરાંત દર વર્ષે બે નિશ્ચિત રિક્વિઝિશન વિન્ડો નક્કી કરીને તમામ વિભાગો ઓનલાઇન માંગણાપત્રક સબમિટ કરે એવી વ્યવસ્થા ગોઠવવા પર પણ ભાર મૂકાયો છે. તેના આધારે ભરતી નિયમો, પરીક્ષા નિયમો તેમજ ટ્રેનિંગ નિયમો માટે એક કેન્દ્રીય સેલની રચના કરવાની ભલામણ કરવામાં આવી છે. તેના કારણે ભરતીમાં એકરૂપતા આવશે અને ભરતી પ્રક્રિયા ઝડપી બનશે તેમ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત હાલ થતી મેન્યુઅલ ચકાસણીને બદલે સંપૂર્ણપણે ડિજિટલ દસ્તાવેજ ચકાસણી પર પણ ભાર મૂકાયો છે. ડિજી-લોકરની જેમ જ એપીઆઈ-લિંક્ડ ડેટાબેઝ અને યુનિક ઉમેદવાર ડોક્યુમેન્ટ રજિસ્ટ્રીની રચનાથી ભરતી કરતી સંસ્થા અને સરકારી વિભાગો વચ્ચે ઉમેદવારોના દસ્તાવેજો સરળતાથી મોકલી શકાશે અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન પણ ખૂબ અસરકારક બનશે તેમ આ અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે.

રાજ્યમાં શક્ય તેટલી પરીક્ષાઓ કમ્પ્યુટર આધારિત લેવામાં આવે અને આવી પરીક્ષાની અસરકારક દેખરેખ માટે દરેક ભરતી એજન્સીમાં એક અલગ એક્ઝામ મોનિટરિંગ યુનિટ (ઈએમયુ)ની સ્થાપના કરવામાં આવે તેવું પણ સૂચવવામાં આવેલું છે.

# બ્રહ્મોસના ભૂતપૂર્વ વિજ્ઞાની સાત વર્ષ બાદ જેલબહાર

નાગપુરઃ બ્રહ્મોસ મિસાઈલ સેન્ટરમાં કામ કરનારો અવૉર્ડ વિજેતા વિજ્ઞાની નિશાંત અગ્રવાલને બૉમ્બે હાઈ કોર્ટે પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાંથી મુક્ત કરતાં અગ્રવાલ સાત વર્ષ બાદ મંગળવારની રાતે જેલમાંથી બહાર આવ્યો હતો.

યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વગર વિદેશમાં નોકરી કરવાની ગંભીર ભૂલ કરવાને કારણે અગ્રવાલે સાત વર્ષ જેલમાં ગાળવા પડ્યા હતા, જેને કારણે તેની કારકિર્દી ખતમ થઈ ગઈ હતી. સત્તાવાર ગોપનીય ધારા અને માહિતી સંચાર ધારાની વિવિધ કલમો હેઠળ ૨૦૧૮માં ધરપકડ કરાયેલા અગ્રવાલ સામેના આરોપોમાં નદોષ ભાવનાથ ફરતે બૉમ્બે હાઈ કોર્ટની નાગપુર બૅન્ચમાં આ કાનૂની જંગ ચાલ્યો હતો.

નહા, નાગપુર સેન્ટ્રલ જેલમાંથી મંગળવારની રાતે તે બહાર આવ્યો હતો,થ એવું અગ્રવાલના વકીલ ચૈતન્ય બી બર્વેએ જણાવ્યું હતું.

૩૪ વર્ષના અગ્રવાલને ૨૦૧૭-૧૮માં નયંગ સાયન્ટિસ્ટ અવૉર્ડથ આપવામાં આવ્યો હોવા છતાં તેનો કોઈ લાભ તેને મળ્યો નહોતો, એમ એક નજીકના પરિવારજને જણાવી ઉમેર્યું હતું કે લાંબી કાનૂની લડત પછી તેને દોષમુક્ત કરવામાં આવ્યો તે માટે પરિવારજનોએ કાનૂની વ્યવસ્થાનો આભાર માન્યો હતો.

ડિજિટલ પ્લૅટફૉર્મ લિંક્ડઈન પર સેજલ કપૂરે મોકલેલી ફ્રેન્ડ રિક્વેસ્ટના પ્રતિસાદમાં અગ્રવાલે તેનો બાયોડેટા સબમિટ કર્યા પછી તેના પર દુઃખોનો પહાડ તૂટી પડ્યો હતો. આ એકાઉન્ટ પાકિસ્તાનથી ઑપરેટ થતું હતું અને તેની અગ્રવાલને જાણ નહોતી.

ઉત્તર પ્રદેશની એન્ટિ-ટેરર સ્ક્વોડના તપાસ અધિકારી પંકજ અવસ્થીએ જણાવ્યું હતું કે કપૂરે અગ્રવાલને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી અને ૨૦૧૭માં ચાર દિવસ તેમની વચ્ચે થયેલી ચૅટિંગનું નિરીક્ષણ કરાયું હતું. પછી ૧૯ ડિસેમ્બરે કપૂરે યુકેમાં નોકરી સંદર્ભેની માહિતી આપી હતી, જે જોઈ અગ્રવાલે નોકરી માટે ઇચ્છા વ્યક્ત કરી હતી.

તપાસ અધિકારીએ જોકે કોર્ટ સમક્ષ ચોખવટ કરી હતી કે અગ્રવાલે લિન્કડઈન પ્લૅટફૉર્મ પર કોઈ ખાતાકીય દસ્તાવેજો મોકલાવ્યા કે અપલૉડ કર્યા નહોતા.

આ ઉપરાંત, આદેશમાં જણાવવામાં આવ્યું છે કે બ્રહ્મોસ તરફથી લિન્કડઈનના ઉપયોગ પર કે નોકરી માટે ત્યાં અરજી કરવા પર કોઈ પ્રતિબંધ લાદવામાં આવ્યો નહોતો. (પીટીઆઈ)

## પુણેની સ્કૂલમાં બૉમ્બ પ્લાન્ટ કરાયાની ધમકી

પુણેઃ પુણેના હિંજેવાડી વિસ્તારમાં આવેલી એક ખાનગી ઈન્ટરનૅશનલ સ્કૂલમાં બૉમ્બ પ્લાન્ટ કરાયાના ઈ-મેઈલથી પોલીસે સઘન તપાસ કરી હતી. જોકે તપાસ બાદ વિસ્ફોટક કે કોઈ શંકાસ્પદ વસ્તુ હાથ લાગી નહોતી. પોલીસના જણાવ્યા મુજબ ઈન્ટરનૅશનલ સ્કૂલને મંગળવારની મધરાતે ધમકીભર્યો મેઈલ આવ્યો હતો, પરંતુ બુધવારની સવારે સ્કૂલના અધિકારીએ મેઈલ જોયા પછી આ બાબતની જાણ થઈ હતી.

સ્કૂલ પરિસરમાં બૉમ્બ પ્લાન્ટ કરાયો છે અને ગમે તે ઘડીએ ધડાકો થશે, એવી ધમકી મેઈલમાં અપાઈ હતી. આ અંગે માહિતી મળતાં જ હિંજેવાડી પોલીસ અને બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (બીડીડીએસ) સ્કૂલમાં પહોંચી ગઈ હતી. તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતાં મેઈલ મોકલનારાને ટ્રેસ કરવામાં આવી રહ્યો છે, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

## પેગાસસનું નામ બદલીને સંચાર સાથી રાખવામાં આવ્યું, સરકાર લોકોની જાસૂસી કરી રહી છેઃ ઉદ્ધવ ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેન્દ્ર સરકાર દ્વારા લોકોની સુરક્ષા માટે લાગુ કરવામાં આવેલા સંચાર સાથી એપની આકરી ઝાટકણી કાઢતાં શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ બુધવારે કહ્યું કે સંચાર સાથી એપ પેગાસસ સ્પાયવેરનું બીજું સંસ્કરણ છે અને ભાજપની આગેવાની હેઠળની સરકાર પર એવો પણ આરોપ લગાવ્યો હતો કે તે લોકો પર જાસૂસી કરવાનો પ્રયાસ કરી રહી છે જેમણે તેમને મત આપીને સત્તામાં બેસાડ્યા હતા.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે લોકો પર નજર રાખવાને બદલે, સરકારે આ વર્ષે એપ્રિલમાં પહલગામ હુમલો કેવી રીતે થયો હતો તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જેમાં ૨૬ લોકોના મોત થયા હતા અને આતંકવાદીઓ ભારતમાં કેવી રીતે પ્રવેશ કરે છે.

૨૮ નવેમ્બરે સંદેશાવ્યવહાર મંત્રાલયે બહાર પાડેલા આદેશમાં તમામ મોબાઇલ ફોન ઉત્પાદકોને ભારતમાં વેચાતા તમામ હેન્ડસેટમાં તેમજ હાલના ઉપકરણોમાં સોફ્ટવેર અપડેટ દ્વારા સંચાર સાથી એપ પ્રી-ઇન્સ્ટોલ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો, જેના કારણે વિવાદ સર્જાયો છે.

સંભવિત જાસૂસી અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે અને એપનો ઉપયોગ વપરાશકર્તાઓ દ્વારા વિનિમય કરવામાં આવતા સંદેશાઓ વાંચવા માટે થઈ શકે છે.

નતમે પેગાસસ (સ્પાયવેર) વિશે સાંભળ્યું હશે. તે ફોન અને જાસૂસીમાં વાયરસ (માલવેર) ઇન્સ્ટોલ કરે છે. તેમણે (સરકારે) પેગાસસનું નામ બદલીને સંચાર સાથી રાખ્યું છે. તેઓ જાસૂસી કરી રહ્યા છે,થ એમ ઠાકરેએ મુંબઈમાં તેમના નિવાસસ્થાન નમાતોશ્રીથ ખાતે પક્ષના કાર્યકરોને સંબોધતા દાવો કર્યો હતો.

## એમએમઆરમાં વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા ૧૯ આરએમસી પ્લાન્ટ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે ૧૯ રેડીમિક્સ કૉંક્રીટ પ્લાન્ટ (આરએમસી) બંધ કરવામાં આવ્યા હોવાનું મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બૉર્ડે જણાવ્યું હતું. એ સાથે જ વાયુ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરવાના ઉદ્યોગો સામે આકરા પગલાં લેવાની ચીમકી પણ બૉર્ડે આપી છે. મુંબઈ મહાનગર વિસ્તારમાં મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બૉર્ડ દ્વારા ૩૨ ઠેકાણે કન્ટીન્યુસ એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન (સીએએક્યુએમએસ) ચાલુ કરવામાં આવ્યા છે, તેમાંથી ૧૪ સ્ટેશન મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં કાર્યરત છે. તો બાકીના થાણે, કલ્યાણ, નવી મુંબઈ, પનવેલ વગેરેમાં કાર્યરત છે. આ મોનિટરિંગ સ્ટેશન મારફત વાતાવરણમાં રહેલી હવાની ગુણવત્તા (રીઅલ ટાઈમ એક્યુઆઈ) તપાસવામાં આવે છે અને મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવે છે. એ સિવાય સતત હવાની ગુણવત્તાનું નિરીક્ષણ કરવા માટે બોર્ડ દ્વારા ૨૨ મોબાઈલ મોનિટરિંગ વેન પણ કાર્યરત છે, જેના દ્વારા આખા રાજ્યમાં આવશ્યકતા મુજબ હવાની ગુણવત્તા તપાસમાં આવે છે. આ વેનનો ઉપયોગ હવા પ્રદૂષણના હોટ સ્પોટ હોય તેમ જ આરએમસી પ્લાન્ટ અને કન્સ્ટ્રકશન સાઈટ પર હવાનું પ્રદૂષણ તપાસવા માટે કરવામાં આવે છે.

પોલ્યુશન બોર્ડે ઓક્ટોબર ૨૦૨૫માં રાજ્યના આરએમસી પ્લાન્ટ ઉદ્યોગ માટે સુધારિત માર્ગદર્શક સૂચના બહાર પાડી તેનો અમલ કરવાની સૂચના આપી હતી. સર્વેક્ષણ દરમ્યાન ગોવંડી, દેવનારમાં ચાર આરએમસી ઉદ્યોગના કારખાના બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે, જેમાં ત્રણ યુનિટે પાંચ-પાંચ લાખની બેન્ક ગેરેન્ટી જપ્ત કરવામાં આવી હતી. એ સાથે જ સર્વેક્ષણમાં થાણેમાં આઠ, નવી મુંબઈમાં છ તો કલ્યાણમાં એક આરએમસી પ્લાન્ટે પોલ્યુશન બોર્ડના નિર્દેશનું ઉલ્લંઘન કર્યું હોવાથી તેને પણ બંધ કરવામાં આવ્યા છે. એમ કુલ ૧૯ આરએમસી પ્લાન્ટ બંધ કરવામાં આવ્યા છે.

નવમા પાનાનું ચાલુ

### કેન્દ્રને અરજી

તેમને નુકસાન ભરપાઈ માટે મહારાષ્ટ્ર સરકાર તરફથી માહિતી મળી છે, પણ મદદની માગણી માટે કોઈ અધિકૃત પ્રસ્તાવ નથી આવ્યો. કેન્દ્રીય પથકે વિસ્તારનું સર્વેક્ષણ કર્યું છે પણ મદદની માંગણી માટે અધિકૃત રજૂઆત નથી કરવામાં આવી એવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

મરાઠવાડા સહિત રાજ્યના વિવિધ ભાગોમાં ભારે વરસાદને કારણે થયેલા નુકસાનને કારણે રાજ્ય સરકારે ખેડૂતોને તાત્કાલિક રાહત તરીકે ૪ હજાર ૧૭૬ કરોડ ૮૦ લાખ રૂપિયા ફાળવ્યા છે. એમાંથી ૩ હજાર ૧૩૨ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર અને ૧ હજાર ૪૪ કરોડ રૂપિયા રાજ્ય સરકાર તરફથી જાહેર કરવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારે કુલ ૧ હજાર ૫૬૬ કરોડ ૪૦ લાખ રૂપિયાનો પ્રથમ અને બીજો હપ્તો આપી દીધો છે.

ધારશિવના સંસદ સભ્ય ઓમ રાજે નિંબાળકરે કેન્દ્રની મદદના સંદર્ભમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયને સવાલ કર્યો હતો. તેના લેખિત જવાબને કારણે અધિકૃત માગણી માટેની અરજી ન કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

### હવે આવતા અઠવાડિયે

પાઈપલાઈન કાઢીને નવી પાઈપલાઈન નાખવાનું કામ પણ હાથ ધરવામાં આવવાનું છે. આ કામ માટે સાધારણ રીતે ૨૪ કલાકનો સમય લાગશે. તેથી આ કામને કારણે ભાંડુપ ફિલ્ટરેશન પ્લાન્ટને થનારા પાણીપુરવઠામાં લગભગ ૧૫ ટકાનો ઘટાડો થશે. આ અગાઉ બુધવાર, ૩ ડિસેમ્બર, ૨૦૨૫ના સવારના ૧૦ વાગ્યાથી ગુરુવાર, ચાર ડિસેમ્બર, ૨૦૨૫ના સવારના ૧૦ વાગ્યા સુધી પાણીપુરવઠામાં ૨૫ ટકા કાપ પ્રસ્તાવિત હતો પણ બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિન નિમિત્તે લાખો અનુયાયી મુંબઈમાં આવતા હોવાથી તેમને તકલીફ થાય નહીં તે માટે પાઈપલાઈનનું કામ આગળ ઢકેલીને ૧૫ ટકા પાણીકાપ રદ કરવામાં આવ્યો હતો. હવે સોમવાર આઠ તારીખે આ કામ હાથ ધરાશે પાલિકાએ નાગરિકોને પાણીનો સ્ટોક કરી રાખવાની અને સંભાળીને પાણીનો ઉપયોગ કરવાની અપીલ કરી છે.

### પાણીએ રાતા પાણીએ

હતું, જે સતત ૩૬ કલાક ચાલ્યું હતું. એ દરમ્યાન સોમવારે પાણીપુરવઠો બંધ રહેશે અને મંગળવારે ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે એવી જાહેરાત પાલિકા પ્રશાસને કરી હતી પણ તેનાથી વિપરિત સમારકામ પણ ૩૦ કલાકથી પણ વધુ સમય ચાલ્યું હતું, તેને કારણે પાણીપુરવઠો પૂર્વવત્‌માં થવામાં બુધવારનો આખો દિવસ નીકળી ગયો હતો. સતત ત્રણ દિવસ સુધી અનેક વિસ્તારોમાં નાગરિકોને પાણીથી વંચિત રહી ગયા હતા. મંગળવાર સાંજના ચાર વાગ્યા સુધીમાં એટલે ૩૦ કલાકમાં પૂરું કરવાનું આયોજન હતું અને તે માટે સોમવારે પાણી પુરવઠો બંધ અને બીજા દિવસે ઓછા દબાણ સાથે પાણીપુરવઠો કરવામાં આવશે એવી અગાઉ પાલિકાએ જાહેરાત કરી હતી પણ આ કામ મંગળવારે છેક રાતના ૧૦ વાગે પૂરું થયું હતું. એ બાદ તબક્કવાર દરેક વિસ્તારમાં પાણી છોડવામાં આવશે એવો દાવો પાલિકાએ કર્યો હતો પણ મંગળવાર રાતના ગણ્યાગાંઠયા વિસ્તારમાં જ પાણીપુરવઠો થયો હતો. બાકીના વિસ્તારોમાં પાણી પુરવઠો થવામાં છેક બુધવાર સાંજ થઈ ગઈ હતી. આ દરમ્યાન સતત ત્રણ દિવસ પાણી નહીં મળવાને કારણે અનેક વિસ્તારોમાં હાઉસિંગ સોસાયટીઓ દ્વારા ટેન્કર મગાવવામાં આવ્યા હતા. તો પીવાના પાણી માટે બાટલાની પણ અનેક વિસ્તારમાં અછત સર્જાઈ હતી. ત્રણ દિવસ સુધી નાગરિકો પાણી માટે વલખા મારવા પડયા હતા ત્યારે પાલિકા પ્રશાસને ટેક્નિકલ કારણથી જોડાણના કામમાં ૩૦ કલાકથી વધુ સમય ગયો હોવાનો દાવો કર્યો હતો.

### બાવનકુળેએ ગૃહ

નિંબાળકરે કેન્દ્રીય નાણાકીય સહાય માટે જરૂરી ફરજિયાત અહેવાલ રજૂ કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ રાજ્ય સરકાર પર મૂક્યો હતો. આ પહેલા એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં નિંબાળકરે કહ્યું હતું કે લોકસભામાં તેમને મળેલા જવાબ અનુસાર મહારાષ્ટ્રે પાકના નુકસાન અંગેનો અહેવાલ નથી મોકલ્યો. તેમની દલીલ હતી કે પહેલેથી જ દરખાસ્ત રજૂ કરી હોવાનો દાવો સરકાર કરે છે તો પછી સત્તાવાર પ્રતિસાદ બીજી વાત કેમ કરે છે? ખેડૂતોને સાચી હકીકતની જાણ થવી જ જોઈએ. આ દાવાઓનું ખંડન કરવા માટે બાવનકુળેએ ૨૭ નવેમ્બરે જાહેર કરેલા પત્રમાં મહારાષ્ટ્ર સરકારે રાષ્ટ્રીય આપત્તિ નિવારણ ભંડોળ હેઠળ નાણાકીય સહાયની માગ કરી હતી એ સ્પષ્ટ થાય છે. નવી દિલ્હીમાં નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ)ના સંયુક્ત સચિવ (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) રાજેશ ગુપ્તાને સંબોધિત આ દસ્તાવેજમાં આ વર્ષે જૂન અને સપ્ટેમ્બર વચ્ચે પૂરને કારણે થયેલા નુકસાન અંગે વિગતવાર આવેદનપત્ર જોડવામાં આવ્યું છે.

રાહત અને પુનર્વસન વિભાગના મુખ્ય સચિવ વિનીતા વૈદ સિંગલના દ્વારા હસ્તાક્ષર કરેલા પત્રમાં ગૃહ મંત્રાલયને વિનંતી કરવામાં આવી છે કે રાહત અને પુનર્વસનની જરૂરિયાતોની તાકીદને કારણે આ પ્રસ્તાવ પર ઝડપથી પ્રક્રિયા કરવામાં આવે. મુખ્ય સચિવ અને મહત્ત્વના પ્રધાનોના સચિવો સહિત રાજ્યના વરિષ્ઠ અધિકારીઓને પણ એની કોપી મોકલવામાં આવી હતી. (પીટીઆઈ)

### જિલ્લા પરિષદ

પર વિચાર કરી રહ્યું છે.

શરૂઆતની યોજના મુજબ, સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીના ત્રીજા અને છેલ્લા તબક્કામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ યોજાવાની હતી, પરંતુ હવે જ્યારે સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટપણે તમામ શહેરી સંસ્થાઓમાં ચૂંટણી કરાવવાની મંજૂરી આપી છે, ત્યારે પ્રક્રિયા શરૂ કરી શકાય છે, એમ ચૂંટણી પંચના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું.

રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજવા માટે પંચને મંજૂરી આપતી વખતે, સુપ્રીમ કોર્ટે ગયા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ માટે ચૂંટણી પ્રક્રિયાનો ઉલ્લેખ કર્યો ન હતો, જ્યાં ૫૦ ટકા અનામત મર્યાદા ઓળંગી ગઈ હતી.

મહારાષ્ટ્રમાં, ૩૨ માંથી ૧૭ જિલ્લા પરિષદો અને ૩૩૬માંથી ૮૮ જિલ્લા પંચાયત સમિતિઓમાં રાજકીય અનામત ૫૦ ટકાને ઓળંગી ગઈ છે અને આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટના ચુકાદો ચૂંટણીઓ થઈ ગયા પછી આવે તો ભારે સમસ્યાઓ નિર્માણ થવાની શક્યતા છે, બીજી તરફ નાગપુર અને ચંદ્રપુરને બાદ કરતાં ૨૯માંથી એકેય મહાનગરપાલિકામાં અનામતની ૫૦ ટકાની મર્યાદા ઓળંગવામાં આવી નથી. આવી સ્થિતિમાં મહાનગરપાલિકાની ચૂંટણી વહેલી કરાવવામાં ખાસ ચિંતાજનક બાબત નથી.

ચૂંટણી પંચના અધિકારીઓ પાસેથી મળતી માહિતી મુજબ મહાનગરપાલિકા વિસ્તારોમાં અંતિમ મતદાર યાદી ૧૦ ડિસેમ્બરે પ્રકાશિત થઈ જવાની શક્યતા છે. એકવાર અંતિમ મતદાર યાદી જાહેર થઈ જાય, પછી ચૂંટણી પંચ ગમે ત્યારે ચૂંટણીની જાહેરાત કરી શકે છે.

તેથી, વાંધા-વિરોધ-સૂચન રજૂ કરવાની અંતિમ તારીખ (ત્રીજી ડિસેમ્બર) પછી, ચોથી ડિસેમ્બરે મ્યુનિસિપલ કમિશનરો સાથે બેઠક યોજાઈ રહી છે. આ બેઠકમાં આગળ કેવી રીતે વધવું તે સ્પષ્ટ થઈ જશે.

અધિકારીએ જણાવ્યું હતું કે ૫૦ ટકાની અનામત મર્યાદા પાર ન કરતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં ચૂંટણી યોજવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ૧૭ જિલ્લા પરિષદો અને ૮૮ પંચાયત સમિતિઓમાં, અનામત ૫૦ ટકાથી વધારે છે. અમે હજુ સુધી તે મુદ્દા પર નિર્ણય લીધો નથી. બાકીની જીલ્લા પરિષદ અને પંચાયત સમિતિમાં ચૂંટણીઓ હમણાં યોજવાથી અન્ય લોકોનું ભાવિ લટકતું રહેશે, આ બધી બાબત કરતાં મહાનગરપાલિકાની ચૂંટણીઓ વહેલી યોજવાનું પસંદ કરી શકે છે.

૩૪ જિલ્લા પરિષદોમાંથી, ૩૨માં ભંડારા અને ગોંદિયા સિવાયના વહીવટકર્તાઓ છે. આ વહીવટકર્તાઓની મુદત મે ૨૦૨૭માં સમાપ્ત થશે. ૩૫૧ પંચાયત સમિતિઓમાંથી, ૩૩૬માં વહીવટકર્તાઓ છે જ્યાં ચૂંટણીઓ યોજાવાની હતી.

### નવી મુંબઈમાંથી

બાળકોની પૂછપરછમાં તેમના ગુમ થવા પાછળ મોટે ભાગે ભાવનાત્મક તાણ અને અંગત સંજોગો કારણભૂત હોવાનું જણાયું હતું, જ્યારે ગુનાહિત હેતુ નહીંવત્‌ જણાયો હતો.

સગીર છોકરા-છાકરી ગુમ થવાની ફરિયાદ મળતાં અપહરણનો ગુનો નોંધી તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવે છે. વર્ષ દરમિયાન નોંધાયેલા કેસોમાંથી ૧૨૮ કેસ પ્રેમ પ્રકરણ સાથે સંબંધ ધરાવતા હતા, જ્યારે ૧૧૪ બાળક વાલીઓના ખીજાવાને કારણે ઘર છોડી ગયા હોવાનું તપાસમાં જણાયું હતું.

તપાસમાં જણાયું હતું કે ૧૦૩ બાળક તેમનાં સગાંસંબંધીને ઘરે જતા રહ્યા હતા, જ્યારે ૬૩ સગીર ફરવા ગયા હતા અને ૪૮ સગીર પ્રેમિકાના ઘરેથી મળી આવ્યા હતા. એક ફરિયાદમાં માનસિક વિકલાંગ બાળકને લગતી હતી તો એક એક્સિડેન્ટલ ડેથ રિપોર્ટ (એડીઆર) નોંધાયો હતો.

વર્ષ દરમિયાન નોંધાયેલા અપહરણના કેસોમાં પચીસ કેસ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળના હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ગુમ થયેલા ૪૯૯ બાળકમાં ૩૪૯ છોકરીનો સમાવેશ થાય છે, જેમાંથી ૩૧૫ છોકરી શોધી કાઢવામાં સફળતા મળી હતી. હજુ ૪૧ બાળક ગુમ હોવાથી તેમાં ૩૪ છોકરીનો સમાવેશ થાય છે. વર્ષ દરમિયાન બાળકોના અપહરણના કુલ ૪૮૩ કેસ નોંધાયા હતા, જેમાંથી ૪૪૨ ઉકેલાયા હતા.

નવી મુંબઈમાંથી સગીર છોકરીઓ ગુમ થવાનું પ્રમાણ વધી રહ્યું હોવાથી એ ચિંતાનો વિષય હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મોટા ભાગે ૧૫થી ૧૭ વર્ષની છોકરીઓ ગુમ થઈ રહી છે. બદલાતી જીવનશૈલી, ડિજિટલ દુનિયાનું વધતું આકર્ષણ અને પરિવારજનો સાથેના સંવાદનો અભાવ આ માટે કારણભૂત હોવાનું પોલીસ માની રહી છે.

આના ઉપાય તરીકે વાલીઓ માટે પોલીસ દ્વારા વિશેષ જનજાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. બાળકોના રોજિંદા વર્તનમાં આવતા બદલાવ, તેમની ઑનલાઈન પ્રવૃત્તિ, અજાણી વ્યક્તિ સાથે ચૅટિંગ તરફ વાલીઓએ ધ્યાન આપવાની જરૂર હોવાનું પોલીસનું કહેવું છે.

## હિન્દુ મરણ

**હાલાઈ ભાટીયા**

દિનેશ રણજીતસિંહ કાપડીયા (ભક્તા) (ઉં. વ. ૭૦) તે ગં. સ્વ. રજનીબેન રણજીતસિંહ કાપડીયાના પુત્ર. સંધ્યાના પતિ. હેમના પિતા. અ. સૌ. કૃતિકાના સસરા. સ્વ. કુસુમબેન કેશવજી ખજુરીયાના જમાઈ. સ્વ. તારાબેન તુલસીદાસ ભક્તાના પૌત્ર મંગળવાર, તા. ૨.૧૨.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, ૫-૧૨-૨૫ના ૪ થી ૬. ઠે. ભાટિયા ભાગીરથી, કાલબાદેવી, મુંબઈ-૨. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ**

મુંબઈ નિવાસી શૌનકભાઈ યોગેશભાઈ વૈદ્યના ધર્મપત્ની. અ. સૌ. કૃપાલીબેન (ઉં. વ. ૪૭) તે સ્વ. રશ્મિબેન યોગેશભાઈના પુત્રવધૂ. જૈમિન અને કવનના માતુશ્રી. અપૂર્વભાઈ તથા અ. સૌ. ધ્રુવાબેનના ભાભી. સાનવી તથા જનવના કાકી. કુમુદબેન તથા સ્વ. રમેશભાઈ શુક્લના પુત્રી. ચારુલબેન અમિતભાઈ દવે તથા વરૂણભાઈ શુક્લના બેન મંગળવાર, તા. ૨-૧૨-૨૫ના ભગવતશરણ થયા છે. તેમની પ્રાર્થનાસભા પાવનધામ, એમ.સી.એ. ક્લબ પાસે, પાવનધામ રોડ, મહાવીર નગર અને સત્યનગરના કોર્નર પર. કાંદિવલી (પશ્ચિમ). શુક્રવાર, ૫-૧૨-૨૦૨૫ના ૩ થી ૫.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

ગં. સ્વ. સુશીલાબેન મથુરાદાસ ચંડીચક્ર ગામ જડોધર કોટડાવાળાના જયેષ્ઠ પુત્ર રાજેન્દ્ર જોશી (ઉં. વ. ૬૬) હાલે મુલુન્ડ મંગળવાર, તા. ૨-૧૨-૨૫ના રામશરણ પામેલ છે. તે મીનાબેનના પતિ. તે વૈશાલી, શ્વેતા, નિખિલના પિતાશ્રી. તે જિશાના સસરા. માયાબેન ભરતભાઈ હરિયામાણેક, તરુણ, સ્વ. સંજયના ભાઈ. દુર્લભદાસ નાનજી સોનીના જમાઈ. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, ૪-૧૨-૨૫ના સાંજે ૫ થી ૭. સારસ્વત વાડી, પહેલે માળે, ઝવેર રોડ, મુલુન્ડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ત્રાપજના મહુગર ભટ્ટ, દેવેન્દ્ર બાબુભાઈ ભટ્ટ (ઉં. વ. ૭૦) તા. ૨૯-૧૧-૨૫ના મીરારોડ મુકામે કૈલાશવાસી થયેલ છે. તે સ્વ. દયાબેન, સ્વ. બાબુભાઈ પ્રભાશંકર ભટ્ટના પુત્ર. હેમાગૌરી (હંસાબેન)ના પતિ. મૃગેશ તથા ભાર્ગવના પિતાશ્રી. ગુણવંતરાય પ્રભાશંકર ભટ્ટના ભત્રીજા. તે દિવ્યકાંત, પરેશ તથા ઉમેશના મોટાભાઈ. તે સ્વ. પ્રતાપરાય વનમાળીદાસ મહેતા (વલ્લભીપુર વાળા)ના જમાઈ. સાદડી તા. ૪-૧૨-૨૫ના ગુરુવારે સાંજે ૪ થી ૬. ઠેઃ ક્કડ પેરેડાઈઝ ક્લબ હાઉસ, પેનકર પાડા,. મીરા રોડ ઈસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

સ્વ. મુક્તાબેન વૃજલાલ કેસરીયાના પુત્ર ચેતન (ઉં. વ. ૭૦) હાલ અંધેરી તા. ૧-૧૨-૨૫ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મીનાબેનના પતિ. રાહુલના પિતાશ્રી. બ્રિન્દાના સસરા. સુધીરભાઈ, દીપકભાઈ તથા વિભૂતિબેનના નાનાભાઈ. દમયંતીબેન વસંતલાલ પૂજારાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૧૨-૨૫ના ગુરુવારે સાંજે ૫ થી ૭. ઠે.: જાનકીબાઈ હોલ, ભવન્સ કોલેજ પાસે, અંધેરી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ધીરજલાલ લીલાધર લખાણી (ઉં. વ. ૭૮) તે સ્વ. શાંતાબેન લીલાધર લખાણીના પુત્ર. માલતીબેનના પતિ. પ્રણવના પિતા. અ. સૌ. પ્રીતિબેનના સસરા. તીર્થ તથા નિસર્ગના દાદા. સ્વ. ધરમદાસ લક્ષ્મણદાસ તન્નાના જમાઈ. સ્વ. વ્રજલાલ, સ્વ. મનસુખલાલ તથા સ્વ. વિજયાબેનના નાનાભાઈ ૩-૧૨-૨૫ના બુધવારે સ્વર્ગવાસી થયા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ બોરીવલી સ્વ. મનસુખલાલ ચત્રભુજ મહેતા (ભુવા)ના ધર્મપત્ની ગં. સ્વ. અનસૂયાબેન (ઉં. વ. ૮૦) ૨-૧૨-૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે ભાવેશ-આશા, નીરજ-પૂનમ, જીજ્ઞા-અતુલભાઈ સંઘવી, પારૂલ- મયૂરભાઈ ગોરડીયાના મમ્મી. અ. સૌ. ચાર્મી તથા પાર્થ દોશી. રૂત્વી, સ્વ. દિશા, શ્વેતા, આશુતોષ, ખુશીના દાદી-નાની. તે પિયર પક્ષે ડેડાણવાળા સ્વ. રામજીભાઈ કેશવજી ચિતલીયાના દીકરી. તે સ્વ. કાંતિભાઈ, સ્વ. જયંતીભાઈ, સ્વ. મંગુબેન, સ્વ. લીલીબેન, સ્વ. ચંદુબેન તથા સ્વ. જશીબેનના ભાભી. સર્વે પક્ષની પ્રાર્થનાસભા ૪-૧૨-૨૫ના ૫ થી ૭. નીચેના સ્થાને રાખેલ છે. આંગન કલાસીક હોલ, કેન્ટ ગાર્ડન એપાર્ટમેન્ટ, ટીપીએસ રોડ, બોરીવલી (વે.).

**કપોળ**

મહુવાવાળા, હાલ (વડોદરા)ના સ્વ. ધીરજલાલ માધવદાસ શેઠના સુપુત્ર હસમુખરાય (ઉં.વ. ૮૩) તે ભાનુબેનના પતિ. ગીતેશ, કવિતા મનોજકુમાર દલાલ, પુનિતા, ઉર્વેશકુમાર શાહના પિતાશ્રી. સ્વ. ભુપેન્દ્રભાઈ, સુધીરભાઇ, સ્વ. નીરૂપમાબેન શીવલાલ મહેતા, મૃદુલાબેન અજીતરાય મહેતા, હર્ષનાબેન જીતેન્દ્રકુમાર શેઠના ભાઇ. કુંઢડાવાળા સ્વ. અમૃતલાલ ધરમશી ભુતાના જમાઇ. રવિવાર, તા. ૩૦-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની સાદડી તથા લૌકિકપ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

ત્રાપજવાળા હાલ કાંદીવલી, સ્વ. ઇન્દુમતી અનંતરાય મહેતાના પુત્ર હસમુખરાય (ઉં.વ. ૮૭) સોમવારે તા. ૧/૧૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લતાબેનના પતિ. તે બીના મનીષ ભાવસાર, ઉમા (વિધિ) કૌશિક પારેખ, શિલ્પા મનીષ પારેખ, ચિરાગી મહેતા, અમી પીન્કેશ શાહના પિતા. સ્વ. ચંદ્રકાંતભાઈ, સ્વ. શશીકાંતભાઈ, સ્વ. જશવંતરાય, કિરણભાઈ અને વસંતબેન નરેન્દ્રકુમાર મહેતાના ભાઈ. નેહા, ખ્યાતિ, અંજલી, મિશ્રી, આસ્થા, આરવના નાના. સ્વ. ગુલાબબેન જયંતીલાલ ગોરડીયાના જમાઈ. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સારસ્વત બ્રાહ્મણ**

ગામ કુતિયાણા હાલ મુંબઈ, દેવયાનીબેન અનિલકુમાર જોશી (રતેશ્વર) તે સ્વ. પાર્વતીબેન ચંદુલાલ જોષીના પુત્રવધૂ. ગામ જામખંભાળિયા હાલ મુંબઈ, સ્વ. તારાગૌરીબેન રમેશચંદ્ર કલ્યાણીના સુપુત્રી. ચિ. અમીષાબેન, સ્વાતિબેન તથા જયેશભાઈના માતુશ્રી. મુનીષભાઈ રાવલ તથા નેહાબેનના સાસુ. સુજલ અને દેવયાનના દાદી. જયેન્દ્રભાઈ, બીપીનભાઈ, નીતિશભાઈ, અશોકભાઈ કલ્યાણી, ચંદ્રિકાબેન ભરતભાઈ રત્નેશ્વરના બેન. તા. ૧/૧૨/૨૫ના સ્વર્ગલોક સીધાવ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪ ડિસેમ્બર ૨૦૨૫ના ૪ થી ૬. સ્થળઃ લોટસ, રઘુલીલા મેગા મોલ, લેવલ ૪, પોઇસર બસ ડેપોની પાછળ, કાંદીવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ સખપુર હાલ ઘાટકોપર, અ.સૌ. હર્ષા પ્રફુલભાઈ દાવડા (ઉં.વ. ૬૯) તા. ૩૦-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે શ્વેતા તથા નિકિતાના માતોશ્રી. સંતોષ કેદ્દારે અને અમિત કાથરાણીના સાસુ. સ્વ. મિતાબહેન મહેશ દાવડા, જયશ્રી રમેશ દાવડા, લતાબહેન બિપીન મશરૂના ભાભી. સ્વ. ચંદ્રકાંત તથા શાંતિલાલ ગોવિંદજી દાવડાના વહુ. રીનાબહેન, કિંજલ અને ચિરાગના ભાભુ. સ્વ. લાભુબેન ગોરધનદાસ રાયજાદાના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪/૧૨/૨૫ના ૪.૩૦ થી ૬.૦૦. વિશ્વેશ્વર મહાદેવ મંદિર, રાજાવાડી, રામ મંદિરની સામે, એમ.જી. રોડ, સિંધુવાડી બસ સ્ટોપની બાજુમાં, ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

માનેક ડી. કુપર તે મરહુમ ધનજીશાહ નવરોજી કુપરના વિધવા. તે મરહુમો કુમા તથા અદેશર પંથકીના દીકરી. તે કુરૂશ સામ કમલના મમ્મી. તે એરવદ જીમી અદેશર પંથકી તથા મરહુમો બેહરામ અદેશર પંથકી ને મની નરીમાન કુપરના બહેન. તે વિસ્તાસ્પ ને પીરાનના બપયજી. તે શાહઝાદના મમયજી (ઉં. વ. ૮૬) રે. ઠે. ૧૪/૮ પંથકી બાગ, વિશાલ હોલની સામે, અંધેરી પૂર્વ, મુંબઈ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૪-૧૨-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે અંધેરી મધ્યે પટેલ અગિયારીમાં.

## જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નાગનેશ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ચંપાબેન કસ્તુરચંદ તલકશી શેઠના સુપુત્ર છબીલદાસ (ઉં. વ. ૯૨) તા. ૩-૧૨-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયાબેનના પતિ. સ્વ. ચુનીલાલ સંઘજીભાઈ દોશીના જમાઈ. તે ચિ. ભાવેશ, રૂપેશ, સંગીતાબેન વિપુલકુમાર, સ્મિતાબેન નિમિષકુમાર, મલ્લિકાબેન અમીતકુમાર તથા પારૂલબેન વિપુલકુમારના પિતાશ્રી. તેજલબેન તથા શીતલબેનના સસરા. તે સ્વ. વિરચંદભાઈ, સ્વ. શાંતિભાઈ, સ્વ. હિંમતભાઈ, સ્વ. મનસુખભાઈ, રસીકભાઈ, સ્વ. રમણીકભાઈ, મહેન્દ્રભાઈ, ચંદ્રકાંતભાઈ, સ્વ. કાંતાબેન મનહરલાલ તથા સ્વ. સરલાબેન સૂર્યકાંતભાઈના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મેઘાપીપળીયા નિવાસી હાલ મુંબઈ સ્વ. જયંતીલાલ નરભેરામ દેસાઈ તથા સ્વ. જયાબેન જયંતીલાલ દેસાઈના પુત્ર વિરેન્દ્ર જયંતીલાલ દેસાઈ (ઉં. વ. ૬૩) તે પ્રકાશભાઈ, યોગેશભાઈ, દિનેશભાઈ, વર્ષાબેન શૈલેષભાઈ દોમડીયા, જયોતીબેન દિલીપભાઈ ફીફાદરાના ભાઈ. ઈશિતા પરાગભાઈ કારીયાના પિતાશ્રી ૨-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. (સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**સુરત જિલ્લા વિશા પોરવાડ રૂવાઈ જ્ઞાતિ જૈન**

સ્વ. રમેશભાઈ લલ્લુભાઈ ચોકસી તે કુસુમ રમેશ ચોકસીના પતિ. સંજીવ રમેશ ચોકસીના પુત્ર. તે લતા સંજીવ ચોકસી પુત્રી. તે નિકીતા સંજીવ ચોકસી પૌત્રી મંગળવાર, ૨-૧૨-૨૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, ૪-૧૨-૨૫ના ૫ થી ૭. ઠે. યશવંતરાવ ચવ્હાણ સેન્ટર, રંગેશ્વર હોલ, ચોથા માળે, જનરલ જગન્નાથરાવ રોડ, ભોંસલે માર્ગ, મંત્રાલયની સામે, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૨૧.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

દલખાણીયા નિવાસી હાલ વસઈ, વિનોદભાઈ (બિપીનચંદ્ર) ઓત્તમચંદ મડિયાના ધર્મપત્ની પારૂલબેન (ઉં.વ. ૫૭) ૩૦/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. વૈભવ તથા હેતાલીના માતુશ્રી. પાયલ તથા રોશનકુમારના સાસુ. હર્ષાબેન, ગુણવંતરાય, અલ્પાબેન શશીકાંત, હીનાબેન હિતેન્દ્રભાઇ, મનીષાબેન પ્રફુલભાઇ, ચંદ્રિકાબેન બળવંતરાય વોરા, રેખાબેન અશોકભાઈ શાહના ભાભી. પિયરપક્ષે ગઢડા નિવાસી હાલ મલાડ સ્વ. મથુરભાઈ મગનલાલ દેસાઈના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૫/૧૨/૨૫ના ૧૦.૩૦ થી ૧૨. સ્થાનાકવાસી જૈન ઉપાશ્રય, ગુજરાતી સ્કૂલની પાછળ, માણેકપુર વસઈ રોડ વેસ્ટ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

બોટાદ સુરેન્દ્રનગર નિવાસી હાલ મીરા રોડ, અનિલભાઈ ભોગીલાલ વોરા (ઉં.વ. ૬૯) તે કલ્પનાબેનના પતિ. મિતુલ, કેતૂલ તથા કૃતિ રવિ કામદારના પિતા. કમલેશભાઈ તથા સ્વ. પ્રજ્ઞા પરેશ શાહના ભાઈ. સ્વ. મનસુખલાલ ગુલાબચંદ શાહના જમાઈ. રિદ્ધિ તથા સૂચિના સસરા. ૨/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તેમજ પ્રાર્થનાસભા રાખેલ નથી.

**સોરઠ વિસા શ્રીમાળી જૈન**

જુનાગઢ નિવાસી, હાલ વિલે પાર્લે, પ્રવીણભાઈ હિંમતલાલ પ્રભુદાસ સંઘવીના ધર્મપત્ની અ. સૌ. કુસુમબેન (ઉં.વ. ૭૫) વિશાલ, રૂપલ તથા વૈશાલી મેહુલકુમાર મહેતાનાં માતુશ્રી. સ્વ. શશીકાન્તભાઈ, હસમુખભાઈ, સ્વ. નિર્મળાબેન વ્રજલાલ મેહતા તથા ભાવનાબેન હસમુખલાલ પારેખનાં ભાભી. ચી. સાહિલ તથા ચી. મોક્ષિલનાં નાની. સ્વ. પ્રાણલાલ અમુલખ શાહના દિકરી. મંગળવાર, તા. ૨ ડિસેમ્બર ૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાદડી શનિવાર, તા. ૬ ડિસેમ્બર ૨૦૨૫ના ૩ થી ૫. સ્થળઃ સરદાર પટેલ સોસાયટી, એફ બિલ્ડિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, નેહરુ રોડ, પેટ્રોલ પંપની સામે, વિલે પાર્લે પૂર્વ.

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

ગોંડલ નિવાસી હાલ ઘાટકોપર, લાભુભાઈ ગૌરીશંકર કોઠારી (ઉં.વ. ૯૭) તે વિમળાબેનના પતિ. દક્ષાબેન મુકેશભાઈ કામદાર, સ્વ. સુષ્મા અને અમિતના પિતા. મુકેશભાઈ તથા કામિનીબેનના સસરા. વિધિ ગૌરવ ખેતાણી, વૃત્તિ સ્વપ્નિલ શાહ, અનુર્વ, મુદ્દીતના દાદા-નાના. સ્વ. ભાનુભાઇ, સ્વ. તનસુખભાઈ, કૌશિકભાઈ, ધીરેનભાઈ, મંજુલાબેન સદ્ગુણભાઇ પારેખ, હેમલતાબેન કિશોરભાઈ શાહના ભાઈ. જેતપુર નિવાસી સ્વ. પ્રીતમલાલ દેસાઈના જમાઈ. તા. ૨/૧૨/૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. દેહદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાગલપુર હાલે રામાણીયાના રતનબેન લક્ષ્મીચંદ દેઢીયા (ઉં.વ. ૮૦) ૩૦-૧૧-૨૫ના અવસાન પામેલ છે. પાનબાઇ ઠાકરશી હીરજી દેઢીયાના પુત્રવધૂ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. મીના, દમયંતી, શિલ્પા, સ્વ. હીના, તુષારના માતુશ્રી. ચાંગડાઇના પુરબાઇ ખીમજી નથુના પુત્રી. વલ્લભજી, ડુમરાના હીરબાઇ રતનશી, દમયંતી નાનજી, વીઢના મણીબેન રતનશી, માપરના બચુબેન ખીમજી, સાભરાઇના લીલાવંતી ગાંગજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મીનાબેન કેશવજી ગંગર, સમાઘોઘા, મુંદ્રા-૩૭૦૪૧૫.

બેરાજાના પ્રવિણ શીવજી ખેતશી સાવલા (ઉં.વ. ૭૫) તા. ૧-૧૨-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી વેલબાઈ શીવજી સાવલાના સુપુત્ર. પ્રભાવતીના પતિ. વિનય, પીનલના પિતાશ્રી. મગન, બેરાજાના હીરબાઈ શામજી, લુણીના મણીબેન નાનજી, કપાયાના મંજુલાબેન ડુંગરશી, પ્રભાબેન ચુનીલાલ, સમાઘોઘાના લક્ષ્મીબેન શાંતીલાલના ભાઈ. કપાયાના માતુશ્રી મણીબેન ખીમજી કુરપાર સંગોઈના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. પ્રભાવતી સાવલા. ૨૦૧, અલાયન્સ સવાઈ, લિબર્ટી ગાર્ડન, રોડ નં. ૧, મલાડ (વે).

વડાલાના પ્રીતિ શેઠીયા (ઉં.વ. ૫૨) તા. ૨/૧૨/૨૫ના અવસાન પામેલ છે. મણીબેન અને ભચીબેન શિવજી તેજશી વેલાના પુત્રવધૂ. નરેશના ધર્મપત્ની. કૃપાલી, વિરલ, ચિરાગના મમ્મી. સ્વ. તારાબેન વસનજી ભેદાની પુત્રી. મનોજના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રા. શ્રી થાણા વર્ધમાન શ્રાવક સંઘ, તળાવ પાળી થાણા (વે) ટા. ૩ થી ૪ઃ૩૦. નિ. નરેશ શેઠિયા, ૪૦૩, ઓમ લક્ષ્મી, ભંડાર આલી. થાણા (વે).

ભોજાય હાલે મુલુંડના ડો. ખુશાલ વેજબાઇ ધનજી વિસરીયા (ઉં.વ. ૭૪) તા. ૨-૧૨-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. વેજબાઇ ધનજીના પુત્ર. નિર્મલાના પતિ. ડો. રચના, ડો. મિલન, રચિતના પિતા. મહેન્દ્ર, ચેતન, મોટા આસંબિયા કલ્પના (મુક્તા) કૌશિક, સાભરાઈ ભાવના (લક્ષ્મી) ભરતના ભાઈ. નલિયા લક્ષ્મીબેન ખેતસી છેડાના જમાઈ. પ્રાર્થના : રોયલ સેલિબ્રેશન બેંકવેટ હોલ, નાહુર (પશ્ચિમ) રેલ્વે સ્ટેશન સામે, ટા. ૩ થી ૪.૩૦. નિ. ખુશાલ વિસરીયા, ૧૮૦૧, મેરિગોલ્ડ એકસોટિક, પી. કે. રોડ, મુલુંડ (વે).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# એ દિવસોમાં મારી ઓળખાણ દેવ આનંદ સાથે થઈ...

(ભાગ: ૭)

નામ: મુમતાઝ જહાન દહેલવી (મધુબાલા)
સમય: ૨૦ ફેબ્રુઆરી, ૧૯૬૯
સ્થળ: બ્રિચ કેન્ડી હોસ્પિટલ, મુંબઈ
ઉંમર: ૩૬ વર્ષ

મારા અબ્બુ મારે માટે સર્વસ્વ હતા, પરંતુ ધીમે ધીમે એમનો રવૈયો બહુ મુશ્કેલ બનતો જતો હતો. મારા પૈસા મને વાપરવા માટે મળતા નહીં. એ નાના નાના નિર્માતાઓ સાથે ઘમંડ અને તોછડાઈથી વાત કરતા. એમને ખબર હતી કે, મને સાઈન કરવા માટે એ જેટલા પૈસા માગશે એટલા આપવા માટે અત્યારે સહુ તૈયાર છે. અબ્બુ સાઈનિંગ અમાઉન્ટ લઈ લેતા, પછી ડેટ આપતી વખતે પૈસા વધારી દેતા... સહુ ફરિયાદ કરતા, પણ હું કંઈ કરી શકું એમ નહોતી.

એ વખતે મારા મેન્ટોર અને જેણે મને પહેલો ચાન્સ આપ્યો એ સરદાર ચંદુલાલ શાહ તકલીફમાં આવી ગયા હતા. એમના ભત્રીજા રતિભાઈ પૂનાતર અમારી પાસે આવ્યા. એમણે એક ફિલ્મનો પ્રસ્તાવ મૂક્યો. હું સરદાર ચંદુલાલ શાહની બજારની પરિસ્થિતિ જાણતી હતી, હું એ પણ જાણતી હતી કે, અબ્બુ બહુ ગુસ્સે થશે તેમ છતાં, મેં રતિભાઈને એક પણ પૈસો એડવાન્સ લીધા વગર ફિલ્મની ડેટ આપવાની હા પાડી. એમણે એક ફિલ્મ પ્લાન કરી. અબ્બુએ એ વિશે ખૂબ ઝઘડો કર્યો. મને ધમકાવી, પરંતુ મેં પહેલી વખત અબ્બુની સામે આંખ ઊંચી કરીને કહ્યું, 'ચંદુલાલ શાહને કારણે આજે આપણે અહીંયા ઊભા છીએ. એ જો આપણો હાથ ન પકડત તો આપણે કોઈ દિવસ મુંબઈમાં સેટલ થઈ શક્યા ન હોત. એમનો આપણા પર અહેસાન છે.' અબ્બુએ મને ડરાવવા માટે કહ્યું કે, આવનારા ૬ મહિના સુધી મારી ડેટ અવેલેબલ નથી! મારી ડેટ અબ્બુ જ મેનેજ કરતા એટલે એમની સાથે દલીલ કરવાનો કોઈ અર્થ નહોતો... મેં મનોમન નિર્ધાર કરી લીધો હતો. થોડા વખતથી હું અબ્બુની આ જોહુકમી સામે માથું ઊંચકતી થઈ ગઈ હતી-યુસુફ એનું એક કારણ હતો! મેં એની સાથે વાત કરી, યુસુફે મને સજેસ્ટ કર્યું કે, હું અબ્બુની તારીખો તો જાળવી જ લઉં, પરંતુ રતિભાઈ પૂનાતરને વધારાનો સમય આપી દઉં. વિચાર મને ગમી ગયો. હું સામાન્ય રીતે એક જ શિફ્ટમાં કામ કરતી, પરંતુ મેં રતિભાઈ માટે રોજ અડધી શિફ્ટ વધારાનું કામ કરવાનું નક્કી કર્યું. અબ્બુના અણગમા સાથે ફિલ્મ પૂરી તો થઈ, પરંતુ સી ગ્રેડની ફિલ્મ અને પબ્લિસિટીના પૈસા ખૂટી પડવાને કારણે ફિલ્મ ડબ્બો થઈ ગઈ. અબ્બુને કહેવાનું બહાનું મળી ગયું.



દેવ આનંદ – મધુબાલા

એ દિવસોમાં મારી ઓળખાણ દેવ આનંદ સાથે થઈ. અમે 'મધુબાલા' ફિલ્મ સાઈન કરી. દેવ આનંદ ત્યાં સુધીમાં સફળ કલાકાર તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા હતા. એમણે 'નવકેતન' નામની પોતાની સંસ્થાની સ્થાપના કરીને એના બેનર નીચે ફિલ્મો બનાવવાની શરૂ કરી હતી. સેટ ઉપર એક દિવસ એણે મારી સાથે અંગ્રેજીમાં વાત કરી. હું સંકોચાઈ ગઈ. મેં એમને કહ્યું, 'મને અંગ્રેજી નથી આવડતું.' એમણે મને કહ્યું, 'મધુજી, અંગ્રેજી હવે દુનિયાની ભાષા બનવાની છે. હિન્દી અને ઉર્દૂના દિવસો પૂરા થશે. સૌએ અંગ્રેજી શીખવું જ પડશે...' એમણે મારે માટે અંગ્રેજી ટ્યુટર શોધી આપ્યો અને હું અંગ્રેજી શીખવા લાગી. દેવ આનંદ એક ખૂબ સારા મિત્ર હતા. એ પોતાની કારકિર્દી વિશે એટલા ફોક્સ્ડ હતા કે, સામેની વ્યક્તિને કોમ્પ્લેક્સ આવી જાય! એમણે ફિલ્મો અને અભિનયની એક નવી પરિભાષા શરૂ કરી. દેવ આનંદ પોતાના ભવિષ્ય વિશે સ્પષ્ટ હતા. ફૂડ, ફિટનેસ અને ફેશનમાં એમણે એક નવી જ વિચારધારાને જન્મ આપ્યો. એ મને હંમેશાં કહેતા, 'પિતાનો આદર કરવો એ એક વાત છે અને એમનાથી દબાઈને, ડરીને રહેવું બીજી વાત!' જોકે, હું ક્યારેય મારા પિતાની સામે ખૂલીને બોલી શકી નહીં. અમે 'નિરાલા'માં સાથે કામ કરતાં હતાં. એ દિવસોમાં મઝહર ખાન નામના એક અભિનેતા અમારી સાથે કામ કરતા હતા. એમણે પોતાના કેટલાક મિત્રોને શુટિંગ જોવા માટે નિમંત્રિત કર્યા હતા. આ મહેમાનો શુટિંગ જોઈ રહ્યા હતા ત્યારે મારા પિતાને ખુરશી ન મળી. કોઈએ જાણી જોઈને એમની સાથે ગેરવર્તન ન જ કર્યું હોય, પરંતુ મારા પિતાનો ઈગો એમને નડી ગયો. એમણે આવેલા મહેમાનને ઊભા થઈ જવાનું કહ્યું. મઝહર ખાન નારાજ થઈ ગયા. એમણે પોતાના મહેમાન સાથેનો ગેરવર્તન સ્વીકારવાની ના પાડી અને નિર્માતાને તરત હાજર થઈને આ વાતનો નીવેડો લાવવાનું કહ્યું. મારા પિતા અડી ગયા. મઝહર ખાન મારી પાસે આવ્યા. એમણે વિનંતી કરી, પરંતુ મારા પિતાની આંખો જોઈને હું ડરી ગઈ. મારે એમને કહેવું પડ્યું કે, મારા અનુબંધ (કોન્ટ્રાક્ટ) પ્રમાણે સેટ ઉપર અતિથિઓને પરવાનગી નહીં આપી શકાય. (ત્યારે તો આવો સોશ્યલ મીડિયાનો સમય નહોતો. કોઈ ફોટા પાડે કે દુરઉપયોગ કરે એવી શક્યતા નહોતી તેમ છતાં એ વખતે મધુબાલા અને અતાઉલ્લા ખાને આ વાતનો બહુ મોટો મુદ્દો બનાવ્યો.) મઝહર ખાનને અપમાન લાગ્યું, પરંતુ એ સમયે હું સ્ટાર હતી અને મારી જરૂરિયાત હતી જ એટલે કોઈ કશું બોલ્યું નહીં. મઝહર ખાનના મહેમાનો શુટિંગ જોયા વગર જ નીકળી ગયા, પરંતુ આ ઘટનાએ ફિલ્મ જગતમાં બહુ મોટા પડઘા ઊભા કર્યા. અતાઉલ્લા ખાનથી બધા કંટાળેલા જ હતા, એમનો વર્તાવ દિવસે દિવસે વધુ તોછડો અને જોહુકમીભર્યો થતો જતો હતો. નિર્માતાઓ, પત્રકારો અને સેટ પર અનેક લોકો મારા અબ્બુથી ચીડાયેલા હતા. પત્રકારોએ આ વર્તાવનો બહિષ્કાર કરવાનો નિર્ણય કરી લીધો. ભારત અને પાકિસ્તાનના પત્રકારોએ ભેગા થઈને મારી વિરુ કાર્યવાહી શરૂ કરી. 'નિરાલા'ના સેટ પરનો એમનો વર્તાવ ફિલ્મી દુનિયામાં એટલો બધો ચર્ચાયો કે, નિર્માતાઓ પણ પત્રકારોની સાથે જોડાઈ ગયા. તમામ પત્રકારોએ નક્કી કરીને મારો ફોટો કે મારા વિશેના કોઈ સમાચાર નહીં છાપવાનું નક્કી કર્યું. વરિષ્ઠ પત્રકાર બી. કે. કરંજિયાએ 'મુવી ટાઈમ્સ' નામના એમના મેગેઝિન દ્વારા સુલેહ કરાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ હવે જે રીતે આ પરિસ્થિતિ ગોઠવાઈ હતી એમાં ઈન્ડો-પાક જર્નાલિસ્ટ એસોસિએશન ઈનવોલ્વ થયું હતું. 'પારસ' નામની પત્રિકાના સંપાદક લાલા કરમચંદે આ વિરોધની આગેવાની લીધી અને સૌને અંગત રીતે મળીને મારા ફોટા નહીં છાપવા કે મારા વિશે સમાચાર નહીં પ્રકાશિત કરવાની વિનંતી કરવા લાગ્યા.

સાથે સાથે પત્રકારોએ ઈન્કમટેક્સને ફરિયાદ કરી કે, મધુબાલા ફક્ત ૫-૧૦ હજારનો કોન્ટ્રાક્ટ કરે છે અને બાકીના પૈસા કેશમાં લે છે... ઈન્કમટેક્સ વિભાગની નોટિસ પણ અમને મળી ગઈ. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે, નિર્માતાઓએ થોડી શુટ કરેલી ફિલ્મો સ્ક્રેપ કરીને, બીજી હિરોઈનને લઈને નવેસરથી શુટ કરવાની તૈયારી કરવા માંડી. મારા અબ્બુ સાચે જ ડરી ગયા હતા કારણ કે, નલિની, જયવંત, સુરૈયા અને નરગિસથી મને રિપ્લેસ કરવામાં આવી હતી. એ ગાળામાં મારા પિતાના એક વ્યવસાયિક ભાગીદાર હતા, પી.એન. અરોરા. એમણે પણ આ ઝઘડાને સુલટાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ હવે કશું થઈ શકે એમ હતું જ નહીં. મારા અબ્બુ માફી માગે એ શક્ય જ નહોતું, પરંતુ એમણે પી.એન. અરોરાને જુદા જુદા લોકો પાસે મોકલીને સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ હવે કોઈ કશું સમજવા તૈયાર નહોતું.

પ્યારેલાલ સંતોષી 'નિરાલા'ના ફાઇનાન્સર હતા. મારા અબ્બુએ ગમે તે રીતે એમનો સંપર્ક કર્યો. એમની સાથે મીટિંગ ગોઠવી. એ મીટિંગમાં અબ્બુએ પ્યારેલાલજીને મેં અત્યાર સુધી કરેલા દાનની વિગતો આપી. પ્યારેલાલજી ઈમ્પ્રેસ થયા. એમણે વિનંતી કરી કે, પાકિસ્તાન છોડીને ભારત આવેલા હિન્દુઓની મદદ માટે જે કાર્યક્રમ યોજવામાં આવ્યો એનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો, ત્યાં મારે ઉપસ્થિત રહેવું. અશોક કુમાર, એસ.ડી. બર્મન, પ્રેમનાથ અને રાજ કપૂર ત્યાં ઉપસ્થિત રહેવાના હતા-હું પણ ત્યાં ગઈ અને મેં ૫૦ હજાર રૂપિયાનો ચેક આપ્યો. એ વખતના મિનિસ્ટર મોરારજી દેસાઈને મેં કહ્યું હતું, 'આ મારી આજ સુધીની બચત છે.'

મોરારજી દેસાઈએ આ ઝઘડામાં અંગત રીતે રસ લીધો. મારે વિશે લખાતા અશ્લીલ લેખો એમના સુધી પહોંચ્યા. એમને જાણ થઈ કે મને ફોન પર ધમકી આપવામાં આવે છે, મારી ગાડીને ફોલો કરવામાં આવે છે ત્યારે મોરારજીભાઈએ ૨૪ કલાકની પોલીસ સુરક્ષા પૂરી પાડી, પરંતુ આ બધી પરિસ્થિતિમાં મારી બદનામી થઈ રહી હતી. મારા હાથમાંથી ફિલ્મો જઈ રહી હતી. કેદાર શર્મા અંગત રીતે અબ્બુને મળવા આવ્યા. એમણે પણ બને એટલું ઝડપથી આ સૂલટાવવાનો પ્રયત્ન કર્યો. અંતે, એસોસિયેશન તરફથી એક જ શરત આવી-સહુ પત્રકારો પાસે મારા અબ્બુ હાથ જોડીને માફી માગે.

અબ્બુ પાસે કોઈ ચોઈસ નહોતી. બી.કે. કરંજિયા અને રામ ઔરંગાબાદકર, બે જણાંએ આગેવાની લીધી. બાંદ્રામાં આવેલા અમારા બંગલા 'અરેબિયન વિલા'માં સહુ પત્રકારોને આમંત્રિત કરવામાં આવ્યા. એક નાનકડી પાર્ટીમાં અબ્બુએ સૌની પાસે જઈને પર્સનલી માફી માગી અને આ ઝઘડો પૂરો કરવાની વિનંતી કરી. પત્રકારોના ચક્રવ્યૂહમાં ફસાયેલા અતાઉલ્લા બહાર નીકળ્યા, ને સાથે મેં પણ નિરાંતનો શ્વાસ લીધો.

(ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# મોટા માણસનું બેસણું




ખૂબ મોટા માણસ એટલે કે દસ - બાર સંસ્થામાં પ્રમુખ- મંત્રી બની ચૂકેલા એવા મોરારભાઈનું અવસાન થયું. હવે એ તો રહ્યા મોટા માણસ એટલે બેસણું પણ જોરદાર જ રાખવું પડે. ખાસ તો મોરારભાઈ જ પોતાની છેલ્લી ઇચ્છા કહીને ગયેલા કે 'મારી પાછળ કોઈને લાડવા- પૂરી કે સાદી થાળીનું ભોજન સુધ્ધાં ખવડાવશો નહીં કે વાસણ સુધ્ધાં વહેંચશો નહીં. મેં ભેગી કરેલી મૂડીને સાચવી રાખજો. મેં પોતે પણ એક પૈસો એમાંથી વાપર્યો નથી તો પછી તમે એ વાપરતા નહીં. પણ વધારવા માટે મારી જેમ જે કરવું પડે તે કરજો. (કાળા - ધોળા પણ કરી શકો છો.) પણ 'છીંડે ચડ્યો તે ચોર ' જેમ હું કદી પકડાયો નથી, એમ જે કરો તે ચાલાકીથી કરજો. અને હા, મારા મૃત્યુ બાદ બેસણું તો અવશ્ય રાખજો. આમ તો મેં બધી સંસ્થામાં કામ કર્યું છે. એટલે બેસણા માટે તમે મફતમાં હોલ માગજો અને આવનારા સામે તમે મારા વિશે થોડું બોલજો. જેથી અન્યને મારા વિશે બોલવાની પ્રેરણા મળે. બને તો પૈસા આપીને પણ પત્રકારોને બોલાવજો. મેં લખીને આપેલો મારો બાયોડેટા અને પેલો માથા ઉપર કાળા ભમ્મર વાળવાળો ફોટો જ અખબારમાં છાપવા આપજો. પત્રકાર બીજાના ઇન્ટરવ્યૂ લે તો અટકાવશો નહીં. નાણાં ખરચીને પણ મારા જીવન -કવનનો પ્રચાર -પ્રસાર કરશો, તો અંતે ફાયદો તમને જ થશે.... '

મોરારભાઈને છ દીકરી અને બે દીકરા. પાંચ ભાઈ અને પાંચ બહેન. એ દરેકને ત્યાં ત્રણ ત્રણ એવરેજ બાળકો તેમજ ઘણા પરણેલાની વહુઓ અને ટાબરિયાં. વેવાઈ પક્ષ પણ ફૂલેલો ફાલેલો વટવૃક્ષ જેવો! એટલે એ બધાના કહેવાથી ખૂબ મોટો હોલ બેસણા માટે લીધો. અડધો હોલ તો મોરારભાઈના વટવૃક્ષ જેવા પરિવારના ડાળ, પાંદડાં અને મૂળિયાથી જ ભરાઈ ગયો.

માણસ મોટો એટલે પૂછવાનું શું...! ક્યાંય ક્યાંયથી લોક સમુદાય આવવો શરૂ થઈ ગયો.

વારેવારે નાનકો આવીને બધાને કહી જતો : ' જોજો... બાપાએ જે કહ્યું છે એમાંથી કંઈ રહી ન જાય. '

મોટાએ લિસ્ટ કાઢ્યું (બાપાએ એ લિસ્ટ આગોતરું જ મોટાને આપ્યું હતું.), જેમાં પ્રથમ ક્રમે લખ્યું હતું :

'મેં લખેલ મારા વિશેનું ભાષણ મોટા જમાઈ રઘુવીરને વાંચવા આપશો. (કારણ કે મેં એની પાસે આ લખાણ વીસેક વાર મોટેથી વંચાવ્યું છે. એટલે લગભગ હવે ગોખાઈ જ ગયું હશે.) માઇક જરા પહેલાં ચેક કરી લેવું. અવાજ થોડો લાઉડ રાખવો અને અંડરલાઇનવાળાં વાક્યો ધીમે ધીમે બે વાર વજન આપીને જ વાંચવા. એ વજનને કારણે ઓડિયન્સમાંથી તાળીઓ અવશ્ય પડવી જ જોઈએ અને નહીં પડે તો જ્યારે વીડિયો ઍડિટ કરો ત્યારે તાળીઓ ઉમેરાવી દેવી. પત્રકારોને જુદા જુદા સમૂહના ઇન્ટરવ્યૂ લેવાના કામે લગાડવા અને વીડિયો રેકોર્ડિંગ પણ કરી લેવું. કદાચ કોઈ મારા વિશે આમતેમ બોલે તો કટ કરાવીને બીજા સામે માઇક ધરી દેવું. એ ભાગ પણ વીડિયોમાં કટ કરવો. માત્ર જે ઉત્તમ હોય એ જ રાખવું અને ત્યાં તાળીઓ ઍડ કરાવવાનું ભૂલશો નહીં. (I.M.P.)...'

આ તરફ, રઘુવીરભાઈ તો પરીક્ષા આપવાની હોય એમ આંટા મારતા જાય ને ગોખતા જાય. બીજા બે જમાઈએ પણ મૌલિક બોલવાનું હતું. એમાં શું બોલવું એ ન સમજાતાં એ બંનેએ કેટલાક યુવાનો પાસે ગૂગલ - યૂ ટ્યૂબ ખોલાવીને મરણ પછી શોકસભામાં શું બોલવું એ શોધવામાં પરોવાયા. સ્ટેજ ઉપર બધા જમાઈઓ અને દીકરા જાણે પરીક્ષા હોલમાં હોય એમ આંટાફેરા લગાવતા જાય અને કંઈ ને કંઈ ગોખતા જાય. આવો માહોલ જોઈને એક પત્રકારે નાના જમાઈને પૂછ્યું :

'આ બધા શું વાંચે છે?'

હવે નટખટ અને મશ્કરા જમાઈએ મસ્તીમાં કહી દીધું કે,

'જે સસરા ઉપર શ્રેષ્ઠ બોલશે એને સસરાજીની પ્રોપર્ટીનો અડધો હિસ્સો મળવાનો છે. એટલે બધા પરીક્ષાની તૈયારી કરે છે.'

બરાબર ચાર વાગ્યે બેસણું શરૂ થયું. મોટા જમાઈએ એક શ્લોક થોથવાતી જીભે બોલીને સસરાના વખાણ ચાલુ કર્યાં. વિદ્યાર્થી પરીક્ષા પહેલાં ખૂબ ગોખણપટ્ટી કરે તો પરીક્ષા આપતી વેળા સાવ બધું જ ભૂલી જાય. એનું મગજ શૂન્યાવકાશથી ઘેરાઈ જાય. બસ, એમ જ જમાઈ તત ફફ કરવા લાગ્યા. બીજા જમાઈએ ઇશારો કર્યો કે કાગળમાંથી વાંચી નાખ. પણ મોટા જમાઈ પત્ની તરફ જોવા ગયા અને પત્નીની ચંડિકા સમી લાલ લાલ આંખો જોઈને એ બસ એટલું જ બોલ્યા : 'સુકાયેલ પાંદડું તોફાનો સામે ક્યાં સુધી ઝીંક ઝીલે! આખરે પાંદડું ખરી પડ્યું અને વૃક્ષની ડાળીઓ નોંધારી થઈ ગઈ. હવે રડવા સિવાય પેલાં માળા વિહીન પંખીઓ બીજું શું કરી શકે? '

ત્યાં જ પેલા નાના મસ્તીખોર જમાઈએ ' વાહ! વાહ! ક્યા બાત હૈ. બહોત ગહરી બાત કર દી આપને. વાહ!'

અને એ સાથે જ એણે તાળીઓ શું પાડી, આખા હોલમાં જેટલા હતા એ બધાએ ઊભા થઈને તાળીઓનો વરસાદ કરી દીધો. એકે કહ્યું, 'મોરારભાઈની જગ્યા આ મોટો જમાઈ લેવાનો... '

બીજો બોલ્યો, 'મોરારભાઈનું એક પાંદડું ખર્યું. પણ વૃક્ષ તો હજી જમાઈઓ અને છોકરાઓથી ભર્યું ભર્યું છે.'

ત્યાં ઘરની વહુ એના વરને કોણી મારીને કહેવા લાગી :

'જમાઈના વખાણ વધારે પડતાં થાય છે. જાવ, જરા માઇક હાથમાં લઈને તમે પણ પાંદડા, ડાળી, પંખી, ઝાડવાં જેવું જે જે આવડે તે તે બોલો. તાળી હું પાડવાની શરૂ કરીશ. એટલે આ ટોળું તો દોડવાનું જ છે. જાવ જલદી! ' એણે ધક્કો એવો માર્યો કે ફરી વાતાવરણમાં લીલોતરી ફરી વળી. પછી વારાફરતી

દીકરી, દીકરા, જમાઈ, પૌત્ર, વેવાઈઓ સુધ્ધાં માઇકની પડાપડી કરવા લાગ્યાં.

અંતે 'ભૂલો તમે બીજું બધું, મા -બાપને ભૂલશો નહીં.' ના ગાન સાથે હોલવાળો ખુરશી લેવા આવ્યો અને માઇક પણ બંધ થઈ ગયું. બહાર નીકળતાં લોકો બોલ્યાં:

'અલ્યા, આ લોકોએ તો ચા પાણી સુદ્ધાં પીવડાવ્યા નહીં. ઉપરથી તાળીઓ પાડી પાડીને હાથ દુઃખી ગયા...'

રાત આખી ઘરે જઈને બાપા કોને શું આપી ગયા એ જોવા બધા બેસી ગયાં. એમાં ફાટફૂટ અને મારામારી આખી રાત ચાલી. વહેલી સવારે પેપર આવ્યું તો એમાં પ્રથમ પાને મોટા અક્ષરે ન્યૂઝ હતાઃ

'શહેરના જાણીતા ધનવાન મોરારભાઈએ વીલમાં લખ્યું છે કે જે મારા વિશે શ્રેષ્ઠ બોલશે તેને મારી પ્રોપર્ટીનો અડધો હિસ્સો મળશે...! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# સ્ટેજ ફિયર... ક્યુંકી ડર કે આગે જીત હે

ફેબ્રુઆરી-માર્ચ મહિનો એટલે પરીક્ષાઓની સાથોસાથ વિવિધ પ્રોગ્રામ્સનો પણ મહિનો. અનેક શાળાઓમાં આ સમય દરમિયાન એક તરફ પરીક્ષાની તૈયારી ચાલતી હોય, તો બીજી તરફ ચાલુ હોય છે અવનવા કાર્યક્રમો. વાર્ષિક ઉત્સવો, એન્યુઅલ ફંક્શન્સ, પ્રોજેક્ટ સબમિશનને એવું નાનું-મોટું કંઈકને કંઈક ચાલ્યા કરે.

શ્રીજાની સ્કૂલમાં પણ શૈક્ષણિક વર્ષ પૂરું થવાની તૈયારીઓ પુરજોશમાં ચાલતી હતી. જોકે આ વર્ષે શ્રીજાના મનમાં જો સૌથી મોટો ડાયલેમા-અવઢવ હોય તો, એ હતી ડિબેટ ચેમ્પિયનશિપ.

એમાં ઇશાનના રેફરન્સ થકી એનું નામ પસંદ થયેલું. આમ તો ડિબેટ ટીમનો ભાગ હોવો એ સ્કૂલમાં બહુ સન્માનીય વાત ગણાતી. એટલે ઈશાનને એમ હતું કે, શ્રીજા અત્યંત ખુશ થઈ ઊઠશે. જોકે એવું કશું થયું નહીં. શ્રીજા માટે ઈશાન સાથે પ્રોજેક્ટ કરવો એક વાત હતી અને સખ્ત હેન્ડસમ અને પોતાની લાઈફના ફર્સ્ટ ક્રશ એવા ઈશાન સાથે દલીલબાજી કરવી એ અલગ વાત હતી. બીજું કે આમ જાહેરમાં મંચ પર તડાફડી બોલાવવી એ એના બસની વાત જ નહોતી. નાનપણથી જ માઇક સામે ઊભું રહેવું એટલે શ્રીજા માટે હૃદય ફાટીને બહાર આવી જાય એવી ઘટના... શ્રીજાને કાળી રાત્રે ભૂતનો ય ડર લાગે નહીં, પણ માઈક સામે થથરી ઊઠે... એમ એની મમ્મી સ્વાતિ ઘણીવાર કહેતી. અને વાત દર વખતે હસવામાં વહી જતી.

શ્રીજા માફક અનેક ટીનેજર્સમાં આ પ્રકારનો સ્ટેજ ફિયર જોવા મળતો હોય છે. જે એડલ્ટ થતાં સુધીમાં તો વ્યવસ્થિત વકરી જતો જોવા મળે એટલે જ આપણામાંથી અમુક લોકોને કોઈની સામે ઊભા થઈને બોલવું કે ચાર માણસની વચ્ચે પોતાની વાત મૂકવી એ બહુ અઘરું અને અશક્ય લાગતું હોય છે. જાણે મૃત્યુદંડ અપાય ગયો હોય એમ. બસ, આ સ્ટેજ ફિયરનો ભોગ શ્રીજા પણ બનેલી છે.

સામાન્ય સંજોગોમાં શ્રીજા આવી કોઈ પણ સ્પર્ધાઓમાં ભાગ લેવાથી જાતને દૂર રાખતી,પરંતુ અહીં તો વાત હતી ઈશાનની એટલે શ્રીજા કોઈ પણ ભોગે ના પાડવા માંગતી નહોતી અને ત્યાં જ સૌથી મોટી ગૂંચ પડી. ના પાડવી નથી ને હા પાડવાની હિંમત નથી.

હવે કરવું શું?

વર્ષોથી એજ સ્કૂલમાં ભણતી શ્રીજા પોતાના મિત્રો સાથે હસમુખી અને ઘર પર બહુ જ બોલકણી, પરંતુ એની બધી હિંમત ગાયબ થઈ



જતી જ્યારે ક્લાસમાં કોઈ પ્રોજેક્ટ રજૂ કરવાનું કહેવામાં આવે કે વાર્ષિકોત્સવનું રિહર્સલ ચાલે ત્યારે શ્રીજાના ધબકારા વધી જતાં.

હાથમાં પસીનો વળી જતો અને ગળામાં જાણે કોઈ ગાંઠ બાંધી દીધી હોય એવો અહેસાસ થતો. સ્કૂલમાં ઈશાન હમણાંજ આવેલો એટલે આ વાતથી અજાણ હતો અને શ્રીજા એને જણાવવા માગતી નહોતી. આખરે બોલવામાં મહારથી એવા ઈશાન પાસે કન્ફેસ કરવું એ આપઘાત સમાન હતું. સેલ્ફ ડિસ્ટ્રકશન, સબોટેજ ઓફ ફિલિંગ્સ એટલે કે લાગણીઓનો કચ્ચરઘાણ.

શ્રીજા બૌદ્ધિક રીતે બહુ ધારદાર હતી, પણ સ્ટેજ પર આવવા જતા જ જાણે એની અંદરનો સ્વિચ 'ઓફ' થઈ જાય. એટલે આજે ડિબેટ ટીમ સિલેક્શન પછી ઈશાન ઉત્સાહમાં ગરક થયો ને શ્રીજા ચિંતામાં.

ઘેર પહોંચી, બેગ મૂકી એ સીધી પોતાના રૂમમાં ગઈ. સ્વાતિને ક્ષણભર થયું કે આજે બેન આટલા શાંત કેમ હશે? જમવા વખતે વાત એમ વિચારી એ કામે વળગી. રાત્રે એણે પ્રેમથી પૂછ્યું, 'બેટા, શું થયું?' થોડું સંકોચાયા પછી શ્રીજાએ બધું કહી નાખ્યું. આખી વાત ધ્યાનથી સાંભળ્યા પછી પપ્પાએ કહ્યું, 'સ્ટેજ ફિયર કોઈ શરમાવાની વસ્તુ નથી.' અને એને એક નાની ટિપ આપી : 'જો સાંભળ, તારે જે બોલવું છે એ સ્પીચ તૈયાર કરી પહેલા અરીસા સામે બોલવાની પ્રેક્ટિસ કર. તારી જાતને પહેલો પ્રેક્ષક બનાવ.'

બીજા દિવસે શ્રીજાએ પપ્પાની સલાહને અમલમાં મૂકી. દર્પણ સમક્ષ બોલવાનો પ્રયાસ કર્યો. પહેલા તો શબ્દો ગળામાં અટવાયા, પણ ધીમે-ધીમે સરળ થતું ગયું. સ્વાતિએ એના વખાણ કર્યા, 'વાહ! હવે તું અમારી સામે પ્રેક્ટિસ કર. સ્કૂલમાં ઈશાનની મદદ લે. એને સાચું કહી દે કે તું એના જેટલી ધારદાર સ્પીકર નથી. આથી, એને પણ તારી મર્યાદાને ધ્યાનમાં રાખી તૈયારી કરવાનો ખ્યાલ આવે.'

ટીનએજમાં તમારી નબળાઈઓ સ્વીકારશો તો જ એને દૂર કરવાના પ્રયત્ન થઈ શકશે ને? સ્વાતિની વાતે શ્રીજામાં હિંમતનો સંચાર કર્યો. એણે ઈશાનને કહ્યું. ઈશાન શરૂઆતમાં થોડો ખચકાયો કે ક્યાંક એની ટીમ હારે નહીં, પણ અંતે એણે શ્રીજાને પ્રેક્ટિસ કરાવવાની શરૂ કરી.

કાર્યક્રમના દિવસે ઓડિટોરિયમ ધીરે-ધીરે ભરાવા લાગ્યું. સ્ટેજ પર ચમકતી લાઇટ્સ, સામે બેસેલા વિદ્યાર્થીઓ, શિક્ષકો, મહામાનો અને આગંતુકો, પ્રતિસ્પર્ધીઓ આ બધું જોઈ શ્રીજા થોડી નર્વસ થઈ ઊઠી. એણે આંખો મીંચી ને પપ્પાના શબ્દો યાદ કર્યા :

'બહાદુર એ છે જે ડરની સામે ઊભું રહે.'

ડિબેટ શરૂ થઈ. પ્રથમ સ્પીકર ઈશાન પોતાની ઓપનિંગ સ્પીચમાં જ છવાય ગયો. સામસામે મોશન્સ રજૂ થયાં, દલીલો થઈ, ડિફેન્સ-ઓફેન્સની જુગલબંધીમાં માહોલ જોરદાર જામ્યો.

શ્રીજાનું નામ જાહેર થયું. ધીમા પગલે સ્ટેજ તરફ આગળ વધી. માઇક સામે ઊભા રહેતાં જ ક્ષણભર બધું બ્લેન્ક થઈ ગયું. એની નજર ઈશાન પર પડી. ઈશાનના ચહેરા પર અધીરાઈ હતી, શ્રીજા તરફનો આત્મભાવ હતો, જીત મેળવવાનું ઝનૂન હતું.

શ્રીજાએ ઊંડો શ્વાસ લીધો અને બોલવાનું શરૂ કર્યુ. પાછળની હરોળમાં એને બે ચહેરા દેખાયા, એના પેરેન્ટ્સ સ્વાતિ અને સમીર. એમની આંખોમાં સ્પષ્ટ વંચાતુ હતું, "We believe in you." તે ક્ષણે શ્રીજાની અંદરના બધા ડર ઓગળી ગયા.

એ બોલી. સ્પષ્ટ શબ્દો અને સમજૂતી સાથે. આત્મવિશ્વાસ અને અનન્ય હિંમત સાથે. એણે ગોખેલી દલીલો ના કરી, પણ એની બુદ્ધિક્ષમતાનો ત્વરિત પરિચય મળે એમ મુદ્દાઓ રજૂ કર્યા.


શ્રીજાની સ્પીચ પૂરી થઈ. હજુ સામે પક્ષે બોલવાનું ચાલુ હતું, પણ એને ખ્યાલ આવી ગયો કે, પોતે કરી બતાવ્યું. આગળ બેસેલા નિર્ણાયકોના હાવભાવ પરથી, પ્રિન્સિપલ મેમના સ્મિત પરથી, ઈશાનના ઉત્સાહ પરથી, મમ્મીની આંખના આંસુઓ અને પપ્પાએ ઊંચા કરેલા 'થમ્બસ અપ' પરથી. એને ખ્યાલ આવી ગયો કે એ એના ડર સામે જીતી ગઈ છે. સ્ટેજ ફિયરને એ સ્ટેજ પરથી ગબડાવી ચૂકી છે. અને પોતે ફિયરલેસ જિંદગી તરફ ડગ માંડી દીધાં છે. ■

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@
bombaysamachar.com

# જ્યારે મહિલાએ પુરવાર કરવું પડે કે તે મહિલા છે!


ઇમાને ખેલીફ – લિન યુ–ટિંગ


દૂતી ચંદ


માર્ટિના નવરાતિલોવાથ



કેસ્ટર સેમેન્યા

ભારતની મહિલા રમતવીરો અત્યારે સ્પોટલાઇટમાં છે. મહિલા ક્રિકેટ ટીમે વર્લ્ડકપ જીતી લીધો, તો પ્રજ્ઞાચક્ષુ મહિલા ટી-૨૦ વર્લ્ડકપમાં પણ આપણા દેશની મહિલાઓએ તિરંગો ફરકાવી દીધો. પણ મહિલા રમતવીરોએ જે સંઘર્ષ કરવો પડે છે, તે માત્ર નાણાંનો અભાવ, કે પરિવાર, સમાજ કે સરકારના સમર્થનના અભાવ પૂરતો સીમિત નથી. મહિલાઓએ શારીરિક અને માનસિક રીતે તેને તોડી નાખે તેવા એક અન્ય સંઘર્ષનો પણ ઘણીવાર સામનો કરવો પડે છે. અને આ સંઘર્ષ માત્ર ભારતની નહિ, વિશ્વભરની મહિલા ખેલાડીઓને કરવો પડે છે.

તમે ક્યારેય રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય રમતમાં કોઈ પુરુષ ખેલાડી માટે એવું કહેવાતું સાંભળ્યું કે, 'આ તો મહિલા છે, છતાં પુરુષોની સ્પર્ધામાં રમવા ઊતરી છે?' લગભગ ક્યારેય નહીં. પણ એવું જરૂર સમાચારોમાં ચમક્યું છે, કે ફલાણી મહિલા ખેલાડી હકીકતમાં તો મહિલા જ નથી! એ પુરુષ છે, અથવા એ ટ્રાન્સજેન્ડર છે તેથી મહિલાઓ સાથે સ્પર્ધા કરવા લાયક નથી. હા, ખેલજગતમાં મહિલાઓ માટે માત્ર અન્ય મહિલા ખેલાડીઓ સાથે સ્પર્ધા જ નથી કરવાની હોતી, પણ ઘણીવાર આવા આક્ષેપોનો સામનો પણ કરવાનો આવે છે. કેટલીક મહિલાઓનો શારીરિક દેખાવ અને બાંધો પુરુષ જેવો હોવાથી જ તેમના ઉપર આક્ષેપો થવા લાગે છે.

તેના માટે મહિલા ખેલાડીઓના જેન્ડર ટેસ્ટ પણ કરવામાં આવે છે. સામાન્ય રીતે પુરુષ શ્રેણીમાં ભાગ લેતા રમતવીરો પર લિંગ ચકાસણી કરવામાં આવતી નથી કારણ કે સામાન્ય રીતે સ્ત્રી અથવા આંતરલિંગી રમતવીર માટે પુરુષ શ્રેણીઓમાં ભાગ લેવા માટે કોઈ સ્પર્ધાત્મક ફાયદો જોવા મળતો નથી. પણ મહિલાઓને આ માનસિક રીતે પીડાદાયક પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.

દક્ષિણ આફ્રિકાની બે વખતની ઓલિમ્પિક ચેમ્પિયન કેસ્ટર સેમેન્યાએ એક વખત જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરવા માટે ટેસ્ટોસ્ટેરોન ઘટાડતી દવા લેવી એ ''નરક'' હતું અને તેના સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર પડી હતી. સેમેન્યાએ પોતાના નવા પુસ્તક, ''ધ રેસ ટુ બી માયસેલ્ફ''માં, દવાના તેના શરીર પર થયેલા નુકસાનકારક પ્રભાવનું વર્ણન કર્યું છે અને હવે કહે છે કે તે અન્ય મહિલાઓને પણ આવું જ સહન ન કરવું પડે તે માટે તેના પ્લેટફોર્મનો ઉપયોગ કરવા માગે છે. હા, હું અલગ છું, પણ તે મને સ્ત્રી કરતાં ઓછી નથી બનાવતું. ટેનિસ લેજન્ડ માર્ટિના નવરાતિલોવાને પણ આવાજ આક્ષેપોનો સામનો કરવો પડ્યો હતો. જોકે, તેને કોઈ ટ્રીટમેન્ટ લેવાની જરૂર નહોતી પડી. ભારતીય મહિલા એથ્લીટ દૂતી ચંદને માત્ર ૧૮ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય સ્તરે રમતોમાંથી પ્રતિબંધિત કરવામાં આવી કારણકે તેનું ટેસ્ટોસ્ટેરોન લેવલ કુદરતી રીતે ઊંચું હતું.

પેરિસમાં ૨૦૨૪ સમર ઓલિમ્પિક ગેમ્સમાં બોક્સિંગમાં પણ આવો વિવાદ થયો હતો. જેમાં બે મહિલા બોક્સર પર નિશાન સધાયું હતું. અલ્જેરિયન ઇમાને ખેલીફ અને તાઇવાનની લિન યુ-ટિંગ. પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં મહિલા બોક્સિંગ ઇવેન્ટ્સમાં ભાગ લેવાની તેમની લાયકાત પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. ખેલિફના કિસ્સામાં વર્લ્ડ બોક્સિંગ દ્વારા ફરજિયાત લિંગ પરીક્ષણનો આદેશ આપવામાં આવ્યો, એટલુંજ નહીં તેની ઓળખ પણ ગુપ્ત રાખવામાં ન આવી. આવાં પરીક્ષણો ગૌરવ અને આત્મવિશ્વાસનાં મૂળભૂત ધોરણોને જાળવીને થવા જોઈએ. આજના જમાનામાં આવી વાતો વાઈરલ થતાં એક મિનિટનો પણ સમય નથી લાગતો હોતો. તેની અસર માત્ર ખેલાડીઓને જ નહીં, તેમના પરિવારને પણ ભોગવવી પડે છે.

એક બાજુ ક્રિકેટ કે બોક્સિંગ જેવી રમતો રમતી મહિલા ખેલાડીઓને સમાજનો એક વર્ગ પહેલેથી જ ''પુરુષો જેવી'' ગણીને તેવી નજરે જોતો હોય અને બીજી બાજુ જેના ઉપર તેમનું કોઈ નિયંત્રણ નથી તેવી કુદરતી ટેસ્ટોસ્ટેરોન જેવી વાત માટે પણ તેને જ દોષી ઠરાવી દેવામાં આવે. દૂતી ચંદે પણ રમતો માટેની ઇન્ટરનેશનલ કોર્ટમાં લડાઈ લડીને ન્યાય મેળવવો પડ્યો હતો. મહિલા ખેલાડીઓને આવી વ્યથામાંથી પસાર ન થવું પડે તેના માટે વિશ્વના તબીબો અને સરકારો સાથે મળીને શા માટે યોગ્ય નિર્ણય લઇ શકતા નથી? પુરુષો તો મજબૂત અને શક્તિશાળી જ હોય, પણ સ્ત્રી તો નાજુક જ હોય તેવી માન્યતા વિજ્ઞાનમાં પણ પ્રબળ છે.

હા, ઘણાં પરિબળોમાં પુરુષ અને સ્ત્રીની સરખામણી ન થઇ શકે. પણ તેનો મતલબ એવો પણ નથી થતો કે કેટલીક મહિલાઓ પુરુષો કરતાં શારીરિક રીતે પણ ચડિયાતી ન હોઈ શકે. સાથેસાથે એ પણ સત્ય છે કે શારીરિક રીતે મજબૂત, વધુ શક્તિશાળી હોવા માત્રથી કે ટેસ્ટોસ્ટેરોન લેવલ ઊંચું હોવાથી જ એ મહિલા મટી જતી નથી. તેની સાથે મહિલા જેવો જ વ્યવહાર થવો જોઈએ. દરેક મહિલા તેની હકદાર છે. ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@
bombaysamachar.com

# નાણાવટી રે સાજન બેઠું માંડવે...

લગ્નના મુહૂર્ત ચાલે જ છે, અને લગ્નના ગીત વગર જ બધાજ લગ્ન અધૂરા છે. તેવી જ રીતે પાનેતર વગર કન્યા અધૂરી છે. દરેક યુવતીનું એક જ સપનું હોય કે હું લગ્નમાં શું પહેરીશ ? દરેક યુવતીનું સપનું હોય કે મારું પાનેતર કેવું હશે. પાનેતરનો ચોક્કસ કલર કોમ્બિનેશન હોય છે સફેદ અને લાલ. પાનેતર સાથે લો બન, દામણી અને લાલ કલરનો ચાંદલો એક ટિપિકલ અને ટ્રેડિશનલ લુક આપે છે, પરંતુ હવે સમય બદલાયો છે અને સાથે ફેશન પણ. ફેશન સાથે યુવતીઓનું મગજ પણ બદલાયું છે. હવે યુવતીઓને ટીપિકલ લુક નથી જોઈતો પરંતુ કંઈક અલગ પહેરવું છે જે ટ્રેડિશનલ લુક પણ આપે અને થોડું અલગ પણ લાગે. એટલે કે, ચણિયા ચોળી.

એમાં પણ અલગ અલગ ઓપશન આવે છે જેમકે, લગ્નમાં પહેરવાના છે એટલે લાલ કલરના જ હોવા જોઈએ. એવું નથી. હવે પેસ્ટલ શેડના ચણિયા ચોળી પણ યુવતીઓ પહેરે છે. ઘણી યુવતીઓ પોતાના લગ્નના ડ્રેસ માટે લાલ કલર જ પસંદ કરે છે. લાલ કલર એ સૌભાગ્યની નિશાની છે અને પ્રેમનું પ્રતીક છે.

ઘણી યુવતીઓ પિન્ક અને રાની કલર પર પોતાની પસંદગી કરે છે. પાનેતર પહેરવા વાળો વર્ગ અને ચણિયા ચોળી પહેરવા વાળો વર્ગ આખો અલગ જ છે. ચણિયા ચોળીમાં પણ અલગ અલગ પ્રકાર આવે છે જેમકે, અમુક ચણિયા ચોળીમાં ટ્રેલ હોય છે. ઘણી યુવતીઓ બ્લાઉઝની બદલે જેકેટ પહેરવાનું પસંદ કરે છે. અને તેની પર પાતળો બેલ્ટ પહેરે છે. બેલ્ટના કલરની પસંદગી ડ્રેસના કલર કોમ્બિનેશનના હિસાબે કરવામાં આવે છે.


પહેલા એવો ટ્રેન્ડ હતો કે, પાનેતરમાંથી ચણિયા ચોળી બનાવવામાં આવતા. જે એક ટિપિકલ લુક જ આપે છે. પાનેતરમાંથી બનાવેલા ચણિયા ચોળી લાગે ખૂબ જ સુંદર પણ ખ્યાલ આવી જાય કે, આ ચણિયા ચોળી પાનેતરમાંથી બનેલા છે. પરંતુ હવેના ચણિયા ચોળી પ્રોપર ડિઝાઇન કરેલા હોય છે. ચણિયા ચોળીનો કલર કન્યાના સ્કિન ટોનને આધારે સિલેક્ટ કરવામાં આવે છે. અને કન્યાના હાઈટ બોડીને આધારે ચણિયા ચોળીમાં કરવામાં આવતા વર્કની ડિઝાઇન સિલેક્ટ કરવામાં આવે છે. આ આખા ડ્રેસમાં ૨ દુપટ્ટા હોય છે એક ગુજરાતી સ્ટાઈલમાં પહેરવાનો હોય છે અને બીજો દુપટ્ટો ટ્રાન્સપેરન્ટ હોય છે અને તે દુપટ્ટાને માથા પર પહેરવામાં આવે છે.

બ્રાઇટ કલરના ચણિયા ચોળી તો સૌ પહેરે જ છે પરંતુ આજકાલની કન્યા પેસ્ટલ કલરના ચણિયા ચોળી પહેરવાનું વધારે પસંદ કરે છે. હવેની કન્યાઓનું એમ માનવું છે કે, લગ્નમાં લાલ કલર જ કેમ પહેરવાનો? બીજા અલગ અલગ લાઈટ શેડના કલર પણ છે. હવેની કન્યા દુપટ્ટાને પણ અલગ રીતે ડ્રેપ કરાવે છે. એમ કહી શકાય કે આખો ટ્રેન્ડ જ બદલાઈ ગયો છે.

આજકાલની કન્યાઓ ફક્ત ડ્રેસ નહિ, પરંતુ આખી *પર્સનાલિટી* કેવી દેખાશે તેનો પણ ખાસ વિચાર કરે છે. પહેલા જ્યાં માત્ર લાલ, રાની અને મરુન કલરના ચણિયા ચોળીનું બોલબાલા હતી, હવે તેના બદલે *લવન્ડર, સ્કાય બ્લુ, પાવડર પિન્ક, મિન્ટ ગ્રીન, પીચ, લાઇલેક* જેવા પેસ્ટલ શેડને યુવતીઓ અદ્ભુત રીતે કેરી કરે છે. પેસ્ટલનો સૌમ્ય લુક અને ફોટોમાં આવતો રોયલ લુક કન્યાઓને ખૂબ આકર્ષે છે. ખાસ કરીને આઉટડોર ફોટોશૂટમાં પેસ્ટલ શેડનો ચમકતો ગ્લો કન્યાના દેખાવને વધુ સ્ટાઇલિશ બનાવી દે છે.

ડિઝાઇનિંગમાં પણ ઘણાં નવા ટ્રેન્ડ્સ જોવા મળે છે. જેમ કે મિરર વર્ક, કટી-વર્ક, સિક્વીન વર્ક, હેન્ડ-એમ્બ્રોઇડરી, જરી અને રેશમનું કોમ્બિનેશન આ બધું આજકાલના ચણિયા ચોળીને વધુ ગ્રાન્ડ બનાવે છે. ઘણા ડિઝાઈનર્સ હવે * વેલીકરા કઢાઈ, કોચ વર્ક, મિનાકારી પેટર્ન, જ્યોમેટ્રિક મોડર્ન ડિઝાઇન* વગેરે ઉમેરે છે જેથી ચણિયા ચોળીને સંપૂર્ણ મોડર્ન-ટ્રેડિશનલ ફ્યુઝન લુક મળે.

બ્લાઉઝની સ્ટાઈલમાં પણ કન્યાઓ ખૂબ એક્સ્પેરિમેન્ટ કરે છે. કેપ સ્લીવ્સ, ફુલ સ્લીવ્સ, હાઇ નેક, જેકેટ સ્ટાઈલ, ઓફ-શોલ્ડર, પેપલમ બ્લાઉઝ, વગેરે જેવા અનેક વિકલ્પો હવે લગ્નના ચણિયા ચોળીમાં જોવા મળે છે. ક્યારેક તો કન્યા પોતાના નામના ઇનીશિયલ અથવા લગ્નની તારીખ સ્લીવ્સ અથવા નેક પર એમ્બ્રોઇડ કરાવતી હોય છે, જે આખા ડ્રેસમાં પર્સનલ ટચ ઉમેરે છે.



લુકને સંપૂર્ણ બનાવવા માટે જ્વેલરી પણ મહત્ત્વની છે. હવેની કન્યા ભારે સોના કરતાં પોલ્કી, કુન્દન, મીણા વર્ક, પેસ્ટલ બીડ્સની મલ્હાર હાર, માથાપટ્ટી, નથ અને નાજુક કંગન પહેરવાનું પસંદ કરે છે. જ્વેલરીનો કલર-ટોન પણ ડ્રેસના શેડને અનુરૂપ હોય તેવું યુવતીઓ ખાસ ધ્યાન આપે છે.

નવો યુગ માત્ર કપડાંમાં નહિ, પણ આખી સ્ટાઇલિંગમાં બદલાયો છે. દરેક કન્યા ઇચ્છે છે કે તેણીનો લુક અનોખો લાગે, ફોટો આકર્ષક આવે અને યાદગાર બને. એટલે હવે કન્યાઓ *ટ્રેડિશનલનો ટેસ્ટ પણ રાખે છે અને ફેશનનું ટચ પણ ઉમેરે છે.* આ છે આજના સમયમાં કન્યાના લુકની સાચી ઓળખ - ક્લાસિક પણ, મોડર્ન. ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@
bombaysamachar.com

# શરીરને નિરોગી બનાવતા સરળ યોગાસન થકી સચોટ ઈલાજ

***શું આપ જાણો છો કે સરળ યોગાસનો થકી સમૃદ્ધ આરોગ્ય મેળવી શકાય છે?***

***- યોગની અસર આપણા શારીરિક, માનસિક સ્વાસ્થ્ય પર પણ પડતી હોય છે?***

***- ચક્રાસન કરવાથી મહિલાઓના ગર્ભાશયના રોગ દૂર થાય છે. જો કિશોર અવસ્થાથી જ આ આસન કરવામાં આવે તો જનનાંગો તથા સ્તનનો વિકાસ સારી રીતે થાય છે. હા, કોઈ પણ યોગાસન કરતાં પહેલા યોગ નિષ્ણાતની સલાહ લેવી જરૂરી છે.***


***- સમૃદ્ધ આરોગ્ય મેળવી શકાય એવાં કેટલાંક આસનો જોઈએ.***










## શશકાસન

- આ આસન હૃદયની સ્વાભાવિક માલિશ કરે છે.
- આંતરડાં, યકૃત, અગ્નાશય અને કિડનીને શક્તિ આપે છે.
- માનસિક રોગ, તણાવ, ક્રોધ, ચીડચીડિયાપણું વગેરે દૂર કરે છે. સ્ત્રીઓના ગર્ભશયને શક્તિ આપે છે. પેટ, કમર અને હિપ્સની ચરબી દૂર કરે છે.

## અર્ધમત્સ્યેંદ્રાસન

- બધી જ ઉંમરના લોકો માટે ઉપયોગી છે.

* મધુપ્રમેહ અને કમરદર્દમાં લાભદાયક છે.
* કરોડરજ્જુની આસપાસ ફેલાયેલી બધી જ નસ-નાડીઓમાં રક્ત સંચાર સારી રીતે થાય છે.
* પેટના વિકારો દૂર કરી આંતરડાને શક્તિ આપે છે.

## મકરાસન

- આ આસનની મુદ્રા ઘણી જ સહેલી છે.

* સ્લિપડિસ્ક, સર્વાઈકલ અને સિયાટિકા માટે ઉપયોગી અભ્યાસ છે.
* અસ્થમા તથા ફેફસાંના કોઈ પણ વિકાર તથા ઘૂંટણોનાં દર્દ માટે ખાસ ગુણકારી છે.

## અર્ધચંદ્રાસન

- અર્ધચંદ્રાસનના અનેક લાભ છે.

* શ્વસનતંત્રનું આરોગ્ય વધે છે.
* ફેફસાંના ભાગ સક્રિય થાય છે.
* દમવાળા રોગીઓને આ આસનથી લાભ થાય છે.
* સર્વાઈકલ, સ્પોન્ડીલાઈટિસ અને સિયાટિકા વગેરે મેરુદંડના રોગો દૂર કરે છે.
* થાઈરોઈડ માટે ઉત્તમ અભ્યાસ છે.

## ત્રિકોણાસન

- આ આસનથી લંબાઈ વધે છે.

* કમર લચીલી બને છે.
* પાછળની ચરબી ઘટે છે.
* પૃષ્ઠ ભાગની માંસપેસીઓ પર વળ પડવાથી તેનું સ્વાસ્થ્ય સુધરે છે.
* છાતીનો વિકાસ થઈ તેનું આરોગ્ય વધે છે.
* હાથ-પગની શક્તિ વધે છે અને તેની માંસપેસીઓ મજબૂત થાય છે.

## પર્વતાસન

- જે વ્યક્તિ શરીરને બરાબર આકાર આપવા ઈચ્છતી હોય તેમના માટે આ આસન ઉત્તમ છે.

* આના નિયમિત અભ્યાસથી સહનશક્તિ વધે છે.
* ઓછો અને વધુ બંને રક્તચાપ દૂર કરે છે.
* તણાવ દૂર થાય છે.
* હાથ-પગની માંસપેસીઓ મજબૂત થાય છે.
* ચહેરા પરની કરચલીઓ દૂર થાય છે.
* મનની એકાગ્રતા વધે છે.

## સિંહાસન

- કમર, ગળું, પીઠને સીધા રાખતાં વજાસનમાં ઘૂંટણને આધારે બેસી ઘૂંટણો પહોળા કરો.

* બંને હથેળીઓ અંદર રાખી ઘૂંટણોની વચ્ચે જમીન પર રાખો અને આંગણીઓ પહોળી કરો, મોંઢાને જેટલું ખોલી શકાય તેટલું ખોલી, જીભને જેટલી બહાર કાઢી શકો તેટલી કાઢી, આંખો ખુલ્લી રાખી અથવા ભ્રૂમધ્યમાં રાખી ગળાની નસ-નાડીઓને તાણતાં સિંહાસનની જેમ પોતાનું ઉગ્ર રૂપ બનાવો. આનેજ સિંહાસન કહેવાય.
* સિંહાસન કરવાથી સૌંદર્ય વધે છે. આ આસનના અભ્યાસથી ચહેરાની કરચલીઓ દૂર થાય છે. કરચલીઓ ન હોય તો ભવિષ્યમાં પણ આનાથી બચાવ થશે.
* દરરોજ સતત ૧ થી ૫ મિનિટ સુધી અભ્યાસ કરવાથી ટોન્સિલનું ઑપરેશન કરાવવાની જરૂર પડતી નથી.

આમ યોગ દ્વારા નવપલ્લવિત થતી બેડરૂમ લાઈફ સાથે યોગના વિવિધ આસનોથી શરીરના અંગે સુદૃઢ બને છે, શરીરને નિરોગી બનાવે છે. (સંપૂર્ણ)■

# પુરુષ

## અબ હમ બોલે તો બોલે ક્યા? કરે તો કરે ક્યા?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



**આધુનિક** કાર્ય સંસ્કૃતિ અને જીવનના હેતુ વિશે વિશ્વના બે મહાન ટેક દિગ્ગજોનાં નિવેદનો એક વિચિત્ર ધ્રુવીકરણ સર્જે છે.જેને કારણે જ આ લેખ લખવાની ફરજ પડી છે.

એક તરફ,'માઇક્રોસોફ્ટ'ના સહ-સ્થાપકબિલ ગેટ્સ છે, જે દલીલ કરે છે કે જીવનનો અંતિમ હેતુ માત્ર નોકરી નથી અને સપ્તાહમાં ત્રણ દિવસની નોકરી પર્યાપ્ત છે, જે બાકીના સમયનો ઉપયોગ સર્જનાત્મકતા,આરામ અને વ્યક્તિગત સંતોષ માટે કરવા દે છે.

બીજી તરફ,'ઇન્ફોસિસ'ના સહ-સ્થાપક નારાયણ મૂર્તિ છે,જેમણે ભારતીય યુવાનોને રાષ્ટ્રના વિકાસ માટે અઠવાડિયામાં સિત્તેર કલાક (એટલે કે લગભગ સાતેય દિવસ-લાંબા કલાકો) કામ કરવાની હાકલ કરી છે.

એ વાત અલગ છે કે આળસુઓનો એક વર્ગ, જે અઠવાડિયામાં બે દિવસ પણ સરખું કામ નથી કરતા- એ વર્ગ નારાયણ મૂર્તિ પર બરાબરનો બગડ્યો હતો, પરંતુ એનો અર્થ એ પણ નથી કે નારાયણ મૂર્તિની વાતમાં દમ નથી. અને એટલે જ પ્રશ્ન એ થાય છે કે આ બે વિરોધાભાસી દૃષ્ટિકોણ વચ્ચે, આજના પુરુષો જે કારકિર્દી, પરિવાર અને વ્યક્તિગત ઓળખનાં જટિલ દબાણોનો સામનો કરી રહ્યા છે તેમણે કયો માર્ગ અપનાવવો?

શરૂ કરીએ સુધાપતિ મૂર્તિથી. નારાયણ મૂર્તિનો દૃષ્ટિકોણ મુખ્યત્વે રાષ્ટ્ર નિર્માણ અને આર્થિક વૃદ્ધિ પર કેન્દ્રિત છે. તેમનો વિચાર ભારત જેવા વિકાસશીલ દેશ માટે એક પ્રકારની કાર્ય નીતિ, વર્ક એથિક તરીકે રજૂ થાય છે. એ માને છે કે જો ભારતે વૈશ્વિક સ્પર્ધામાં આગળ વધવું હોય તો યુવાનોએ ત્યાગની ભાવનાથી સખત મહેનત કરવી પડશે. આ વિચાર પરંપરાગત ભારતીય મૂલ્યો અને 'સફળતા માત્ર અથાગ પરિશ્રમથી જ મળે છે' તેવી માન્યતાને સમર્થન આપે છે. આ દૃષ્ટિકોણ પુરુષોને તેમની પ્રોવાઇડર (Provider)અને સફળતાની નિશાની તરીકેની ભૂમિકાને મજબૂત કરવા પ્રોત્સાહિત કરે છે. તેમના માટે,લાંબા કલાકો કામ કરવું એ માત્ર આવક મેળવવાનો રસ્તો નથી,પરંતુ રાષ્ટ્રીય ગૌરવ અને વ્યક્તિગત મૂલ્યનું માપ છે.

એનાથી વિપરીત, બિલ ગેટ્સનો વિચાર આત્મ-સંતુલન એટલે કે સેલ્ફ બેલેન્સ અને નવીનતા પર ભાર મૂકે છે. તેમનો દૃષ્ટિકોણ પશ્ચિમી, વિકસિત અર્થતંત્રના સંદર્ભમાં વધુ યોગ્ય ગણાય છે, જ્યાં ટેક્નોલોજીએ ઉત્પાદકતાને એટલી હદે વધારી દીધી છે કે ઓછા સમયમાં પણ વધુ કાર્ય થઈ શકે છે.

ગેટ્સ ભારપૂર્વક કહે છે કે જીવનનો હેતુ માત્ર પૈસા કમાવવાનો નથી. બાકીનો સમય એટલે સમય બચાવીને પણ કલા, વિજ્ઞાન, સમાજ સેવા અથવા વ્યક્તિગત વિકાસ માટે ફાળવવાથી જીવન વધુ સમૃદ્ધ બને છે. આ દૃષ્ટિકોણ પુરુષોને તેમની પરંપરાગત ભૂમિકામાંથી મુક્ત થવા અને જીવનના અન્ય પાસાંઓમાં પણ રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે,જેનેકાર્ય-જીવન સંતુલનતરીકે ઓળખવામાં આવે છે.

આ બે આત્યંતિક વિચારો વચ્ચે, આજના પુરુષ માટેનો શ્રેષ્ઠ માર્ગ ક્યાંક મધ્યમાં આવેલો છે, જેને હેતુ આધારિત ઉત્પાદકતા એટલે કે પર્પઝ ડ્રીવન પ્રોડક્ટિવિટીકહી શકાય.

**૧) પ્રારંભિક વર્ષોમાં સખત મહેનતઃ**

પુરુષોએ તેમના ૨૦ના અને ૩૦ના દાયકામાં નારાયણ મૂર્તિના સિદ્ધાંતને અમુક અંશે અપનાવવો જોઈએ. આ સમય કારકિર્દીનો પાયો નાખવાનો, કૌશલ્ય શીખવાનો અને આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરવાનો હોય છે. આ તબક્કે લાંબા કલાકો કામ કરવાથી લાંબા ગાળે આર્થિક સ્વતંત્રતા મળે છે.

**૨) ઉત્પાદકતા પર ધ્યાનઃ**

કામના કલાકોની સંખ્યા કરતાં કામની ગુણવત્તા અને ઉત્પાદકતા પર વધુ ધ્યાન આપવું જોઈએ. ૭૦ કલાક કામ કરવા છતાં જો ધ્યાન કેન્દ્રિત ન હોય, તો તે ૪૦ કલાકના ફોકસ્ડ કામ કરતાં ઓછું પરિણામ આપી શકે છે. પુરુષોએ કાર્યક્ષમતા વધારવા માટે ટેક્નોલોજી અને સ્માર્ટ વર્કિંગ ટેક્નિકનો ઉપયોગ કરવો જોઈએ.


**૩) સંતુલન જાળવવુંઃ**

જેમ જેમ કારકિર્દી આગળ વધે અને સ્થિરતા આવે,તેમ તેમ બિલ ગેટ્સના સિદ્ધાંત તરફ વળવું જોઈએ. કમાણીનો હેતુ જીવનને સુધારવાનો હોવો જોઈએ, તેને માત્ર પૈસા કમાવવાની દોડ સુધી સીમિત ન કરવો જોઈએ. પુરુષે પારિવારિક જવાબદારીઓ, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય તેમજ સામાજિક જવાબદારીઓને પૂરતો સમય ફાળવવો જોઈએ. 'ફાઇનાન્સિયલ ઇન્ડિપેન્ડન્સ, રિટાયર અર્લી (FIRE)'જેવી વિભાવનાઓ પણ આ જ સંતુલન તરફ ઇશારો કરે છે.

**૪) સામાજિક જવાબદારીઃ**

ભારતીય પુરુષો પર 'બ્રેડવિનર'બનવાનું દબાણ હોય છે. આ દબાણને હળવું કરવા માટે, તેમણે કામના કલાકો ઘટાડવા અને ઘરના કામકાજ તેમજ બાળ ઉછેરમાં સક્રિય ભાગ લેવાનું શરૂ કરવું જોઈએ. આનાથી કાર્ય-જીવન સંતુલન માત્ર તેમનું નહીં, પણ તેમના જીવનસાથીનું પણ સુધરશે.

ઈનશોર્ટ, પુરુષોએ કોઈ એક દિગ્ગજની વાતને આંખ બંધ કરીને અનુસરવાને બદલે, બંને સિદ્ધાંતોનું વ્યૂહાત્મક સંમિશ્રણ કરવું જોઈએ. જીવનના પ્રારંભિક તબક્કે નારાયણ મૂર્તિની જેમ સખત મહેનત કરવી અને જ્યારે પાયો મજબૂત થઈ જાય,ત્યારે બિલ ગેટ્સની જેમ કાર્યના કલાકો ઘટાડીને જીવનના અન્ય હેતુઓ અને સ્વ-વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું, એ જ આધુનિક પુરુષ માટે સફળ અને સંતુલિત જીવન જીવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. ■





## ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## જૂતે લે લો... પૈસે દે દો...!

ડિયર હની,

આપણે ત્યાં લગ્નને એક સંસ્કાર માનવામાં આવે છે. એમાં ઘણી બધી વિધિ થાય છે અને એની
પાછળ લોજિક પણ હોય છે.
મોટાભાગે ગોર મહારાજ આ વાત વર - કન્યાને કે અન્ય કોઈને સમજાવતા નથી. વિધિ જલદી
પતાવી દેવાની લ્હાયમાં આ વાત રહી જાય છે.
બીજું, લગ્નની વિધિઓ સાથે કેટલીક રીતિ એવી છે જેની પાછળ બહુ લોજિક નથી હોતું , પણ
એ થાય છે અને બહુ મોજથી થાય છે. એવું જ એક રીતિ છે, જૂતા ચોરી. વરરાજા લગ્ન મંડપમાં
પરણવા આવે ત્યારે વિધિ માટે પોતાના જૂતાં ઉતારે છે અને એ સમયે, ખાસ કરીને વરરાજાની
સાળીઓ એ જૂતાં ચોરીને ક્યાંક છુપાવી દે છે અને કેટલીક માગણી કરે છે એ સંતોષાય ત્યારે જ
જૂતાં પરત આપે છે. મોટાભાગે થોડી રોકડ મળી જાય એટલે જૂતાં પાછા મળે છે.
હમણાં એક લગ્નમાં ગજબ થયો. કન્યા પક્ષે વરરાજાના જૂતાં ચોરી લીધા અને પછી ડિમાંડ શું કરી
ખબર છે? શુકન તરીકે રૂ. ૧૧ લાખની મોટી રકમની માગણી કરી. વરરાજા તરત જ પૈસા
આપવાનો ઇનકાર કરે છે. તેના બદલે એ ય મજાકમાં આ રકમ માટે કોઈ બીજાની માગણી કરે છે,
જેનાથી બધા હસવા લાગે છે. વરરાજા સાળાને જાહેરમાં નૃત્ય કરવું અથવા બેસૂરું ગીત ગાવું.
પોતાનો મનપસંદ સામાન (જેમ કે ઘડિયાળ) આપી દેવો. વચન આપવું કે તે આ કપલ માટે એક
વર્ષ સુધી વાસણ ધોશે! પણ પછી થોડી રોકડથી કામ પતી ગયું.
આ જૂતાં ચોરવાની વિધિ ક્યારે અને કોણે શરૂ કરી એનો કોઈ અતોપતો નથી, પણ આ વિધિ
પાછળ એક હેતુ એ હોય શકે.
ઘણીવાર એવું બને છે કે, વરરાજા પક્ષ અને કન્યા પક્ષ પોતપોતાના તોરમાં હોય છે. ખાસ કરીને
વર પક્ષ. એમાં આવી વિધિ કે રીતિ આઈસબ્રેકિંગ બની જાય છે, પણ ઘણીવાર આ જ વાત
મારામારી અને લગ્ન ફોક સુધી પહોંચે છે.
ઉત્તર પ્રદેશમાં એક ઘટનામાં કન્યા પક્ષની બહેનોએ વરરાજા પાસેથી જૂતા પાછા આપવા માટે
રૂ.૫૦,૦૦૦ની માગણી કરી ત્યારે વરરાજાએ આટલી મોટી રકમ આપવાને બદલે માત્ર રૂ.
૫,૦૦૦/- ઓફર કર્યા. આનાથી કન્યા પક્ષની મહિલાઓ ગુસ્સે થઈ ગઈ અને તેમણે વરરાજાને
જાહેરમાં 'ભિખારી' કહ્યો એમાંથી વાત વણસી. બંને પક્ષ વચ્ચે જબરો ઝઘડો થયો. વરરાજાને એક
રૂમમાં પૂરીને રીતસર ફટકારવામાં પણ આવ્યો હતો. અંતે પોલીસ હસ્તક્ષેપથી સમાધાન કરવું પડ્યું.
અન્ય એક કિસ્સામાં, કન્યાની બહેને જૂતાં માટે રૂ. ૧૫,૦૦૦ની માગણી કરી. વરરાજાના પક્ષે
માત્ર રૂ. ૨,૧૦૦ આપવાની તૈયારી બતાવી, જેની સામે કન્યા પક્ષે આ રકમ સ્વીકારવાનો ઇનકાર
કરી દીધો. બંને પક્ષો વચ્ચે રકમને લઈને ગરમાગરમ દલીલો થઈ, અને વિવાદ એટલો વધી ગયો કે
લગ્ન સમારોહ જ રદ કરી દેવામાં આવ્યો.
એમ તો હવે વરરાજા પક્ષ પણ સાવચેતી રાખવા લાગ્યો છે. ખાસ કરીને જૂતા ચોરી મુદ્દે. આ મુદ્દે
અણવર બહુ સચેત રહે છે. જૂતાં ચોરાઈ ના જાય એની તકેદારી એ રાખે છે. લગ્ન મંડપમાં જાય અને
વરરાજા જૂતાં ઉતારે કે તુરંત અણવર એની મોજડી હસ્તગત કરી લે છે. અને એમાંય 'પ્લાન બી'
પણ હોય છે. માની લો કે, કન્યા પક્ષ જૂતા ચોરી જાય તો વરરાજા માટે જૂતાની બીજી જોડી તૈયાર
રાખી જ હોય છે. લગ્ન પતે એટલે એને એ પહેરાવી દેવામાં આવે છે. આ કારણે કન્યા પક્ષે એમની
ડિમાન્ડ ઘટાડવી પડે છે અને ઓછામાં રાજી થઈ જૂતા પાછા આપવા પડે છે.
જો કે, આજે ય વરરાજા અને એના મિત્રોનું લગ્નમાં પૂરતું ધ્યાન રાખવામાં આવે છે. એમના માટે
કન્યા પક્ષ ખાસ ટુકડી બનાવે છે, જે બધી વ્યવસ્થાનું ધ્યાન રાખે છે.
અહીં મહત્ત્વનું એ છે કે જૂતાં ચોરવા એ સમસ્યા ના બનવી જોઈએ,નહીંતર મજાકભરી રીતિ
ક્યારેક ડખાનું કારણ બની જાય છે.
ઘણી વાર વરરાજા પક્ષ દ્વારા ખોટી માગણી કરવામાં આવે છે. આપણા જ લગ્નની વાત કરું તો
જાન તમારા માંડવે આવી અને પછી નાસ્તો અપાયો. ગાંઠિયા -જલેબી હોય એ સ્વાભાવિક હતું ,
પણ અમારા પક્ષના એક વ્યક્તિને કમતિ સૂઝી અને એમણે ચમચી માગી. એમનું કહેવું હતું કે,
હાથેથી એ ગાંઠિયા કે જલેબી નહિ ખાય. એ સમજવું મુશ્કેલ હતું કે, ચમચીથી ગાંઠીયા કે જલેબી કઈ
રીતે ખવાય?
આ તો નાની માગણી હતી પણ ઘણીવાર વરરાજાના પક્ષ
તરફથી ખોટી ડિમાંડ થાય છે અને કન્યા પક્ષ વિમાસણમાં
મુકાય છે. મોટાભાગે કન્યા પક્ષ વાર પક્ષની ખોટી માગણી પણ
સ્વીકારી લે છે. બધાને ડર હોય છે કે, ક્યાંક પ્રસંગ ના બગડે.
આવી વાત નિવારવી જોઈએ. લગ્ન એ એક વિધિ છે. એની
વિધિઓનું સન્માન થવું જોઈએ. બંને પક્ષ હળીમળીને મોજ કરે
એવું વાતાવરણ રહે એ ઇચ્છનીય છે. હવે તો બંને પક્ષ સાથે
મળી લગ્નનું આયોજન કરે છે એ સારી નિશાની છે અને એ
આવકાર્ય પણ છે.

તારો બન્ની

---

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## કોણ ઠર્યું ખરો વારસદાર?

**પ્રતાપભાઈને** ત્રણ દીકરા અને એક દીકરી. પત્નીનું બે વર્ષ પૂર્વે અવસાન થયું હતું. ચારેય સંતાનોને પરણાવી- વરાવી દીધાં હતાં. બધાં પોતપોતાની રીતે સુખી હતાં. ચારેય સંતાન પોતાના કામધંધા અર્થે અલગ અલગ શહેરમાં વસતા હતા.

પ્રતાપભાઈ પોતાના ગામમાં જ રહેતા હતા. ગામમાં ખેતીની જમીન હતી. માણસો રાખીને તે ખેતી કરાવતા હતા. એમાંથી તેમનો ખર્ચ નીકળી જતો હતો. દીકરાઓ શહેરમાં સારું કમાતા હતા. હા, દીકરીની સ્થિતિ સાધારણ હતી.

પ્રતાપભાઈ વર્ષમાં એકાદવાર ચારેય સંતાનને મળવા જઈ આવતા હતા. અઠવાડિયું રહે અને ખેતરમાં ઉગાડેલ, ચોખા, ફળ, મગફળી જેવી ચીજવસ્તુઓ આપી આવે. પિતા અઠવાડિયું જ રહેશે તેની ખાતરી હોવાને કારણે બધાંને ઘેર એ વ્યવસ્થિત રીતે સચવાઈ જતા.

જોકે, હમણાં હમણાંથી પ્રતાપભાઈ થોડા ખોવાયેલા લાગતા હતા. કંઈક વિચારમાં હોય એમ લાગતું હતું.

થોડા દિવસ પછી પ્રતાપભાઈ મોટા દીકરાને ત્યાં મુંબઈ ગયા. હંમેશની માફક અઠવાડિયું રોકાવાના હતા. એકાદ દિવસ તો ખોવાયેલા ખોવાયેલા જ રહ્યા. દીકરાને પણ થયું કે, 'પપ્પા કાંઈક વિચારમાં લાગે છે.' એટલે તેણે પૂછ્યું, કેમ, પપ્પા કાંઈ બોલતા નથી. કાંઈ પ્રોબ્લેમ છે?

'હા બેટા, પ્રોબ્લેમ તો છે' પ્રતાપભાઈએ જવાબ આપ્યો.

'શું થયું?'

'મારી તબિયત હમણાંથી સારી રહેતી નથી. રિપોર્ટ કઢાવવા પડશે અને સર્જરી કરાવવી પડશે. પાંચેક લાખ રૂપિયાનો ખર્ચ છે.

'આટલો બધો ખર્ચ? તમે પૈસા કાંઈક બચાવ્યા હશે ને?' 'ના, રે ના ... મારી પાસે ૫૦,૦૦૦ જેવી બચત હશે. બાકીના પૈસાની વ્યવસ્થા કરવાની છે એટલે જ તારી પાસે આવ્યો છું. પણ તને વાત કરતા સંકોચ થતો હતો. હવે વાત નીકળી છે એટલે તને કહી દીધું. તું પૈસાની વ્યવસ્થા કરી દે તો હું સર્જરી કરાવી લઉં.'

'પપ્પા, મારી પાસે આટલાં બધાં પૈસા ક્યાંથી હોય? હમણાં જ કોલેજ ખુલી છે, છોકરાંઓની ફી ભરવામાં જેટલી બચત હતી તે બધી જ વપરાઈ ગઈ છે. તેથી મારી આશા તો રાખતા જ નહીં.'

દીકરાની ચોખ્ખી ના સાંભળીને પ્રતાપભાઈને ગુસ્સો આવ્યો, પણ કાંઈ બોલ્યા નહીં અને અઠવાડિયાને બદલે ચાર દિવસમાં જ ગામ જવા નીકળી ગયા. દીકરા કે વહુએ રોક્યા પણ નહીં.


થોડા દિવસ પછી વચેટ દીકરાને ત્યાં મદ્રાસ ગયા. ત્યાં જઈને પણ એકાદ દિવસ રહ્યા બાદ પ્રતાપભાઈએ સર્જરી માટે પાંચ લાખ રૂપિયાની જરૂર છે એ વાત દીકરા સમક્ષ રજૂ કરી. દીકરો તો ભડકી જ ગયોઃ

'તમે મારી પાસે પાંચ લાખની રકમ માગો છો? મારે તો ટૂંકો પગાર છે માંડ માંડ ખર્ચો કાઢું છું. મારી અપેક્ષા તો બિલકુલ રાખતા નહીં. નાનકાને કહો એ લહેર કરે છે, એની પાસે પૈસા છે.'

આ દીકરાની વાત સાંભળીને પ્રતાપભાઈ મનમાં બોલ્યાં, 'તું પણ લહેર જ કરે છે. તારી પાસે પણ પૈસા છે. પણ બાપ માટે તારી પાસે પૈસા નથી.'

પ્રતાપભાઈ ત્યાંથી ત્રણ દિવસમાં નીકળી ગયા. અહીં પણ તેમને રોકાવાનો આગ્રહ કોઈએ કર્યો નહીં. પ્રતાપભાઈને બહુ દુઃખ થયું. જેમની માટે રાત- દિવસ ખેતરમાં મજૂરી કરી, પાઈ પાઈ ભેગી કરીને ભણાવ્યા- વરાવ્યા. સાંજે માંદે દોડીને ડોક્ટર પાસે લઈ ગયા. રાત રાત જાગીને જેમની સેવા-સુશ્રુષા કરી આજે પોતાને કરવાની વાત આવી તો સાફ ના પાડી દીધી.

અઠવાડિયા પછી દુઃખી મને પ્રતાપભાઈ ત્રીજા દીકરાને ઘેર ગયા. ત્રીજાને તો બે ભાઈ પાસેથી ખબર પડી જ ગઈ હતી કે બાપા ઓપરેશન કરાવવા માટે પૈસા લેવા આવ્યા હતા. અમારી પાસે ન હતા તેથી ના પાડી. હવે તારી પાસે આવશે. એટલે નાનકાએ તો જવાબ પહેલેથી જ ગોખી રાખ્યો હતો, હકીકતમાં




પત્નીએ ગોખાવી રાખ્યો હતો. પ્રતાપભાઈ નાનકડાને ઘેર પહોંચીને સોફા પર બેઠાં. દીકરો સામે બેઠો, બોલ્યોઃ

'જુઓ પપ્પા, તમે મારી પાસે પૈસા માગવા આવ્યો હો તો મારી પાસે પૈસાની સગવડ નથી. હું મહિનાના બે છેડા માંડ ભેગા કરું છું. તેથી મારી આશા રાખશો નહીં.'

બાપાએ વિચાર્યું આ મોટો ફ્લેટ, મોટી ગાડી અને લકઝુરિયસ લાઈફ સ્ટાઈલ જીવતો દીકરો કેટલો ગરીબ છે. બિચારો કે બાપાની સર્જરી માટે એની પાસે પૈસા નથી.

પ્રતાપભાઈ ઉદાસ થઈને ગામ પાછા ફર્યા.

અઠવાડિયા પછી દીકરીને ઘેર બેંગલોર ગયા. દીકરી તો પપ્પાને જોઈને રાજી રાજી થઈ ગઈ. જમાઈ પણ ઓફિસેથી આવીને પગે લાગ્યો. જમ્યા પછી રાત્રે વાતો કરવા નિરાંતે બેઠો. દીકરીએ પૂછ્યું,

'પપ્પા, તબિયત સારી છે?'

'ના બેટા, સર્જરી કરાવવાની છે. પાંચ લાખનો ખર્ચ છે. તારા ત્રણેય ભાઈએ પૈસા આપવાની ના પાડી દીધી છે.'

'તો હું આપીશ' દીકરીએ કહ્યું

'ના, ના બેટા તારો હાથ પણ ભીડમાં રહે છે તેની મને ખબર છે. પ્રતાપભાઈની આંખમાં આંસુ આવી ગયા.'

'પપ્પા, મેં પૈસા બચાવીને રાખ્યા છે, સાંજે માંદે કામ આવે એટલા માટે તેનાથી તમારી સર્જરી થઈ જશે.'

દીકરીની દિલેરી જોઈને પ્રતાપભાઈ દીકરીને ભેટી પડ્યા અને બોલ્યાઃ

'ના, બેટા... ના , મારે કોઈ પૈસાની જરૂર નથી. આ તો હું મારાં સંતાનોની પરીક્ષા કરતો હતો. ચાર સંતાનમાંથી કોણ યોગ્ય છે જેને હું મારો વારસદાર બનાવું એ નક્કી નહોતો કરી શકતો એટલે મેં માંદગીનું નાટક કર્યું. એમાં સૌની અસલિયત છતી થઈ ગઈ. ખેતીવાડીની આવકમાંથી મેં સારી એવી મૂડી જમા કરીને ફિક્સ ડિપોઝિટ કરી છે. એ બધી મૂડી તારે નામે કરી દઈશ, દીકરી.

'ના, પપ્પા મારે કાંઈ જોઈતું નથી. તમે ભાઈઓને આપી દેજો.' દીકરીએ કહ્યું.

'એ લોકોએ જે કર્યું તેનાથી મારું દિલ તેમના પર ઊઠી ગયું છે. તું જ મારી સાચી વારસદાર છો દીકરી.'

પ્રતાપભાઈની આંખમાં ખુશીના આંસુ વહી રહ્યા.■

# ૩૨,૦૦૦ શિક્ષકોની નહીં જાય નોકરીઃ કોલકતા હાઈકોર્ટનો ચુકાદો

કોલકત્તાઃ પશ્ચિમ બંગાળમાં લગભગ ૩૨,૦૦૦ પ્રાથમિક શાળાના શિક્ષકોને મોટી રાહત મળી છે. કોલકાતા હાઇકોર્ટે ૩૨,૦૦૦ પ્રાથમિક શાળાના શિક્ષકોની નોકરી રદ કરવાના સિંગલ બેન્ચના આદેશને રદ કર્યો હતો. જસ્ટિસ તપબ્રત ચક્રવર્તી અને રિતાબ્રતો કુમાર મિત્રાની બનેલી ડિવિઝન બેન્ચે આ ચુકાદો આપ્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે કેટલીક નિમણૂકોમાં અનિયમિતતાઓ હતી. પરંતુ હાઈકોર્ટને લાગતું નથી કે આના કારણે તમામની નોકરીઓ રદ કરી દેવી જોઈએ. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે નવ વર્ષની સેવા પછી નોકરીમાંથી કાઢી મૂકવાથી પ્રાથમિક શાળાના શિક્ષકો અને તેમના પરિવારો પર ખરાબ અસર પડશે. પ્રાથમિક શાળાના શિક્ષકોની તરફેણમાં હાઇકોર્ટના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા મુખ્યપ્રધાન મમતા બેનરજીએ કહ્યું હતું કે, ''શિક્ષકોને રાહત મળી છે. તેમના પરિવારોને રાહત મળી છે. હું ખૂબ ખુશ છું.'' મમતા બેનરજીએ કહ્યું હતું કે ''અમે કોર્ટના આદેશથી ખુશ છીએ. આ શિક્ષકોની નોકરીઓ બચાવવામાં આવી છે તે એક મોટી રાહત છે. અમે નોકરીઓ પેદા કરવા માંગીએ છીએ, તેમને છીનવી લેવા નહીં.''

આ શિક્ષકોની ભરતી ૨૦૧૬માં પશ્ચિમ બંગાળ પ્રાથમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૦૧૪ના ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ(ટીઈટી) પેનલ મારફતે કરવામાં આવી હતી. જસ્ટિસ ચક્રવર્તી અને જસ્ટિસ મિત્રાની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે તે સિંગલ બેન્ચના આદેશને જાળવી રાખવા માટે તૈયાર નથી કારણ કે બધી ભરતીઓમાં ગેરરીતિઓ સાબિત થઈ નથી. કોર્ટે કહ્યું કે નવ વર્ષ પછી નોકરીમાંથી કાઢી મૂકવાથી પ્રાથમિક શિક્ષકો અને તેમના પરિવારો પર ખરાબ અસર પડશે.

કોર્ટે કહ્યું કે હાઈકોર્ટે અગાઉ તપાસ કરવા માટે સીબીઆઈને નિર્દેશ આપ્યા હતા. જેણે શરૂઆતમાં ૨૬૪ નિમણૂકોની ઓળખ કરી છે જેમાં એક એક્સ્ટ્રા માર્ક આપવાના રૂપમાં ગેરરીતિઓ થઈ હતી. કોર્ટે કહ્યું હતું કે તપાસ એજન્સીને અત્યાર સુધીમાં કોઈ પુરાવા મળ્યા નથી કે આ ગુણ બાહ્ય સંસ્થાઓના નિર્દેશો હેઠળ આપવામાં આવ્યો હતો. ઓળખાયેલા ઉમેદવારો ઉપરાંત, અન્ય ૯૬ શિક્ષકોના નામ એજન્સીના સ્કેનર હેઠળ આવ્યા હતા, જેમની નોકરીઓ પછીથી સુપ્રીમ કોર્ટના આદેશ હેઠળ પરત કરી દેવામાં આવી હતી. કોર્ટે જણાવ્યું હતું કે ઉપરોક્ત પુરાવા સમગ્ર પસંદગી પ્રક્રિયાને રદ કરવા માટે પૂરતા કારણો નથી. ■

# 'સંચાર સાથી' ફરજિયાતઃ આદેશ પાછો ખેંચાયો

નવી દિલ્હીઃ મોબાઈલ ઉત્પાદકો માટે સ્માર્ટફોનમાં સાયબર સિક્યોરિટી ઍપ 'સંચાર સાથી' ઈન્સ્ટોલ કરવાનું ફરજિયાત બનાવતા આદેશને સરકારે બુધવારે પાછો ખેંચી લીધો હતો.

ડિપાર્ટમેન્ટ ઑફ ટેલિકોમ (ડૉટ)એ કહ્યું હતું કે એક જ દિવસમાં લોકોએ સ્વૈચ્છિક રીતે આ ઍપ ડાઉનલૉડ કરવામાં દસગણો વધારો જોવાં મળતાં મોબાઈલ ઉત્પાદકો માટે સ્માર્ટફોનમાં સાયબર સિક્યોરિટી ઍપ 'સંચાર સાથી' ઈન્સ્ટોલ કરવાનું ફરજિયાત બનાવતા આદેશને સરકારે બુધવારે પાછો ખેંચી લેવાનો નિર્ણય લીધો હતો.

વપરાશકર્તાઓની સંખ્યા ખૂબ જ ઝડપથી વધી રહી છે. સ્માર્ટફોનમાં સાયબર સિક્યોરિટી ઍપ 'સંચાર સાથી' ઈન્સ્ટોલ કરવાનું ફરજિયાત બનાવવાનો આદેશ આ પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવાનો તેમ જ ઓછી જાણકારી ધરાવતા નાગરિકો સુધી સરળતાપૂર્વક પહોંચાડવાનો હતો.

એક જ દિવસમાં છ લાખ કરતાં પણ વધુ નાગરિકોએ આ ઍપ ડાઉનલૉડ કરવા માટે પોતાનું નામ નોંધાવ્યું છે .

આ ઍપને જે ઝડપથી સ્વીકૃતિ મળી રહી છે એ જોઈને સરકારે ઉત્પાદકો માટે સ્માર્ટફોનમાં સાયબર સિક્યોરિટી ઍપ 'સંચાર સાથી' ઈન્સ્ટોલ કરવાનું ફરજિયાત ન બનાવવાનો નિર્ણય લીધો છે.

દરમિયાન સંચાર સાથી ઍપને કારણે જાસૂસી થવાના ભયની ચિંતા વ્યાપક બની હોવા વચ્ચે સંદેશવ્યવહાર ખાતાના પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ બુધવારે ભારપૂર્વક કહ્યું હતું કે આ ઍપની મદદથી જાસૂસી કરવાનું શક્ય નહીં બને અને જાસૂસી થશે પણ નહીં. (એજન્સી)■

# ઝારખંડમાં ભગવો?: હેમંત સોરેન ભાજપને ખોળે બેસશે?

નવી દિલ્હી : ઝારખંડની રાજનીતિમાં મોટો હાહાકાર મચે એવા સમાચાર આવી રહ્યા છે. ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેન અને તેમના પક્ષનાં વિધાનસભ્ય કલ્પના સોરેન દિલ્હીની મુલાકાતથી રાજકીય વર્તુળોમાં અટકળો વહેતી થઈ છે. ૨૮ નવેમ્બરના રાજ્ય સ્થાપના દિવસ સમારોહ પછી મુખ્ય પ્રધાન સોરેન દિલ્હી ગયા છે અને હજી સુધી રાજ્યમાં પાછા ફર્યા છે. પ્રસાર માધ્યમોના સૂત્રો કહી રહ્યા છે કે હેમંત સોરેન અને કલ્પના સોરેનની ભાજપના મોટા નેતા સાથે મુલાકાત થઈ હતી.

ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ), કૉંગ્રેસ, રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) અને ડાબેરીની ગઠબંધન સરકાર છે. ઝારખંડની ૮૧ બેઠકમાંથી ૫૬ બેઠક આ જોડાણ પાસે છે. આમાં જેએમએમ પાસે ૩૪ બેઠક, કૉંગ્રેસ પાસે ૧૬, આરજેડીની પાસે ચાર અને ડાબેરી પક્ષ પાસે બે બેઠક છે. રાજ્યમાં વિરોધ પક્ષ ભાજપ પાસે ૨૧ સીટ અને એલજેપી, જનતા દળ (યુનાઈટેડ) અને ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન દરેક પાસે એક બેઠક છે. એનડીએ પાસે ૨૪ બેઠક છે.

જેએમએમ અને બીજેપી નવું સમીકરણ બનાવશે તો એનડીએ પાસે કુલ ૫૮ બેઠક છે. ઝારખંડ વિધાનસભામાં કુલ ૮૧ બેઠક છે અને જાદુઈ આંકડો ૪૧નો છે. જો આવું થશે તો ઝારખંડના રાજકારણમાં મોટો ફેરફાર થશે અને મહાગઠબંધનને મોટો ફટકો આવશે. બિહારમાં સોરેને મહાગંઠબંધન સાથે ચૂંટણી લડવાની વાત કરી હતી, પરંતુ બેઠકની વહેંચણીની ગોઠવણ થઈ નહોતી. આને લીધે પણ સોરેન પાલો બદલી શકે. ■

# ભાઉ, ભાઉ...

## સાંસદોને શ્વાન કહેવા બદલ કાર્યવાહીનો સામનો કરી રહેલાં રેણુકા ચૌધરીનો વિચિત્ર જવાબ

નવી દિલ્હીઃ સંસદનું શિયાળુ સત્ર શરૂ થતાં જ એક અનોખો વિવાદ ઉભો થયો છે. કૉંગ્રેસના વરિષ્ઠ સાંસદ રેણુકા ચૌધરી કારમાં સંસદ સંકુલમાં એક કૂતરાને લાવ્યા હતા, જેનાથી વિવાદ ઉભો થયો હતો. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે રાજ્યસભામાં તેમની સામે વિશેષાધિકાર ભંગનો પ્રસ્તાવ લાવવામાં આવી શકે છે.

જ્યારે પત્રકારોએ તેમને આ અંગે પ્રશ્ન કર્યો ત્યારે તેમણે ભાઉ.. ભાઉ... હવે વધારે હું શું કહું બોલીને જવાબ આપ્યો હતો. અગાઉ તેમણે ટિપ્પણી કરી હતી કે ''આ(શ્વાન) કરડતો નથી. કરડતા તો સંસદની અંદર છે. આ નિવેદનથી માત્ર ભાજપ જ નહીં, પરંતુ સમગ્ર વિપક્ષ પણ ગુસ્સે ભરાયો હતો.

કૉંગ્રેસના સાંસદ રેણુકા ચૌધરીએ એ રિપોર્ટ પર પ્રતિક્રિયા આપી હતી કે કેટલાક શાસક પક્ષના સભ્યો સંસદમાં શ્વાનને લાવવા બદલ તેમની સામે વિશેષાધિકાર પ્રસ્તાવ લાવવા માંગે છે. ચૌધરીએ સંસદની બહાર કહ્યું હતું કે ભાઉ...ભાઉ...કહેતાં કહ્યું હતું કે 'હવે બીજું શું બોલું?' જ્યારે તે આવશે ત્યારે જોઈશું...શું સમસ્યા છે? જ્યારે તે આવશે ત્યારે હું જડબાતોડ જવાબ આપીશ.

રાજ્યસભાના સાંસદે સોમવારે શિયાળુ સત્રના પહેલા દિવસે સંસદ પરિસરમાં પોતાની કારમાં એક કૂતરો લાવવા બદલ વિવાદમાં ફસાયા હતા. તેમણે કહ્યું કે આ એક રખડતો શ્વાન હતો જેને તેમણે બચાવ્યો હતો અને તેને પશુચિકિત્સક પાસે લઈ જઈ રહ્યા હતા. જ્યારે રેણુકા ચૌધરીને પત્રકારોએ પૂછ્યું કે તેમણે આવું કેમ કર્યું તો તેમણે કહ્યું કે 'જેઓ અંદર બેઠા છે તે કરડે છે' ■

# અમેરિકાના શાંતિ પ્રસ્તાવ મુદ્દે પુતિનને વાંકું પડ્યું

મોસ્કોઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવા માટેના અમેરિકાના પ્રસ્તાવના કેટલાક હિસ્સાઓનો સ્વીકાર કર્યો છે પરંતુ કેટલીક શરતોને નકારી કાઢી છે. રશિયાએ આ જાણકારી આપી હતી. જોકે રશિયાએ કહ્યું હતું કે જો જરૂર પડશે તો અમેરિકા સાથે વાતચીત કરવા માટે તૈયાર છે.

રશિયાના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે આ ટિપ્પણી ત્યારે કરી જ્યારે એક દિવસ અગાઉ પુતિને મોસ્કોમાં અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર સાથે લાંબી વાતચીત કર્યાના એક દિવસ પછી કરી હતી. આ બેઠક બુધવારે વહેલી સવાર સુધી ચાલી હતી જેમાં પુતિનના વિદેશ નીતિ સહાયકે બાદમાં સ્વીકાર કર્યો હતો કે હજુ સુધી કોઈ સમાધાન શોધવામાં આવ્યું નથી.

પેસ્કોવે એ વાતને નકારી કાઢી હતી કે પુતિને અમેરિકાનાની યોજનાને સંપૂર્ણપણે ફગાવી દીધી હતી. તેમણે કહ્યું હતું કે ગઈકાલે પહેલીવાર વિચારોનું સીધું આદાનપ્રદાન થયું હતું. કેટલીક બાબતો સ્વીકારવામાં આવી હતી, કેટલીક બાબતોને અસ્વીકાર્ય કરવામાં આવી હતી. સમાધાન શોધવાની આ એક સામાન્ય પ્રક્રિયા છે.

પુતિને કહ્યું હતું કે જો યુરોપ યુદ્ધ શરૂ કરે છે તો મોસ્કો યુદ્ધ માટે તૈયાર છે, તેમણે યુક્રેન શાંતિ વાટાઘાટોમાં મડાગાંઠ વચ્ચે તેમની અત્યાર સુધીની સૌથી મોટી ચેતવણી આપી હતી. રશિયાના નેતાએ ચેતવણી આપી હતી કે જો આવો કોઈ યુદ્ધ થાય તો યુરોપિયન દેશોને એટલી કારમી હાર મળશે કે શાંતિ કરાર માટે વાટાઘાટો કરવા માટે કોઈ બચશે નહીં. ■

# ભાજપને ૭૫૮ કરોડ રૂપિયાનું પૉલિટિકલ ડોનેશન ટાટા ગ્રૂપનું

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે તેના બે સેમિકન્ડક્ટર યુનિટને ૪૪,૦૦૦ રૂપિયાથી કરોડથી વધુની સબસિડીની જાહેરાત કર્યાના અઠવાડિયા પછી ટાટા ગ્રુપે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને ૭૫૮ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું, તેવો જ્ભ્રજ્ઞિહહ.શક્ષ દ્વારા કરવામાં આવેલી તપાસમાં ખુલાસો થયો છે.

આ દાન એપ્રિલ ૨૦૨૪માં, સામાન્ય ચૂંટણીના થોડા દિવસો પહેલા આપવામાં આવ્યું હતું.

ટાટા ગ્રુપના બે સેમિકન્ડક્ટર યુનિટ - આસામ અને ગુજરાતમાં એક-એક( બંને ભાજપ શાસિત રાજ્ય) ને ફેબ્રુઆરી ૨૦૨૪માં કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી હતી.

આ બે યુનિટ માટે કેન્દ્ર સરકારની સબસિડી આશરે ૪૪,૦૨૩ કરોડ રૂપિયા જેટલી હોવાનું કહેવાય છે.

ફેબ્રુઆરી ૨૦૨૪માં કેન્દ્રીય પ્રધાનમંડળ દ્વારા ટાટા ગ્રુપના સેમિકન્ડક્ટર યુનિટ્સને મંજૂરી મળ્યા પછી તરત જ, ટાટાએ પૈસા દાનમાં આપ્યા હતા.

સ્ક્રોલ દ્વારા કરવામાં આવેલી તપાસમાં ખુલાસો થયો છે કે આ પૈસા કેવી રીતે રૂટ કરવામાં આવ્યા હતા.

કોંગ્રેસ બીજો સૌથી મોટો પ્રાપ્તકર્તા હતો, અને ભાજપના કરતા તેને ઘણી ઓછી રકમ પ્રાપ્ત થઇ હતી.

તાજેતરના વર્ષોમાં ભાજપ ચૂંટણી ટ્રસ્ટ અને હવે સસ્પેન્ડ કરાયેલા ચૂંટણી બોન્ડ દ્વારા રાજકીય ભંડોળનો સૌથી મોટો લાભાર્થી રહ્યો છે.

સ્ક્રોલના અહેવાલ મુજબ, ટાટા ગ્રુપે રાજકીય ટ્રસ્ટ દ્વારા આ દાન આપ્યું હતું. ચૂંટણી ટ્રસ્ટ એ કંપનીઓ દ્વારા સ્થાપિત ટ્રસ્ટ છે જે કંપનીઓ અને વ્યક્તિઓ તરફથી રાજકીય પક્ષોને દાનની સુવિધા આપે છે. આ યોજના ૨૦૧૩માં યુપીએ સરકારે રજૂ કરી હતી.

ચૂંટણી ટ્રસ્ટોએ તેમના ભંડોળના સ્રોતો અને કયા રાજકીય પક્ષોને ભંડોળનું વિતરણ કરવામાં આવે છે તે જાહેર કરવું જરૂરી છે. જોકે, કયો દાતા કયા પક્ષને ભંડોળ આપી રહ્યો છે તે સીધું જોડવું મુશ્કેલ છે. ■

## ૫૧૭ કરોડ રૂપિયા મળ્યા કૉંગ્રેસને

નવી દિલ્હીઃ મુખ્ય વિપક્ષ કૉંગ્રેસને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૫૧૭ કરોડ રૂપિયાથી વધુનું દાન મળ્યું હતું જેમાં અલગ અલગ ઈલેક્ટોરલ ટ્રસ્ટ તરફથી ૩૧૩ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચ તરફથી પબ્લિક ડોમેનમાં મુકવામાં આવેલી ૨૦૨૪-૨૫ની તેના કન્ટ્રિબ્યુશન રિપોર્ટ અનુસાર, આઇટીસી લિમિટેડ, હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ અને સેન્ચ્યુરી પ્લાયવુડ્સ (ઇન્ડિયા) લિમિટેડ જેવા કોર્પોરેટ ગૃહો દાન આપવામાં સામેલ હતા.

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને વરિષ્ઠ પાર્ટી નેતા પી. ચિદમ્બરમે કૉંગ્રેસને ત્રણ કરોડ રૂપિયા આપ્યા હતા. પક્ષના ભંડોળમાં દાન આપનારા ઈલેક્ટોરલ ટ્રસ્ટમાં ન્યૂ ડેમોક્રેટિક ઇલેક્ટોરલ ટ્રસ્ટ અને પ્રોગ્રેસિવ ઇલેક્ટોરલ ટ્રસ્ટનો સમાવેશ થાય છે. તે સિવાય શાસક ભાજપને ૨૦૨૪-૨૫માં ઈલેક્ટોરલ ટ્રસ્ટો તરફથી ૯૫૯ કરોડ રૂપિયા મળ્યા.

૨૦૨૪-૨૫ માટે વિવિધ ઈલેક્ટોરલ ટ્રસ્ટની પોલ ઓથોરિટી પાસે ફાઈલ કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર પશ્ચિમ બંગાળમાં સરકાર ચલાવનારી પાર્ટી તૃણમૂલ કોંગ્રેસને ૨૦૨૪-૨૫માં ૧૮૪.૫ કરોડ રૂપિયા મળ્યા હતા. આમાં ઈલેક્ટોરલ ટ્રસ્ટ તરફથી ૧૫૩.૫ કરોડ રૂપિયા મળ્યા હતા. ■

# ઈરાનનું ચલણ ગગડ્યુંઃ એક ડૉલરના ૧૨ લાખ રિયાલ

તેહરાનઃ ઇરાનનું ચલણ રિયાલ બુધવારે ગગડીને ૧૨ લાખ પ્રતિ ડોલરના નવા નીચલા સ્તરે પહોંચી ગયું હતું. પરમાણુ પ્રતિબંધને કારણે તેહરાનના બીમાર અર્થતંત્ર પર ભારે દબાણ આવી રહ્યું છે.

વેપારીઓ દ્વારા મંગળવારે નવો વિનિમય દર રજૂ કરવામાં આવ્યો હતો. ઇરાની ચલણમાં આ તીવ્ર ઘટાડાને કારણે ખાદ્ય પદાર્થો અને રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ પર દબાણ વધ્યું છે. દેશમાં માંસ, ચોખા અને અન્ય જરૂરી ખાદ્ય વસ્તુઓના ભાવ સતત વધવાથી સામાન્ય નાગરિકો માટે રોજિંદું જીવન વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે.

આ દરમિયાન લોકો ઇરાન અને ઇઝરાયલ વચ્ચે ફરી સંઘર્ષ ભડકવાને લઇને ચિંતિત છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત જૂન માસમાં બંને દેશો વચ્ચે ૧૨ દિવસ સુધી ભીષણ સંઘર્ષ થયો હતો.■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| ઘડણે | ઘડિયાળ |
| ઘડાઈ | બનાવ |
| ઘડામોડ | ટીપેલું |
| ઘડીવ | બનવું |
| ઘડ્યાળ | ઘડતર |

## ઓળખાણ પડી?



સૌથી નાની ઉંમરે લિટરેચર માટે નોબેલ પ્રાઈઝ મેળવનારી મહિલા લેખકની ઓળખાણ પડી? અંગ્રેજી ફિલ્મ 'ધ ગાઈડ' સાથે એનું નામ સંકળાયું હતું.

અ) આગાથા ક્રિસ્ટી
બ) પર્લ બક
ક) વર્જિનિયા વુલ્ફ
ડ) જે. કે. રોલિંગ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પી | ઠ | ૨ બ | ળ | ■ | ૩ શૂ | ૪ ન્યા | વ | ૫ કા | ૬ શ |
| ડા | ■ | ળ | ■ | ૭ પ્ર | લ | ય | ■ | ૮ લ | બ |
| શા | ■ | ૯ વા | ચા | ■ | પા | ■ | ૧૦ મ | કા | ન |
| ૧૧ મ | દ | ન | ■ | ૧૨ પા | ણી | ૧૩ ચું | ■ | ■ | મ |
| ક | ■ | ■ | ૧૪ ચા | ડ | ■ | ૧૫ ગા | લી | ચો | ■ |
| ■ | ૧૬ ના | જુ | ક | ■ | ૧૭ વા | લ | ■ | ■ | ૧૮ બા |
| ૧૯ જૂ | ■ | ■ | ૨૦ ર | ૨૧ સ | મ | ■ | ૨૨ સ | ર | ળ |
| ૨૩ ના | ૨૪ વ | ણ | ■ | ર | ■ | ૨૫ દા | હ | ■ | ગો |
| ૨૬ ગ | ર | ■ | ૨૭ ગો | વા | ળ | ■ | કા | ■ | પા |
| ૨૮ ઠ | સ | ડ | બો | ળો | ■ | ૨૯ ત | ર | બો | ળ |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ | ૭ |
| | ■ | ૮ | | ૯ | | ■ | ૧૦ | | |
| ૧૧ | | | ■ | ૧૨ | | ૧૩ | | ■ | |
| | ■ | ■ | ૧૪ | | ■ | | ■ | ૧૫ | ■ |
| ■ | ૧૬ | | ■ | ■ | ૧૭ | | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ■ | ■ | ૨૧ | | ■ |
| ■ | | ■ | | ■ | ૨૨ | | ■ | ■ | ૨૩ |
| ૨૪ | ■ | ૨૫ | | ૨૬ | | ■ | ૨૭ | | |
| ૨૮ | ૨૯ | | ■ | ૩૦ | | ૩૧ | | ■ | |
| ૩૨ | | | | | ■ | ૩૩ | | | |

### આડી ચાવી

૧. તરતનું (૪)
૪. જગતનું રક્ષણ કરનાર (૫)
૮. હેરાનગતિ, મુશ્કેલી (૪)
૧૦. રાજાને યોગ્ય (૩)
૧૧. સમીસાંજ (૩)
૧૨. યુક્તિ, કરામત (૪)
૧૪. --- ભલા ન બોલના, ---ભલી ન ચૂપ (૨)
૧૬. લગ્ન, વિવાહ (૨)
૧૭. અભી બોલા, અભી --- (૨)
૧૮. જગત, દુનિયા (૨)
૧૯. ઘોડો (૨)
૨૦. સહેલી (૨)
૨૧. કાદવ (૨)
૨૨. દંભ, ઢોંગ (૨)
૨૫. 'બધુ સલામત છે' એમ સૂચવતો ચોકીદારનો એક પોકાર (૪)
૨૭. શિકારી (૩)
૨૮. શુભ, કલ્યાણકારક (૩)
૩૦. હારબંધ (૪)
૩૨. ફાંફાં, ઘાલમેલ (૫)
૩૩. જાપતો, દેખરેખ (૪)

### ઊભી ચાવી

૧. તાડનું ફળ (૪)
૨. વિવેક, અદબ (૩)
૩. કમર (૨)
૪. થોડુંક (૩)
૫. ઊભા કાંઠાની મોટી થાળી (૩)
૬. લાડ, નખરાં (૨)
૭. સુંદર, રૂપાળું (૩)
૯. જાણ, ખબર (૩)
૧૩. મશ્કરી (૩)
૧૫. વહાણવટી, સુકાની (૩)
૧૬. નિત્ય, અનિવાશ (૩)
૨૦. પ્રશ્ન (૩)
૨૨. અમેરિકન ચલણી નાણું (૩)
૨૩. હકદાર (૪)
૨૪. ઉત્સાહ, હોંશ (૩)
૨૫. દુનિયા, જગત (૩)
૨૬. દુર્દશામાં આવી પડેલું (૩)
૨૭. --- ભાણે લાડવો મોટો (૩)
૨૯. ---બે સવી=વાત સમજમાં આવવી (૨)
૩૧. ખડિયો (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ મહિલાના પિતાની એકમાત્ર દીકરીના સસરાના એકમાત્ર દીકરાનો સાળો એ મહિલાને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભત્રીજો બ) ભાઈ ક) ભાણેજ ડ) સાઢુભાઈ

## જાણવા જેવું

ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરતો હોવાથી પૃથ્વીનો ઉપગ્રહ છે. ચંદ્રને પ્રકાશ સૂર્ય આપે છે. પૃથ્વીથી ચંદ્રનું મધ્યઅંતર બે લાખ ૪૦ હજાર માઈલ છે. કોઈ કોઈ વાર તે ઓછું થાય છે. ચંદ્રનો વ્યાસ આશરે બે હજાર ૧૬૦ માઈલ છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરતા કોઈ વાર પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવે ત્યારે તેનો અર્ધ પ્રકાશિત ભાગ સૂર્ય તરફ હોય ત્યારે આપણે ત્યાં અમાસ થાય છે.

## સુડોકુ-૯૧૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૬ | ૨ | ૮ | | | | |
| ૩ | | | | | ૯ | | ૨ | |
| | ૨ | | ૧ | | | | | ૪ |
| | | ૯ | | | ૭ | | | ૫ |
| ૫ | | | | | | | | ૯ |
| ૧ | | | ૮ | | | ૩ | | |
| ૭ | | | | | ૬ | | ૯ | |
| | ૬ | | ૯ | | | | | ૨ |
| | | | | ૭ | ૮ | ૪ | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૧૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૨ | ૭ | ૯ | ૪ | ૧ | ૫ | ૩ |
| ૫ | ૪ | ૭ | ૬ | ૧ | ૩ | ૨ | ૮ | ૯ |
| ૯ | ૩ | ૧ | ૨ | ૮ | ૫ | ૭ | ૪ | ૬ |
| ૩ | ૫ | ૯ | ૮ | ૭ | ૧ | ૬ | ૨ | ૪ |
| ૬ | ૭ | ૪ | ૩ | ૫ | ૨ | ૮ | ૯ | ૧ |
| ૨ | ૧ | ૮ | ૪ | ૬ | ૯ | ૫ | ૩ | ૭ |
| ૭ | ૨ | ૩ | ૧ | ૪ | ૮ | ૯ | ૬ | ૫ |
| ૧ | ૮ | ૫ | ૯ | ૩ | ૬ | ૪ | ૭ | ૨ |
| ૪ | ૯ | ૬ | ૫ | ૨ | ૭ | ૩ | ૧ | ૮ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

આપેલા વાક્યમાં ઉપમા - શીરો જેવી આઈટમ બનાવવાનો પદાર્થ સંતાયો છે એ શોધી કાઢો જોઉં.

દરેક માણસે કાયમ પ્રયત્ન કરવો જોઈએ.

## નોંધી રાખો

નિદ્રા એટલે કરેલી ભૂલોની સમાપ્તિ અને સવાર એટલે બાકી રહેલી જિંદગીમાં નવી નવી કોશિશ કરવાનો વધુ એક નવો અવસર.

## માઈન્ડ ગેમ

રંગબેરંગી કાચની ખણખણતી બંગડી સ્ત્રીનું મનગમતું આભૂષણ છે. આપણા દેશનું કયું શહેર બંગડી માટે પ્રખ્યાત છે એ કહી શકશો?

અ) જામનગર બ) અમૃતસર
ક) ફિરોઝાબાદ ડ) ફરીદાબાદ

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઘટ | ઘડો |
| ઘટિકા | ઘડી |
| ઘટસ્ફોટ | છૂટાછેડા |
| ઘટાટોપ | ચંદરવો |
| ઘટક | એકમ |

ઓળખાણ પડી? રિયા ઘોષ

માઈન્ડ ગેમ ઓસ્ટ્રેલિયા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો વેફર

ગુજરાત મોરી મોરી રે દાદી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) શ્રદ્ધા આશર (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) પુષ્પા પટેલ (૧૧) વિપીન શાહ (૧૨) નૂતન વિપીન શાહ (૧૩) મહેશ સંઘવી (૧૪) મીનળ કાપડિયા (૧૫) લજિતા ખોના (૧૬) ભરત કજરિયા (૧૭) કિરીટ છેડા (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) ભાવના કર્વે (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) કમલ માતલિયા (૨૫) અંજુ ટોલિયા (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) વિણા સંપટ (૨૮) ડાયના સંટોકે (૨૯) અલકા વાણી (૩૦) નિતીન બજરિયા (૩૧) વિજય આસર (૩૨) પુષ્પા ખોના (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) ડો. પ્રકાશ કટકિયા (૩૭) ભામિની સંપટ (૩૮) પ્રતિમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) મહેશ ઉદેશી (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૪) અરવિંદ કામદાર (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) હિના દલાલ (૪૮) રમેશ દલાલ (૪૯) તાહેર ઔરંગાબાદવાલા (૫૦) શીરીન ઔરંગાબાદવાલા (૫૧) જાગૃતિ નિતીન બજરિયા

# પાણીએ રાતા પાણીએ રોવડાવ્યા

▶ ૩૬ કલાક સુધી પાણી ન આવતા નાગરિકો હેરાન

▶ વોટર ટનલ અને પાઈપલાઈનના જોડાણનું કામ પૂરું થયા બાદ હાશકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના પૂર્વ ઉપનગર સહિત દક્ષિણ મુંબઈના અડધાથી વધુ વિસ્તારમાં સતત ત્રીજા દિવસે પાણીના ધાંધિયા રહ્યા હતા. મુંબઈ મહાનગરપાલિકાએ ઘાટકોપર અમર મહેલ પાસે અંડર ગ્રાઉન્ડ ગ્રાઉન્ડ વોટર ટનલ સાથે ૨,૫૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈનને જોડવાનું લીધેલું કામ સતત ૩૬ કલાક સુધી ચાલ્યું હતું. એ બાદ તબક્કાવાર પાણીપુરવઠો પૂર્વવત્ કરવામાં આવ્યો હોવાનો દાવો પાલિકા પ્રશાસને કર્યો હતો. જોકે બુધવારે સતત ત્રીજા દિવસે પણ અનેક વિસ્તારમાં પાણીની સમસ્યાને કારણ નાગરિકો પરેશાન થઈ ગયા હતા.

ઘાટકોપર (પૂર્વ)માં છેડાનગર જંકશન પરિસરમાં રહેલી ૩,૦૦૦ મિલીમીટર વ્યાસની મુખ્ય લાઈનને અમર મહેલ જંકશન પાસે અંડર ગ્રાઉન્ડ વોટર ટનલના શાફ્ટને ૨,૫૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈન સાથે જોડવાનું કામ સોમવાર પહેલી ડિસેમ્બરના સવારના ૧૦ વાગ્યાથી શરૂ કરીને બીજી ડિસેમ્બર, ૨૦૨૫ના સાંજના ચાર વાગ્યા સુધી પૂરું કરવાનું

(જુઓ પાનું ૪) ▶▶

## હવે આવતા અઠવાડિયે ૧૫ ટકા પાણીકાપ

### આ વિસ્તારોમાં હશે પાણીકાપ

મુંબઈ શહેરમાં કોલાબા, ફોર્ટ, કાલબાદેવી, મરીન લાઈન્સ, ભુલેશ્વર, ચંદનવાડી, ગ્રાન્ટ રોડ, મલબાર હિલ, ચર્ની રોડ, મુંબઈ સેન્ટ્રલ, તાડદેવ, નાગપાડા, પરેલ, દાદર, સાયન, માટુંગા, ભાયખલા, નાયગાંવ, પશ્ચિમ ઉપનગરના બાન્દ્રા, સાંતાક્રુઝ, ખાર, વિલેપાર્લે, અંધેરી, ગોરેગામ, બોરીવલી, કાંદીવલી સહિત પૂર્વ ઉપનગરમાં ઘાટકોપર, કુર્લા, વિક્રોલી, પવઈ અને ભાંડુપ વગેરે વિસ્તારમાં પાણી પુરવઠામાં ૧૫ ટકા કામ કરવામાં આવવાની છે.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાને આવતા અઠવાડિયે ફરી એક વખત પાણી માટે હેરાનગતિનો સામનો કરવો પડવાનો છે. ભાંડુપ વોટરફિલ્ટરેશન પ્લાન્ટને પાણી પુરવઠો કરનારી પાઈપલાઈન બદલવાનું કામ સોમવાર, આઠ ડિસેમ્બરથી મંગળવાર, નવ ડિસેમ્બર સુધી કરવામાં આવવાનું છે. તેથી આ સમયગાળા દરમ્યાન મુંબઈના ૧૭ પ્રશાસકીય વોર્ડમાં ૧૫ ટકા પાણીકાપ રહેશે.

તાનસા બંધમાંથી ભાંડુપના વોટર ફિલ્ટરેશન પ્લાન્ટને પાણીપુરવઠો કરનારી ૨,૭૫૦ મિલીમીટર વ્યાસની તાનસા પાઈપલાઈન બદલવાનું કામ મુંબઈ મહાનગરપાલિકાએ હાથમાં લીધું છે. જૂની

(જુઓ પાનું ૪) ▶▶

# જિલ્લા પરિષદ પહેલાં મહાનગરપાલિકાની ચૂંટણીઓ?

## આજે કમિશનરો સાથે મુલાકાત કરીને અંતિમ નિર્ણય લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે સુપ્રિમ કોર્ટમાં ઓબીસી અનામતને મુદ્દે ચાલી રહેલી સુનાવણીને કારણે જે રીતે નગર પરિષદની ચૂંટણીઓમાં અવરોધ ઊભા થયા તે રીતે આગામી દિવસોમાં જિલ્લા પરિષદોની ચૂંટણીમાં પણ અવરોધ ઊભા ન થાય તે માટે ચૂંટણી પંચ હવે ચૂંટણીના કાર્યક્રમમાં ફરી એક વખત ફેરફાર કરવાનો વિચાર કરી રહ્યું છે. આ બાબતે ચર્ચા કરવા માટે રાજ્યની બધી જ મહાનગરપાલિકાઓના કમિશનરો સાથે ગુરુવારે (ચોથી ડિસેમ્બર) એક મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી છે.

ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચ ગ્રામીણ જિલ્લા પરિષદો અને પંચાયત સમિતિઓ માટેની ચૂંટણીઓ પહેલાં ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ યોજવાની શક્યતા

(જુઓ પાનું ૪) ▶▶

# નવી મુંબઈમાંથી ૪૯૯ બાળક ગુમ: છોકરીઓનું ગુમ થવાનું પ્રમાણ વધુ

## વાલીઓએ બાળકોના વર્તન અને ઑનલાઈન પ્રવૃત્તિ પર ધ્યાન આપવાની જરૂર: પોલીસ

થાણે: નવી મુંબઈમાંથી જાન્યુઆરીથી નવેમ્બર મહિના દરમિયાન ૪૯૯ બાળક ગુમ થયા હતા, જેમાં છોકરીઓનું પ્રમાણ વધુ હોવાથી ચિંતાનો વિષય હોવાનું કહેવાય છે. પોલીસે અપહરણના ગુના નોંધી તપાસ દરમિયાન ૪૫૮ બાળકને શોધી કાઢ્યા હતા, જ્યારે ૪૧ જણની હજુ કોઈ ભાળ મળી નથી. વાલીઓએ બાળકોના વર્તનમાં થતા ફેરફાર અને તેમની ઑનલાઈન પ્રવૃત્તિઓ પર વિશેષ ધ્યાન આપવાની જરૂર હોવાની અપીલ પોલીસે કરી હતી.

વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ શોધી કાઢવામાં આવેલા ૪૫૮

(જુઓ પાનું ૪) ▶▶

# અજિત પવારના પુત્રના ડેસ્ટિનેશન વેડિંગ ચર્ચામાં

## બહેરિનમાં જય પવાર અને રુતુજા પાટીલ જોડાશે લગ્નગ્રંથિએ


મુંબઈ: પવાર પરિવારમાં ફરી એકવાર લગ્નની શરણાઈઓ વાગશે. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના મોટા ભાઈ શ્રીનિવાસ પવારના પુત્ર યુગેન્દ્ર પવારનો લગ્ન સમારોહ સંપન્ન થયા બાદ હવે અજિત પવારના પુત્ર જય પવારના લગ્ન પણ આ અઠવાડિયે યોજાશે. જય પવાર અને રુતુજા પાટીલની સગાઈ એપ્રિલ ૨૦૨૫ માં થઈ હતી. હવે ૪ થી ૭ ડિસેમ્બર દરમિયાન બહેરીનમાં લગ્ન યોજાશે. આ પ્રસંગે પવાર પરિવાર ફરી એકવાર સાથે જોવા મળશે.

સોશિયલ મીડિયા પર તેમના લગ્નનું કાર્ડ જોવા મળી રહ્યું છે, જે અનુસાર મહેંદી સમારોહ ૪ ડિસેમ્બરે, હલ્દી, લગ્ન સમારોહ પાંચ ડિસેમ્બરે, સંગીત ૬ ડિસેમ્બરે અને રિસેપ્શન ૭ ડિસેમ્બરે યોજાશે.

અત્યાર સુધી પવાર પરિવારના સમારંભો બારામતી અથવા પુણેમાં યોજાતા આવ્યા છે. યુગેન્દ્ર પવારના લગ્ન મુંબઈના જિયો સેન્ટરમાં થયા હતા. હવે જય પવારના લગ્ન સમારંભ બહેરીનમાં યોજાવા જઈ રહ્યો છે. આ સમારંભમાં ફક્ત ૪૦૦ મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું હોવાનું કહેવાય છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી હાલમાં બે જૂથોમાં વહેંચાયેલી દેખાય છે, પરંતુ રાજકારણને બાજુ પર રાખીને કૌટુંબિક કાર્યક્રમો માટે બંને પરિવાર ભેગા થયા હોય અવું લાગે છે.

અજિત પવારના નાના પુત્ર જય પવારના લગ્ન રુતુજા પાટિલ સાથે થઈ રહ્યા છે. તે ફલટણ સ્થિત બિઝનેસમેન પ્રવીણ પાટિલની પુત્રી છે. ઉચ્ચ શિક્ષિત રુતુજા પાટિલ કેટલાક વર્ષોથી જય પવારને ઓળખે છે. ■

# પુણેના સંશોધકોને બ્રહ્માંડનાં રહસ્યો હાથ લાગ્યાં



## ૧૨.૩ અબજ વર્ષ પહેલાં અસ્તિત્વ ધરાવતી આકાશગંગા શોધી કાઢી

પુણે: પુણેની એસ્ટ્રોફિઝિક્સ (ખગોળ ભૌતિક વિજ્ઞાન) ઇન્સ્ટિટ્યૂટના બે સંશોધકોએ અત્યંત પ્રાચીન આકાશગંગા સર્પાકાર તારાવિશ્વમાંની એકની શોધ કરી હોવાનો દાવો કર્યો છે. તેમના કહેવા અનુસાર બ્રહ્માંડ અસ્તિત્વમાં આવ્યાને દોઢ અબજ વર્ષ થયા હતા ત્યારે એક વિકસિત સિસ્ટમ અસ્તિત્વમાં હતી. પ્રારંભિક કાળનું બ્રહ્માંડ અગાઉની ધારણા કરતા વધુ વિકસિત હતું

એ દલીલને સમર્થન આપતો એક વધુ સજ્જડ પુરાવો મળ્યો છે. અત્યારે બ્રહ્માંડ ૧૩.૮૦ અબજ વર્ષ પહેલા અસ્તિત્વમાં આવ્યું હોવાની માન્યતા છે. એ જોતા આ આકાશગંગા ૧૨.૩ અબજ વર્ષ જૂની કહેવાય.

સંશોધકોએ જણાવ્યું હતું કે આકાશગંગાને હિમાલયની નદીના નામ પરથી 'અલકનંદા' નામ આપવામાં આવ્યું છે. અદભુત સર્પાકાર રચના ધરાવતી આકાશગંગા (ગેલેક્સી) પ્રારંભિક કાળની જટિલ કાગતી જૂથમાં રચાતી અવકાશી કેવી રીતે અસ્તિત્વમાં આવી એ અંગેના હાલના સિદ્ધાંતોને પડકારે છે.

એક સંશોધકે ફોડ પાડી સમજાવ્યું હતું કે 'બ્રહ્માંડ રચાયું એના પ્રારંભિક યુગમાં આવી સારી રીતે રચાયેલી સર્પાકાર ગેલેક્સી મળી આવવી અનપેક્ષિત છે. બ્રહ્માંડમાં અદભુત રચનાઓ આપણે માનીએ છીએ એના કરતા પહેલા આકાર લઈ રહી હતી એ આના પરથી સ્પષ્ટ થાય છે. બ્રહ્માંડ વર્તમાન યુગના માત્ર ૧૦ ટકા હતું ત્યારે હાજર હોવા છતાં અલકનંદા આકાશગંગા જેવી જ દેખાય છે.' સંશોધકોના આ તારણો યુરોપિયન જર્નલ 'એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ'માં પ્રકાશિત થયા છે. (પીટીઆઈ)■

# કેન્દ્રને પ્રસ્તાવ મોકલ્યા વગર જ પૂરગ્રસ્તો માટે પેકેજની જાહેરાત કરાઈ?

## સંસદના દાવાથી રાજકારણ ગરમાયું

છત્રપતિ સંભાજી નગર: રાજ્યભરમાં મુશળધાર વરસાદ (અતિવૃષ્ટિ)ના કારણે ૭૫ લાખ ૪૨ હજાર હેક્ટરમાં પાકને નુકસાન થયું છે. ત્રણ હજાર ૫૯૮ મકાનો ધરાશાયી થયા હતા અને ૨૨૪ વ્યક્તિ તેમજ ૫૫૯ પ્રાણીઓના મૃત્યુ થયા હતા. એની નુકસાન ભરપાઈ માટે મદદ કરો એવી રજૂઆત કેન્દ્રીય ગૃહ પ્રધાન સમક્ષ મૌખિક સ્વરૂપે કરી હોવા છતાં ઔપચારિક પ્રસ્તાવ આવ્યો નથી એવો લેખિત જવાબ કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે સંસદ સભ્ય ઓમ રાજે નિંબાળકરને આપ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સંસદ સભ્ય ઓમ રાજે નિંબાળકરને પત્ર લખીને જણાવ્યું છે કે

(જુઓ પાનું ૪) ▶▶

### બાવનકુળેએ ગૃહ મંત્રાલયનો પત્ર દેખાડી આરોપો નકારી કાઢ્યા

મુંબઈ: રાજ્ય સરકારે પૂર નુકસાન આકારણી અંગેનો વિગતવાર અહેવાલ કેન્દ્રને સુપરત કર્યો હોવાની સ્પષ્ટતા કરતો એક સત્તાવાર પત્ર મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ બુધવારે બહાર પાડ્યો છે. શિવસેનાના સંસદ સભ્ય ઓમ રાજે

(જુઓ પાનું ૪) ▶▶

# ઈવીએમ માટે કડક સુરક્ષા, રાજકીય પક્ષોને તકેદારી રાખવાની છૂટ

મુંબઈ: હાઈ કોર્ટના આદેશ અનુસાર રાજ્યની ૨૬૪ નગર પરિષદો અને નગર પંચાયતો માટે યોજાયેલા મતદાનની આગામી ૨૧ ડિસેમ્બરે મતગણતરી થશે. ત્યાં સુધી જ્યાં ઇવીએમ રાખેલા છે, ત્યાં સશસ્ત્ર પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો અને ગોદામોના વ્યવસ્થાપન માટે સ્વતંત્ર અધિકારીની નિમણૂક કરવાનો આદેશ રાજ્ય ચૂંટણી પંચે જિલ્લાધિકારીઓને આપ્યા છે. ચૂંટણી લડતા ઉમેદવારોને પણ ઇવીએમ રાખવામાં આવેલા સ્થળોએ તકેદારી રાખવાની છૂટ આપવામાં આવી છે.

પંચે જિલ્લા કલેક્ટરોને ઇવીએમની સુરક્ષા માટે કડક પગલાં લેવાનો પણ આદેશ આપ્યો છે. ઇવીએમ જ્યાં સાચવવામાં આવ્યા છે તે વેરહાઉસના સંગ્રહ અને સંચાલન માટે જવાબદાર અધિકારીની નિમણૂક કરવી જોઈએ. તે સ્થળોએ સીસીટીવી અને સુરક્ષા એલાર્મ સિસ્ટમ્સ ઇન્સ્ટોલ કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે. ■

# ઝઘડામાં સમાધાન કરાવનારા યુવાનની હત્યા: બેની ધરપકડ

થાણે: વ્યંઢળો સાથેના ઝઘડામાં સમાધાન કરાવનારા યુવાનની કથિત હત્યા કરવામાં આવી હોવાની નવી મુંબઈમાં બનેલી ઘટનામાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી.

કળંબોલી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અવિનાશ કાલદાતેએ જણાવ્યું હતું કે પનવેલમાં રહેતા રત્નેશકુમાર રાજકુમાર જયસ્વાલ (૩૭)નો મૃતદેહ સોમવારની વહેલી સવારે કળંબોલી સર્કલ નજીકથી મળી આવ્યો હતો. સ્કૂટર પર આવેલા બે શખસે જયસ્વાલની હત્યા કરી હોવાની માહિતી પોલીસને મળી હતી.

મળેલી માહિતી અને સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસે સ્કૂટરની ઓળખ મેળવી હતી. તપાસ દરમિયાન પોલીસે સ્કૂટર શોધી કાઢ્યું હતું અને બે આરોપી મોહમ્મદ ચાંદ શબ્બીર શેખ (૨૫) અને જૈફ ઝમીલ ઈલિયાસ શેખ (૨૫)ને તાબામાં લીધા હતા. ચાંદ ખાનગી કંપનીમાં નોકરી કરે છે તો જૈફ માંસ વેચનારો છે. બન્નેની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી.

પૂછપરછ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે જયસ્વાલની હત્યાના થોડા સમય પહેલાં કળંબોલી સ્ટીલ માર્કેટ સર્વિસ રોડ ખાતે આરોપીનો વ્યંઢળો સાથે કોઈ મુદ્દે ઝઘડો થયો હતો. તે સમયે જયસ્વાલ તેના મિત્રો સાથે ત્યાં આવ્યો હતો અને વિવાદમાં મધ્યસ્થી કરી સમાધાન કરાવ્યું હતું.

સમાધાન કરાવવા બદલ આરોપી જયસ્વાલ પર રોષે ભરાયો હતો. આ વાતનો બદલો લેવાની ભાવનાથી આરોપીઓએ જયસ્વાલને ઢોરમાર માર્યો હતો, જેમાં તેનું મોત નીપજ્યું હતું. હત્યા બાદ આરોપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. આ કેસમાં પ્રાથમિક માહિતીને આધારે પોલીસ ૨૪ કલાકમાં જ આરોપી સુધી પહોંચી હતી. (પીટીઆઈ)■

# એટ્રોસિટી હેઠળ હત્યાના કેસોમાં મૃતકોના વારસદારો માટે સરકારી નોકરી

થાણે: અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (એટ્રોસિટી) કાયદા હેઠળ નોંધાયેલા હત્યાના કેસોમાં મૃતકોના પરિવારોને મદદ કરવા માટે જિલ્લામાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય મુજબ, આવા કિસ્સાઓમાં, મૃતક વ્યકિતના પરિવારમાંથી એક પાત્ર વારસદારને ગ્રુપ-સી અથવા ગ્રુપ-ડીની શ્રેણીમાં સરકારી અથવા અર્ધ-સરકારી નોકરી આપવામાં આવશે. આ માટે, થાણે જિલ્લાના પાત્ર પીડિત પરિવારોને અપીલ કરવામાં આવી છે કે તેમણે ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં જિલ્લા સમાજ કલ્યાણ વિભાગના માધ્યમથી તેમના દસ્તાવેજો જિલ્લા કલેક્ટર કચેરીમાં મોકલવા.

આ નિમણૂક પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં, જિલ્લા કલેક્ટરની આગેવાની હેઠળની જિલ્લા સ્તરીય તકેદારી સમિતિ સંબંધિત કેસોની તપાસ કરશે. સમિતિ મૃતકના કેસ, કૌટુંબિક પરિસ્થિતિ અને પાત્રતાના માપદંડોની તપાસ કરશે અને સમાજ કલ્યાણ વિભાગને ભલામણો મોકલશે. ત્યારબાદ, સમાજ કલ્યાણ વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ બંને વિભાગોમાં ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પર વિચાર કરશે અને તે મુજબ પાત્ર વારસદારને રોજગાર આપવાનો નિર્ણય લેવામાં આવશે. નિમણૂકને અંતિમ મંજૂરી આપવાની સત્તા સમાજ કલ્યાણ કમિશનર, પુણેને આપવામાં આવી છે. દસ્તાવેજો સબમિટ કરવા માટે, સમાજ કલ્યાણ વિભાગ, સહાયક કમિશનર, સમાજ કલ્યાણ, સામાજિક ન્યાય ભવન, ચોથો માળ, દત્તાવાડી, સ્વામી સમર્થ મઠની સામે, કલવા, થાણે ૪૦૦૬૦૫ ની કચેરીમાં જઈને અરજી કરી શકાય છે.

સરકારે આ પ્રક્રિયા માટે પાત્ર વારસદારોની શ્રેણી સ્પષ્ટ કરી છે. સૌ પ્રથમ, મૃતક વ્યક્તિની પત્ની અથવા પતિને પાત્ર ગણવામાં આવશે. પછી તેમાં પરિણીત અથવા અપરિણીત પુત્રો અને પુત્રીઓ તેમજ મૃત્યુ પહેલાં કાયદેસર રીતે દત્તક લીધેલા બાળકોનો સમાવેશ થાય છે. જો મૃતક વ્યક્તિનો પુત્ર ઉપલબ્ધ ન હોય અથવા પાત્ર ન હોય, તો પુત્રવધૂ અરજી કરી શકે છે. ઉપરાંત, છૂટાછેડા લીધેલી, વિધવા અથવા ત્યજી દેવાયેલી પુત્રીઓ અથવા બહેનોને પણ પાત્રતા આપવામાં આવી છે. જો મૃતક વ્યક્તિ અપરિણીત હોય, તો તેનો ભાઈ કે બહેન અરજી કરવા પાત્ર રહેશે. ■

# એટીએમમાં કાર્ડ ફસાવીને એકાઉન્ટ ખાલી કરવાનું રૅકેટ

છત્રપતિ સંભાજીનગર: એટીએમ સેન્ટરમાં ગ્રાહકોને છેતરીને નાણાં પડાવવાના રૅકેટ સાથે સંકળાયેલી ઠગ ટોળકીએ નવો પેંતરો અજમાવવા માંડ્યો છે. એટીએમમાંથી રૂપિયા કઢાવવા આવનારી વ્યક્તિનું કાર્ડ ફસાવી દઈને તેના ખાતામાંથી નાણાં ટ્રાન્સફર કરી લેવામાં આવતા હોવાનું સામે આવ્યું છે. છત્રપતિ સંભાજીનગરમાં જાણીતી ઍરલાઈન્સ કંપનીના અધિકારીને આ રીતે છેતરી ૪૩ હજાર રૂપિયા કઢાવી લેવામાં આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ વરુડ ફાટા ખાતે રહેતો સંજય જાધવ સોમવારની સવારે એક રાષ્ટ્રીયકૃત બૅન્કના ચિખલઠાણે સ્થિત એટીએમ સેન્ટરમાં રૂપિયા કઢાવવા ગયો હતો. સેન્ટરમાં અગાઉથી હાજર યુવાને મશીન સાથે ચેડાં કર્યાં હતાં. કહેવાય છે કે એટીએમમાં તેણે સ્કિમિંગ પટ્ટી લગાવી રાખી હતી.

જાધવે એક હજાર રૂપિયા કઢાવવા મશીનમાં કાર્ડ નાખ્યું તો તે ફસાઈ ગયું હતું. કાર્ડ કાઢવા માટે જાધવે ઘણાં ફાંફાં માર્યા હતાં. દરમિયાન એટીએમ સેન્ટરમાં હાજર યુવાને જાધવના કાર્ડનો પિન નંબર જોઈ લીધો હતો.

મદદને બહાને આગળ આવેલા યુવાને પહેલાં કાર્ડ કાઢવાનો ડોળ કર્યો હતો, પરંતુ પછી જાધવને સામેના એટીએમ સેન્ટરના સિક્યોરિટી ગાર્ડને બોલાવી લાવવા કહ્યું હતું. જાધવ સેન્ટરમાંથી નીકળીને રસ્તો ઓળંગી સામેના એટીએમ સેન્ટરમાં પહોંચ્યો ત્યાં સુધીમાં તો ઠગે પોતાની કરામત કરી દીધી હતી. ખાતામાંથી ૪૩ હજાર રૂપિયા કઢાવવામાં આવ્યો હોવાનો મેસેજ જાધવને આવ્યો હતો. જાધવ ફરી એટીએમ સેન્ટરમાં આવ્યો ત્યારે ઠગ ગુમ હતો. ■

**ઉપાય-યોજના:** મુંબઈમાં હાલમાં ચાલી રહેલાં વિકાસકામોને કારણે હવા પ્રદૂષિત બની છે. હવામાં રહેલા માટીના કણોને દૂર કરવા પાલિકા તરફથી વિવિધ વિસ્તારમાં પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. (અમય ખરાડે)




# વડોદરાના સિનિયર સિટીઝનની બૅગે બોરીવલીમાં ફફડાટ ફેલાવ્યો

## સ્ટેશન બહાર ભુલાઈ ગયેલી બૅગમાં ૭.૫ લાખ રૂપિયા અને સોનાના દાગીના હતા

મુંબઈ: વડોદરાના સિનિયર સિટીઝન બોરીવલી સ્ટેશન બહાર ભૂલી ગયેલા બૅગે પ્રવાસીઓમાં ફફડાટ ફેલાવી દીધો હતો અને પોલીસને દોડતી કરી મૂકી હતી. સઘન તપાસ બાદ બૅગ ખોલવામાં આવતાં તેમાંથી ૭.૫ લાખની રોકડ અને સોનાના દાગીના નીકળ્યા હતા. તપાસ બાદ બૅગ ગુજરાતના વડોદરા શહેરમાં કસીલી બાગ વિસ્તારમાં રહેતા પ્રદીપ નાનુભાઈ દોશી (૭૦)ની હોવાનું જણાયું હતું. દોશી કાંદિવલી પૂર્વના પોઈસર વિસ્તારમાં લગ્ન સમારંભમાં હાજરી આપવા આવ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ દોશી સોમવારની સવારે બોરીવલી પૂર્વમાં સ્ટેશન બહારની એક દુકાન પાસે ઊભા હતા. પછી દુકાન પાસે જ પોતાની બૅગ ભૂલીને ત્યાંથી રવાના થઈ ગયા હતા.

નધણિયાતી બૅગને જોઈ રાહદારીએ પોલીસને જાણ કરી હતી. બૅગને કારણે પ્રવાસીઓ અને આસપાસના દુકાનદારોમાં ફફડાટ ફેલાવી દીધો હતો.

માહિતી મળતાં જ કસ્તુરબા માર્ગ પોલીસ અને એટીસીના અધિકારી પહોંચી ગયા હતા. બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડને પણ બોલાવાઈ હતી. તપાસ બાદ બૅગમાં વિસ્ફોટક કે કોઈ શંકાસ્પદ વસ્તુ ન હોવાનું જણાયું હતું.

એક અધિકારીએ જણાવ્યું હતું કે બૅગમાંથી ૭.૫ લાખ રૂપિયા અને ૫૦ ગ્રામ સોનાના દાગીના મળ્યા હતા. તપાસ બાદ દોશીને શોધી કાઢવામાં આવ્યા હતા અને બૅગ તેમને સુપરત કરાઈ હતી. ■

# બનાવટી આઈએએસ કલ્પના ભાગવતનો કેસ | પૈસાની લેવડદેવડમાં સાંસદનું નામ આવતા ચર્ચા

નવી દિલ્હી: છત્રપતિ સંભાજી નગરની એક મોટી હોટલમાં એક મહિલા નકલી દસ્તાવેજો આપી છ મહિના સુધી રોકાઈ હતી. ચોંકાવનારી વાત એ છે કે આ મહિલાના પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સાથે સંબંધ હતા. મહિલાએ પોતે આઈએએસ અધિકારી હોવાનો દાવો કર્યો હતો. મહિલા પર ખૂબ જ ગંભીર આરોપોનો આરોપ મૂકવામાં આવ્યો હતી. અને તેના કબજામાંથી ચોંકાવનારા દસ્તાવેજો મળી આવ્યા છે. મહિલાની ઓળખ કલ્પના ભાગવત તરીકે થઈ છે. આ મહિલા ઘણા લોકો પાસેથી પૈસા લેતી હતી અને તેને પાકિસ્તાન તરફથી પણ મોટી રકમ મળી હોવાનું જાણવા મળ્યું છે. હવે હિંગોલીના સંસદ સભ્ય નાગેશ પાટીલ આષ્ટિકરનું નામ પણ એવા ૧૧ લોકોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે જેમણે મહિલાને પૈસા આપ્યા છે.

આ કેસમાં નાગેશ પાટીલ આષ્ટિકરનું નામ આવતા ખળભળાટ મચી ગયો હતો. સંસદ સભ્યએ જણાવ્યું હતું કે 'ગઈકાલે મને બધું વાતની જાણ થઈ. એ બનાવટી અધિકારીને હું મળ્યો હતો એ હકીકત છે. મારા પિતરાઈ ભાઈનો દીકરો તેને ટ્રેનમાં મળ્યો ત્યારે તેણે મંદિર માટે દાન આપવાની વિનંતી કરી હતી. ત્યારબાદ એ બનાવટી અધિકારી મારા ગામમાં આવી મને મળી હતી. પોતે રામભદ્રાચાર્ય મહારાજની શિષ્ય હોવાનું તેણે મને કહ્યું હતું.મંદિર માટે મદદ માંગી એટલે પહેલા ૨૦ હજાર રૂપિયા આપ્યા. ત્યારબાદ બે ત્રણ વાર થોડા પૈસા આપ્યા. મારી માતા બીમાર હોવાથી તેણે મને દોઢ લાખ રૂપિયા આપવાની માગ કરી હતી. મને ફોન પર કહેવામાં આવ્યું કે કલ્પના ભાગવતનો કોલ્હાપુરમાં અકસ્માત થયો છે એટલે મેં ૧૦ હજાર રૂપિયા આપ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'છેલ્લે મેં ૨૯ ઓક્ટોબરે પૈસા મોકલ્યા હતા. મેં આ બાબતને ખૂબ ગંભીરતાથી લીધી ન હતી, મુશ્કેલીમાં હોવાથી તેને મદદ કરી હતી. હું ૨-૩ વખત તેને મળ્યો હતો. મારી પાસે છે તેટલું હું વહેંચું છું. ■

# ભારત નબળી બોલિંગ અને ખરાબ ફીલ્ડિંગને કારણે હારી ગયું

## સાઉથ આફ્રિકાના બૅટ્સમેનો ફાઈટિંગ સ્પિરિટથી જીત્યા અને સિરીઝ ૧-૧થી લેવલ કરી

રાયપુરઃ છત્તીસગઢના રાયપુરમાં ભારતે સિરીઝની બીજી વન-ડેમાં આપેલો ૩૫૯ રનનો તોતિંગ લક્ષ્યાંક (ચૉકર્સ તરીકેની છાપ ભૂંસાવી ચૂકેલા) સાઉથ આફ્રિકાએ રોમાંચક મુકાબલામાં ૪૯.૨ ઓવરમાં ૬/૩૬૨ના સ્કોર સાથે મેળવી લીધો હતો અને સિરીઝ ૧-૧થી સમકક્ષ કરી હતી. ભારતની બૅટિંગ ફરી એક વાર સારી હતી, પરંતુ બુમરાહ તેમ જ શમી, સિરાજ જેવા અનુભવીઓ વિનાની નિસ્તેજ પેસ બોલિંગ એકંદરે નબળી પુરવાર થઈ હતી તેમ જ સ્પિનર્સ પણ ધાર્યું પરિણામ નહોતા લાવી શક્યા જેને કારણે છેવટે ભારતે છેલ્લી ઓવરમાં શરણાગતિ સ્વીકારવી પડી હતી.બવુમાની ટીમ ચાર બૉલ અને ચાર વિકેટ બાકી રાખીને જીત્યા હતા. ત્રીજી અને છેલ્લી વન-ડે શનિવારે વિશાખાપટનમમાં રમાશે.

ઓપનર માર્કરમ (૧૧૦ રન, ૯૮ બૉલ, ચાર સિક્સર, દસ ફોર), મૅથ્યૂ બ્રીટ્ઝકી (૬૮ રન, ૬૪ બૉલ, પાંચ ફોર), બવુમા (૪૬ રન, ૪૮ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર), ડેવાલ્ડ બ્રેવિસ (૫૪ રન, ૩૪ બૉલ, પાંચ સિક્સર, એક ફોર), કૉર્બિન બૉશ્ચ (૨૯ અણનમ, ૧૫ બૉલ, ચાર ફોર), ટૉની ડિ ઝૉર્ઝી (રિટાયર્ડ હર્ટ) (૧૭ રન, ૧૧ બૉલ, એક સિક્સર), કેશવ મહારાજ (૧૦ અણનમ, ૧૪ બૉલ)ના પર્ફોર્મન્સને કારણે ભારતીય ટીમને આ બીજી જ મૅચમાં સિરીઝ નહોતી જીતવા મળી. ખાસ કરીને બ્રેવિસની પાંચ સિક્સરની ફટકાબાજી ભારતને ભારે પડી હતી. અર્શદીપ અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ બે-બે વિકેટ અને હર્ષિતે એક વિકેટ લીધી હતી. જોકે ત્રણેયે ૫૦થી વધુ રન આપ્યા હતા. કુલદીપને ૭૮ રનમાં એક જ વિકેટ મળી હતી.

વૉશિંગ્ટન સુંદરે અર્શદીપના બૉલમાં આસાન કૅચ છોડ્યો હતો. ભારતીય ફીલ્ડરોએ ખરા સમયે રનઆઉટના બે ચાન્સ પણ ગુમાવ્યા હતા. ટીમ ઇન્ડિયાના સર્વશ્રેષ્ઠ ફીલ્ડર ગણાતો રવીન્દ્ર જાડેજા પણ દિશા ભૂલતો જોવા મળ્યો હતો. જોકે મેદાન પર ભેજને કારણે જે ભીનાશ હતી એ પણ ભારતીય ફીલ્ડર્સ માટે નડતરરૂપ હતી.

બન્ને ટીમના રનનો સરવાળો ૭૨૦ રન થયો હતો અને આ બે દેશ વચ્ચેની વન-ડે ક્રિકેટમાં આ નવો વિક્રમ છે. રાંચીની પ્રથમ વન-ડેમાં પ્રવાસી ટીમ ૩૫૦ રનના લક્ષ્યાંકથી માત્ર ૧૭ રન દૂર રહી ગઈ હતી.

એ પહેલાં, ભારતીય ટીમે બૅટિંગ મળ્યા બાદ ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૩૫૮ રન કર્યા હતા. પહેલાં ઋતુરાજ ગાયકવાડ (૧૦૫ રન, ૮૩ બૉલ, ૧૦૨ મિનિટ, બે સિક્સર, બાર ફોર) પ્રથમ વન-ડે સદી પૂરી કર્યા પછી તરત જ આઉટ થઈ ગયો ત્યાર બાદ થોડી વાર બાદ વિરાટ કોહલી (૧૦૨ રન, ૯૩ બૉલ, ૧૪૩ મિનિટ, બે સિક્સર, સાત ફોર)એ પણ ૫૩મી વન-ડે સેન્ચુરી પૂરી કર્યા પછી વિકેટ ગુમાવી દીધી હતી. કિંગ કોહલીએ બૅક ટુ બૅક સેન્ચુરી ફટકારી હતી. વન-ડેમાં તેની ૫૩ સેન્ચુરી થઈ છે. કોહલીની કુલ આંતરરાષ્ટ્રીય સદીની સંખ્યા ૮૪ ઉપર પહોંચી છે. કોહલી અને ગાયકવાડ વચ્ચે ૧૫૬ બૉલમાં ૧૯૫ રનની પાર્ટનરશિપ થઈ હતી.

કૅપ્ટન કે. એલ. રાહુલ (૬૬ અણનમ, ૪૩ બૉલ, ૬૫ મિનિટ, બે સિક્સર, છ ફોર)એ એક છેડો સંભાળી રાખ્યો હતો અને ધબડકો રોક્યો હતો. તેને વૉશિંગ્ટન સુંદર (એક રન)નો સાથ નહોતો મળ્યો, પણ ત્યાર બાદ રવીન્દ્ર જાડેજા (૨૪ અણનમ, ૨૭ બૉલ, ૩૯ મિનિટ, બે ફોર) સાથે રાહુલે છઠ્ઠી વિકેટ માટે ૬૯ રનની અતૂટ ભાગીદારી કરી હતી. સાઉથ આફ્રિકા વતી માર્કો યેનસેને સૌથી વધુ બે વિકેટ લીધી હતી. ■

# વિરાટના હઠીલા ચાહકને મેદાનની બહાર લઈ જવા ૧૨ જણ કામે લાગ્યા!





રાયપુરઃ છત્તીસગઢના બિજાપુરમાં ગઈ કાલે સાત નક્સલવાદીઓને મોતને ઘાટ ઉતારવાની અને બે જવાન શહીદ થવાની જે ઘટના બની એનાથી ૩૦૦થી ૪૦૦ કિલોમીટર દૂર આ જ રાજ્યના રાયપુર શહેરમાં રમાતી ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની બીજી વન-ડે દરમ્યાન એક યુવાન સલામતી કવચ ભેદીને અચાનક શહીદ વીર નારાયણ સિંહ ઇન્ટરનૅશનલ સ્ટેડિયમના મેદાન પર વિરાટ કોહલી પાસે દોડી આવ્યો હતો જેને પગલે આ સ્ટેડિયમમાં સિક્યૉરિટીમાં રહેલી ગંભીર કચાશ બહાર આવી છે.

રાંચીમાં રવિવારે કોહલીએ સદી પૂરી કરી ત્યાર બાદ તેનો એક ચાહક પિચ પર તેના સુધી દોડી આવ્યો હતો અને સીધો તેના પગે પડ્યો હતો. ગઈ કાલે રાયપુરમાં પણ એવો જ બનાવ બન્યો જેમાં આ યુવાન કોહલી સુધી પહોંચી ગયો અને તેને પગે લાગવા જતો હતો ત્યારે ખુદ કોહલીએ તેમ જ સલામતી રક્ષકોએ તેને રોક્યો હતો.

નવાઈની વાત એ છે કે પહેલાં ચારથી પાંચ સલામતી રક્ષકો દોડી આવ્યા, પરંતુ તેમનાથી આ યુવાન કાબૂમાં નહોતો રહ્યો. ત્યાર બાદ બીજા કેટલાક દોડી આવ્યા અને યુવાનને ટિંગાટોળી કરીને લાવી રહ્યા હતા ત્યારે તેણે નીચે ઊતરવાનો પ્રયાસ કરતા નીચે પડ્યો હતો. ત્યાર બાદ વધુ કેટલાક લોકો આવીને (કુલ ૧૨ જણે) છેવટે એ યુવાનને ગ્રાઉન્ડની બહાર લઈ જવામાં સફળ થયા હતા. યુવાનને ઊંચકીને લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે તે ખૂબ હસી રહ્યો હતો.

કોહલીએ આ મૅચમાં વન-ડેમાં ૫૩મી તેમ જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૮૪મી સદી ફટકારી હતી. તેની પહેલાં ઋતુરાજ ગાયકવાડે વન-ડેમાં પહેલી સેન્ચુરી કરી હતી. યુવાન દોડી આવવાની ઘટના વખતે ફીલ્ડિંગમાં ઊભેલા સાઉથ આફ્રિકાના ખેલાડીઓ સલામતી રક્ષકોની કચાશ જોઈ રહ્યા હતા. એ ઘટના વખતે સ્ટેડિયમમાં પ્રેક્ષકોમાં ચિંતા ફેલાઈ ગઈ હતી. ■

# ગંભીર-આગરકર વિરુદ્ધ વિરાટ-રોહિત

## વિવાદ ઉકેલવા બીસીસીઆઈએ સિલેક્ટર પ્રજ્ઞાન ઓઝાને મોકલ્યા

રાયપુરઃ ભારતીય ક્રિકેટમાં ઘણા દિવસોથી હેડ કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજિત આગરકર વિરુદ્ધ વિરાટ કોહલી અને રોહિત શર્માનો જે વિવાદ (શીત યુદ્ધ) ચાલે છે એ શાંત પાડવા બીસીસીઆઈએ સિલેક્ટર પ્રજ્ઞાન ઓઝાને મધ્યસ્થી તરીકે તેમની પાસે મોકલ્યા છે.

ભૂતપૂર્વ સ્પિનર પ્રજ્ઞાનને પ્રથમ વન-ડેના સ્થળ રાંચી મોકલવામાં આવ્યા હતા જ્યાંથી તેઓ ગઈ કાલની બીજી વન-ડેના સ્થળ રાયપુર ભારતીય ટીમ સાથે પહોંચ્યા હતા.

ભારતીય ટીમના ડ્રેસિંગ રૂમમાં બધું ઠીક થઈ જાય અને વર્તમાન સિરીઝ દરમ્યાન શાંતિ બની રહે એની જવાબદારી પ્રજ્ઞાનને સોંપવામાં આવી છે.

વર્તમાન વિવાદ ૨૦૨૭ના વર્લ્ડ કપમાં વિરાટ અને રોહિતના ભાગ લેવાની સંભાવનાને માઠી અસર કરી શકે એ જોતાં ક્રિકેટ બોર્ડે શ્રેણીની મધ્યમાં જ વિવાદ ઠંડો પાડવાનું નક્કી કર્યું છે.

રોહિત અને વિરાટે છેલ્લા એક વર્ષમાં ટી-૨૦ તથા ટેસ્ટમાંથી એકસાથે નિવૃત્તિ લીધી હોવાથી હવે વન ડેની બાબતમાં પણ એવું ન બને એવી ભીતિ પણ બોર્ડને સતાવતી હશે. ■




**ટી-૨૦ વર્લ્ડ કપનું નવું જર્સી**

૨૦૨૬ની સાતમી ફેબ્રુઆરીથી ભારત અને શ્રીલંકામાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટેના ભારતીય ટીમનું નવું જર્સી ગઈ કાલે રાયપુરમાં લૉન્ચ કરવામાં આવ્યું હતું. આ લૉન્ચિંગ વખતે અસંખ્ય ક્રિકેટપ્રેમીઓ આ જર્સી સાથે ઊભા હતા.

# બ્રેવિસને ‘ચાલતી પકડ’ એવા અર્થમાં પૅવિલિયનમાં પાછા જવાનો ઈશારો કરવા બદલ હર્ષિત રાણાને ઠપકો

રાંચીઃ સાઉથ આફ્રિકા સામે રાંચીમાં સિરીઝની પ્રથમ વન-ડેમાં પેસ બોલર હર્ષિત રાણા (૧૦-૦-૬૫-૩)એ બહુ સારી બોલિંગ કરી હતી અને શરૂઆતમાં એક ઓવરમાં તેણે રાયન રિકલ્ટન (૦) અને ક્વિન્ટન ડિકૉક (૦)ની વિકેટ લઈને તરખાટ મચાવ્યો હતો, પરંતુ પછીથી એક ઘટના એવી બની જેને લીધે હર્ષિતને રિચી રિચર્ડસને ઠપકો આપ્યો હતો અને તેના નામે એક ડીમેરિટ પૉઇન્ટ લખ્યો હતો.

હર્ષિતે શરૂઆતમાં સાઉથ આફ્રિકાને લાગલગાટ બે ઝટકા આપ્યા ત્યાર બાદ ભારતીય ટીમને ટક્કર આપીને ૨૮ બૉલમાં ૩૭ રન કરનાર ડેવાલ્ડ બ્રેવિસને બાઉન્ડરી લાઇનની નજીક ઋતુરાજ ગાયકવાડના હાથમાં કૅચઆઉટ કરાવ્યા બાદ હર્ષિતે બ્રેવિસ સામે આક્રમકતા બતાવી હતી અને પહેલી આંગળી બતાવીને તેણે બ્રેવિસને ‘ચાલતી પકડ’ એવા અર્થમાં પૅવિલિયનમાં પાછા જવાનો ઇશારો કર્યો હતો. હર્ષિતને આ કરતૂત બદલ રિચર્ડસને ઠપકો આપ્યો હતો કે ક્રિકેટ જેન્ટલમૅન્સ ગેમ છે અને એમાં આવી કોઈ પણ પ્રકારની હરકત ચાલે નહીં. મૅચ રેફરી રિચર્ડસનનું એવું પણ કહેવું હતું કે હર્ષિતના આવા ઇશારાથી બૅટ્સમૅન ઉશ્કેરાઈ શક્યો હોત જેને કારણે મેદાન પર વાતાવરણ તંગ થઈ શક્યું હોત. ૨૪ મહિનામાં હર્ષિતની આ પહેલી જ કસૂર હોવાથી તેને માત્ર ઠપકો અપાયો છે. ■

# સીએસકેમાં ધોનીના સૌથી ફેવરિટ બોલર મોહિત શર્માએ તમામ પ્રકારની ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી

નવી દિલ્હીઃ હરિયાણાની ૩૭ વર્ષની ઉંમરના રાઇટ-આર્મ પેસ બોલર મોહિત શર્માએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ તેમ જ આઇપીએલ સહિત તમામ પ્રકારની ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે. આઇપીએલની ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) ટીમમાં એક સમયે કૅપ્ટન મહેન્દ્રસિંહ ધોનીના સૌથી ફેવરિટ ગણાતા બોલર મોહિતે કુલ ૩૪ આંતરરાષ્ટ્રીય મૅચોમાં કુલ મળીને ૪૧ વિકેટ લીધી હતી. આઇપીએલમાં તેણે કુલ ૧૨૦ મૅચમાં ૧૩૪ વિકેટ લીધી હતી.

મોહિતે ૨૦૧૩માં ભારત વતી ડેબ્યૂ કર્યું હતું. જોકે ૨૦૧૫ સુધી જ તેની કારકિર્દી સીમિત રહી હતી હતી, કારણકે ઑક્ટોબર, ૨૦૧૫ બાદ ફરી તેને ક્યારેય ભારત વતી રમવાનો મોકો નહોતો મળ્યો અને એક દાયકા સુધી રાહ જોયા બાદ હવે તેણે ફરી ભારત વતી ફરી નહીં રમવા મળે એવું માનીને રિટાયરમેન્ટ જાહેર કરી દીધું છે. ■

## સિટી ન્યૂઝ

# શનિવારે મુંબઈમાં સરકારી અને અર્ધ-સરકારી કચેરીઓ બંધ રહેશે

મુંબઈઃ ડો. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે મુંબઈ શહેર અને મુંબઈ ઉપનગર જિલ્લાઓમાં શનિવાર, છઠી ડિસેમ્બરના રોજ તમામ સરકારી/અર્ધ-સરકારી કચેરીઓમાં સ્થાનિક રજા જાહેર કરવામાં આવી છે. જે કામદારો આ રજા માટે પાત્ર નહીં હોય, તેમના માટે એક દિવસની કમાણી રજા (ઈએલ) તેમના ખાતામાં જમા કરવામાં આવશે.

સરકારી સરક્યુલરની જોગવાઈઓ અનુસાર થાણે જિલ્લામાં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીઓ, જેમાં મ્યુનિસિપલ કચેરીઓ પણ શામેલ છે, તેમને ડો. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે સ્થાનિક રજા આપવામાં આવી છે, જેમાં મુંબઈમાં મ્યુનિસિપલ કચેરીઓમાં આવશ્યક સેવાઓને બાકાત રાખવામાં આવી છે.

જોકે, નગરપાલિકાએ સ્પષ્ટતા કરી છે કે આ રજા આવશ્યક સેવાઓમાં કામ કરતા કામદારો અને કર્મચારીઓને લાગુ પડશે નહીં.

દરમિયાન, આ વર્ષે મુંબઈ શહેર અને મુંબઈ ઉપનગરીય જિલ્લાઓમાં સરકારી અને અર્ધ-સરકારી કચેરીઓમાં આઠમી ઓગસ્ટે નારિયેળી પૂર્ણિમાના અવસર પર અને બીજી સપ્ટેમ્બરના રોજ ગૌરી વિસર્જનના અવસર પર સ્થાનિક રજા જાહેર કરવામાં આવી હતી. ■

# આજથી ચાર દિવસ દરિયામાં મોટી ભરતી

## નાગરિકોને દરિયાકિનારે જવાનું ટાળવા પાલિકાની અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજથી ચાર દિવસ દરિયામાં મોટી ભરતી છે. ભરતી દરમ્યાન સાડા ચાર મીટર કરતા વધુ ઊંચા મોજાં ઉછળશે. તેથી આ સમય દરમ્યાન મુંબઈગરાએ દરિયાકિનારા પાસે જવાનું ટાળવાની અપીલ કરવામાં આવી છે.

ગુરુવાર, ચાર ડિસેમ્બરથી રવિવાર સાત ડિસેમ્બર સુધી સળંગ ચાર દિવસ દરિયામાં મોટી ભરતી છે અને મોજાં સાડા ચાર મીટર કરતા ઊંચા ઉછળશે, તેમાં શનિવાર, છ ડિસેમ્બરના મોટી ભરતી છે. એ દિવસે રાતના ૧૨ વાગીને ૩૯ મિનિટે દરિયામાં ૫.૦૩ મીટર કરતા પણ ઊંચા મોજા ઉછળશે. મોટી ભરતીના ચારેય દિવસ નાગરિકોએ દરિયાની નજીક જવું નહી એવી અપીલ મુંબઈ મહાનગરપાલિકા સહિત મુંબઈ પોલીસ દ્વારા કરવામાં આવી છે.

મોટી ભરતી શનિવાર છ ડિસેમ્બરના છે અને તેમાં પાછું એ જ દિવસે મહાપરિનિર્વાણ દિન હોવાથી મોટી સંખ્યામાં મુંબઈ બહારથી નાગરિકો દાદર શિવાજી પાર્કમાં આવતા હોય છે. તેથી તેઓ શિવાજી પાર્ક ચોપાટી પર જાય નહીં તેવી અપીલ પણ પાલિકા દ્વારા કરવામાં આવી છે.

**ચારથી સાત ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન ભરતીનું ટાઈમટેબલ**

| વાર | તારીખ | સમય | મોજાની ઊંચાઈ (મીટર) |
|---|---|---|---|
| ગુરુવાર | પાંચ ડિસેમ્બર | સવાર ૧૧.૩૦ વાગે | ૪.૧૪ |
| શનિવાર | છ ડિસેમ્બર | મધરાત ૧૨.૩૯ વાગે | ૫.૦૩ |
| શનિવાર | છ ડિસેમ્બર | બપોરના ૧૨.૨૦ વાગે | ૪.૧૭ |
| રવિવાર | સાત ડિસેમ્બર | મધરાત ૧.૨૭ વાગે | ૫.૦૧ |
| રવિવાર | સાત ડિસેમ્બર | બપોરના ૧.૧૦ વાગે | ૪.૧૫ |

# મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં ૬૭.૬૩ ટકા મતદાન

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૨૬૩ મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતોની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૬૭.૬૩ ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે ધુળે જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાના પ્રમુખ અને કાઉન્સિલરો બિનહરીફ ચૂંટાયા હતા, એવી માહિતી ચૂંટણી પંચના અધિકારીઓ દ્વારા બુધવારે આપવામાં આવી હતી.

મંગળવારે સવારે ૭.૩૦ થી સાંજે ૫.૩૦ વાગ્યા સુધી ચૂંટણી યોજાઈ હતી.

રાજ્ય ચૂંટણી પંચે (એસઈસી) બપોરે ૩.૩૦ વાગ્યા સુધી (મંગળવારે) નોંધાયેલા મતદાનનો ડેટા પૂરો પાડ્યો હતો, પરંતુ મોડી રાત સુધી અંતિમ આંકડો આપી શક્યું ન હતું.

બુધવારે, એસઈસીએ ૬૭.૬૩ ટકા મતદાનનો અંતિમ આંકડો ઉપલબ્ધ કરાવ્યો હતો.

ઉત્તર મહારાષ્ટ્રના ધુળે જિલ્લામાં ડોંડાઈચા-વરવાડે મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખ અને કાઉન્સિલરો બિનહરીફ ચૂંટાયા હોવાથી, ત્યાં મતદાન યોજાયું ન હતું, એમ પણ તેમાં જણાવાયું છે.

ચૂંટણીમાં શાસક ગઠબંધન ભાગીદારો ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની એનસીપીએ કેટલીક જગ્યાએ એકબીજા સામે ચૂંટણી લડી હતી.

નગરપાલિકાના પ્રમુખો અને સભ્યોની ચૂંટણી માટે ૨૪ અન્ય સ્થાનિક સંસ્થાઓ અને ૭૬ સ્થાનિક સંસ્થાઓમાં ૧૫૪ સભ્યોની ચૂંટણી ૨૦ ડિસેમ્બરે યોજાશે. બધી જ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીની મત ગણતરી ૨૧ ડિસેમ્બરે થશે. ■

# ૨૦૨૨ના કાયદા મુજબ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી માટે વોર્ડ રચના

## હાઈ કોર્ટમાં રાજ્ય સરકારનું સ્ટેન્ડ

મુંબઇઃ રાજ્ય સરકારે મંગળવારે હાઇકોર્ટમાં પોતાનું સ્ટેન્ડ રજૂ કરતાં જણાવ્યું હતું કે આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી માટેની વોર્ડ રચના ૨૦૨૨ના કાયદા મુજબ કરવામાં આવશે. અગાઉ, રાજ્ય ચૂંટણી પંચ દ્વારા વોર્ડ રચના નક્કી કરવામાં આવી રહી હતી. જોકે, ૨૦૨૨માં કાયદામાં ફેરફાર કરીને વોર્ડ રચનાની સત્તા રાજ્ય સરકારને આપવામાં આવી હતી. થાણે, નવી મુંબઈ, વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન અને કેટલીક અન્ય નગરપાલિકાઓની વોર્ડ રચના સામે વાંધો ઉઠાવતી વિવિધ અરજીઓ હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. આ તમામ અરજીઓ પર મંગળવારે મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી બેન્ચ સમક્ષ સંયુક્ત સુનાવણી શરૂ થઈ હતી.

તે સમયે, અરજદારોની ટૂંકી દલીલો સાંભળ્યા પછી, કોર્ટે સરકારી વકીલોને વોર્ડ રચનાની સત્તાઓ વિશે પૂછ્યું. તેમને સ્ટેન્ડ સ્પષ્ટ કરવાનો પણ આદેશ આપ્યો. ત્યારબાદ, સરકારી વકીલ નેહા ભીડેએ કોર્ટને જણાવ્યું હતું કે આગામી ચૂંટણીઓ માટે વોર્ડ રચના ૨૦૨૨ના કાયદા મુજબ કરવામાં આવશે. એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે સરકાર બુધવારની સુનાવણીમાં વિગતવાર સમજાવશે કે તેણે ૨૦૨૨ના કાયદા મુજબ વોર્ડ માળખું કેમ નક્કી કરવાનો નિર્ણય લીધો.

આ પહેલા, અરજદારો વતી વરિષ્ઠ વકીલ અનિલ અંતુરકરે દલીલ કરી હતી. અગાઉની ચૂંટણીઓ ૨૦૧૭માં કમિશન દ્વારા કરવામાં આવેલા સીમાંકનના આધારે યોજાઈ હતી. મે ૨૦૨૨માં, કમિશને રાજ્ય સરકારના હસ્તક્ષેપ વિના બીજો સીમાંકન આદેશ પસાર કર્યો હતો, પરંતુ તેનું પાલન કરવાને બદલે સરકારે કાયદો બદલી નાખ્યો અને કમિશનને બદલે સરકારને સીમાંકન કરવાની સત્તા આપવામાં આવી હતી.

અંતુરકરે એવી પણ દલીલ કરી હતી કે મહારાષ્ટ્ર મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ હેઠળ કરવામાં આવેલ આ ફેરફાર બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન છે અને સીમાંકન કમિશનના અધિકારક્ષેત્રનો ભાગ છે. અંતુરકરે કોર્ટને એમ પણ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજવા માટે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ છેલ્લી તારીખ નક્કી કરી છે, તેથી એકમાત્ર ઉકેલ એ હતો કે ૨૦૧૭માં કમિશન દ્વારા કરવામાં આવેલા સીમાંકનનો ઉપયોગ કરવામાં આવે. ■

# કાંદિવલી અને ઘાટકોપરમાં ઈમારતમાં આગઃ કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં બુધવારે ઉપનગરમાં આગના બે જુદા જુદા બનાવ બન્યા હતા, જેમાં બંને ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. કાંદિવલી (પૂર્વ)માં દત્તાણી પાર્ક રોડ પર આવેલી બહુમાળીય ઈમારતમાં ૨૮મા માળા પર આવેલા ફ્લેટમાં બુધવારે સાંજે અચાનક આગ ફાટી નીકળી હતી. તો ઘાટકોપરમાં પણ એક બિલ્ડિંગમાં આગ લાગી હતી.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ કાંદિવલી પૂર્વમાં દત્તાણી પાર્ક રોડ પર ૩૬ માળની ગોકુલ કોન્કોર્ડ બિલ્ડિંગ આવેલી છે. સાંજે ૭.૫૪ વાગે બિલ્ડિંગના ૨૮ માળા પર એક ફ્લેટમાં આગ લાગી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. મોડે સુધી આગ પર નિયંત્રણ મેળવવાના પ્રયાસ ફાયરબ્રિગેડ દ્વારા હાથ ધરાયા હતા.

બીજો બનાવ ઘાટકોપરમાં પશ્ચિમમાં અમૃત નગરમાં ગોલીબાર રોડ પર આવેલી બિલ્ડિંગમાં બન્યો હતો, જેમાં ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની બિલ્ડિંગના ચોથા માળા પર એક ફ્લેટના ઈલેક્ટ્રિક વાયરિંગ અને ઈન્સ્ટોલેશનમાં આગ લાગી હતી. ફાયરબ્રિગેડે બંને આગ પર મોડેથી નિયંત્રણ મેળવ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. સદ્નસીબે બંને દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. ■

# ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ ફક્ત પાંચ-સાત મિનિટમાં

## ફડણવીસ-શિંદેની હાજરીમાં ટીવીએમ લૉન્ચ કરાયું




(અમય ખરાડે)

મુંબઈઃ ઇસ્ટર્ન ફ્રીવે પરથી સીએસએમટી સુધી સડસડાટ જતા વાહનોને ત્યાંથી આગળ ચર્ચગેટ અને મરીન ડ્રાઇવ પહોંચવા માટે ૨૨ થી ૪૦ મિનિટ સુધી ટ્રાફિક જામમાં ફસાયેલા રહેવું પડે છે, પરંતુ એકવાર ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઇવ ડબલ ટનલ શરૂ થયા બાદ આ અંતર પાંચથી સાત મિનિટમાં કાપી શકાશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે માહિતી આપી હતી કે આ પ્રોજેક્ટ ડિસેમ્બર ૨૦૨૮ માં પૂર્ણ કરીને શરૂ કરવામાં આવશે. મુખ્ય પ્રધાન બુધવારે ઓરેન્જ ગેટ ખાતે લોન્ચિંગ શાફ્ટ ખાતે માવલા ટનલ બોરિંગ મશીન (ટીવીએમ)ના લોન્ચિંગ પ્રસંગે બોલી રહ્યા હતા.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) એ ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઇવ સુધી સરળતાથી પહોંચવા માટે ઓરેન્જ ગેટ - મરીન ડ્રાઇવ ટનલ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આ પ્રોજેક્ટનો શિલાન્યાસ સમારોહ ઓરેન્જ ગેટ ખાતે યોજાયો હતો અને લોન્ચિંગ શાફ્ટ (ભૂગર્ભમાં ટીવીએમ મશીન લોન્ચ કરવા માટે એક મોટો કૂવો) બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. લોન્ચિંગ શાફ્ટનું કામ ૧૩ મહિનામાં પૂર્ણ કરવામાં આવ્યું છે. ■

# એફઆઈઆઈની એકધારી વેચવાલી વચ્ચે સેન્સેક્સ સતત ચોથા સત્રમાં ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદેશી સંસ્થાકીય રોકાણકારોના એકધારા બાહ્યપ્રવાહ સાથે ઇન્વેસ્ટર્સના પ્રોફિટ બુકિંગ વચ્ચે ખાસ કરીને બેન્કિંગ શેરોની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધવાને કારણે બુધવારે શેરબજારના બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી સત્ર દરમિયાન સાંકડી વધઘટે અથડાઇને અંતે નેગેટીવ ઝોનમાં સરકી ગયા હતા. ફોરેક્સ માર્કેટમાં રૂપિયો સતત નબળો પડી રહ્યો હોવાથી પણ બજારમાં સાવચેતીનું માનસ હતું. ડોલર સામે રૂપિયો ૯૦ની સપાટી બુધવારે વટાવી ગયો છે.

સતત ચોથા દિવસે ઘટાડા સાથે સેન્સેક્સ ૩૧.૪૬ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકા ઘટીને ૮૫,૧૦૬.૮૧ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો. દિવસ દરમિયાન, સેન્સેક્સ ૩૭૪.૬૩ પોઈન્ટ અથવા ૦.૪૪ ટકા ઘટીને ૮૪,૭૬૩.૬૪ની નીચી સપાટીને અથડાયો હતો, આમ તેણે સારી એવી રિકવરી કરી છે. જ્યારે એનએસઈ નિફ્ટી ૪૬.૨૦ પોઈન્ટ અથવા ૦.૧૮ ટકા ઘટીને ૨૫,૯૮૬ પર બંધ થયો છે.

સેન્સેક્સ કંપનીઓમાંથી, ભારત ઇલેક્ટ્રોનિક્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાઇટન, એનટીપીસી, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, અદાણી પોર્ટ્સ, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ અને બજાજ ફિનસર્વ સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા, જ્યારે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, આઈસીઆઈસીઆઈ બેંક, ઇન્ફોસિસ અને એચડીએફસી બેંક ટોપ ગેઇનર્સની યાદીમાં હતા. મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૩,૬૪૨.૩૦ કરોડના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૪,૬૪૫.૯૪ કરોડના શેર ખરીદ્યા હતા. પ્રાઇમરી માર્કેટમાં કોરોના રેમેડીઝનો રૂ.૬૫૫.૩૭ કરોડનો બુક બિલ્ડ આઇપીઓ આઠમી ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૦ ડિસેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૧ ડિસેમ્બરે અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૧૫ ડિસેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૦૦૮થી રૂ.૧૦૬૨ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઇઝ ૧૪ શેરની છે.

કેબિન અને કોકપીટ ક્રૂ માટે સલામતી અને કટોકટી પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરી સિમ્યુલેશન આધારિત ઉડ્ડયન તાલીમ પૂરી પાડનાર ફ્લાયવિંગ્સ સિમ્યુલેટર ટ્રેનીંગ સેન્ટર લિમિટેડ પાંચમી ડિસેમ્બરના રોજ પ્રારંભિક જાહેર ઓફર સાથે રૂ. ૫૭.૦૫ કરોડ એકત્ર કરવા મૂડીબજારમાં પ્રવેશ કરશે. ભરણું નવમી ડિસેમ્બરે બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ.૧૮૧થી રૂ. ૧૯૧ પ્રતિ શેર, મિનિમમ લોટ સાઇઝ ૬૦૦ શેરની છે.

મીશો લિમિટેડનો આઇપીઓ પહેલા દિવસે બેગણોથી વધુ ભરાઇ ગયો હતો અને રિટેલ પોર્શન ૩.૮૬ ગણો ભરાયો હતો. વિદ્યા વાયર્સ લિમિટેડ અને એક્વસ લિમિટેડના આઇપીઓ પણ કલાકોની ગણતરીમાં સંપૂર્ણ ભરાઇ ગયા હતા. વેકફિટ ઇનોવેશન્સ લિમિટેડ રૂ. ૧૨૮૯ કરોડના આઇપીઓ સાથે આઠમી ડિસેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. ઇન્ડિયન ગેસ એક્સચેન્જના બૉર્ડે આઇપીઓ માટે મંજૂરી આપી છે.

ડિજિટલ પેમેન્ટ્સ અને ડિજિટલ બેંકિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની અગ્રણી કંપની, નેટવર્ક પીપલ સર્વિસીસ ટેક્નોલોજીસ લિમિટેડ (એનપીએસટી)એ ટાટા મ્યુચ્યુઅલ ફંડ દ્વારા સંપૂર્ણ સબસ્ક્રાઇબ કરેલા પ્રેફ્રેન્શિયલ ઇશ્યૂ દ્વારા રૂ. ૩૦૦ કરોડથી વધુ રકમ એકત્ર કરી હોવાનું જાહેર કર્યું છે. કંપનીને એનએસઇ અને બીએસઇ તરફથી ૧૪,૪૬,૫૦૦




ફુલ્લી પેઇડ ઇક્વિટી શેરના લિસ્ટિંગની મંજૂરી મળી છે. ઇન્ડિગોએ કર્મચારીઓની અછતને કારણે ૭૦ ફ્લાઇટ કેન્સલ કરી હતી. કંપનીએ જણાવ્યું હતું કે ટેક્નિકલ કારણો અને ટ્રાફિકને કારણે અનેક ફ્લાઇટ વિલંબિત થઇ છે. ક્ષેત્રીય રીતે, બજારમાં સ્પષ્ટ તફાવત જોવા મળ્યો. મુખ્ય ક્ષેત્રોમાંથી, આઇટી એકમાત્ર નોંધપાત્ર વધ્યું, જેને નિકાસલક્ષી ટેકનોલોજી શેરોમાં નવેસરની લેવાલી દ્વારા ટેકો મળ્યો. રૂપિયાની નબળાઈ અને સુધારેલા ગ્લોબલ આઇટી સેન્ટિમેન્ટને કારણે મોટી આઇટી કંપનીઓને આગેકૂચ જાળવી રાખવામાં મદદ મળી. વિપ્રો, ટીસીએસ, ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા અને એચસીએલ ટેક્નોલોજીસ જેવા શેરોમાં વધારો થયો, જેમાં વિપ્રો અને ટીસીએસ અગ્રણી હતા.

એન્ટરપ્રાઇઝ સોફ્ટવેર ઉત્પાદનો અને ડિજિટલ આઇટી સર્વિસ પ્રોવાઇડર, પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે મુંબઈ સ્થિત સોફ્ટવેર ડેવલપમેન્ટ અને આઇટી સર્વિસ કંપની, મેટાસીસ સોફ્ટવેર પ્રાઇવેટ લિમિટેડમાં ૧૦૦ ટકા ઇક્વિટી હિસ્સો ખરીદવા માટે શેર ખરીદી કરારના અમલીકરણને મંજૂરી આપી છે. ૧૦૦% શેરહોલ્ડિંગનું સંપાદન આગામી વર્ષે ત્રણ તબક્કામાં કરવામાં આવશે.

નુકસાનની બાજુમાં, પીએસયુ બેંકો, હેલ્થકેર, ગ્રાહક અને નાણાકીય સેવાઓ ક્ષેત્રો દબાણ હેઠળ આવ્યા. આ ક્ષેત્રોમાં નબળાઈ, નીતિ-સંબંધિત અનિશ્ચિતતા અને નકારાત્મક વૈશ્વિક સંકેતો વચ્ચે રોકાણકારોમાં સાવચેતીનું માનસ જોવા મળ્યું હતું. મેક્સ હેલ્થકેર, શ્રીરામ ફાઇનાન્સ, ટ્રેન્ટ, કોલ ઇન્ડિયા, નેસ્લે ઇન્ડિયા અને જિયો ફાઇનાન્સિયલ સર્વિસિસ જેવા શેરો સત્રના ટોચના ઘટાડામાં સામેલ હતા.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો હતો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયો હતો. યુરોપના બજારો મોટાભાગે ઊંચા ટ્રેડિંગમાં હતા. મંગળવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૯૯ ટકા વધીને ૬૩.૦૭ ડોલર પ્રતિ બેરલ પર બંધ થયો હતો.

મંગળવારે સતત ત્રીજા સત્રમાં ઘટાડા સાથે, સેન્સેક્સ ૫૦૩.૬૩ પોઈન્ટ અથવા ૦.૫૯ ટકા ઘટીને ૮૫,૧૩૮.૨૭ પર બંધ થયો હતો. નિફ્ટી ૧૪૩.૫૫ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા ઘટીને ૨૬,૦૩૨.૨૦ પર બંધ થયો હતો. બીજા ક્વાર્ટરની અપેક્ષા કરતાં વધુ સારા જીડીપી વૃદ્ધિ પછી આ અઠવાડિયે આરબીઆઇ દ્વારા વ્યાજદરના ઘટાડાની અપેક્ષાઓ ઘટી ગઈ હોવાથી બજારે હિલોળે ચડ્યું છે. વિદેશી ફંડોએ નવેમ્બરમાં વૈશ્વિક જોખમથી દૂર રહેવાની ભાવના અને ટેક્નિકલ અસ્થિરતા વચ્ચે ભારતીય ઇક્વિટી બજારમાંથી રૂ. ૩,૭૬૫ કરોડ પાછા ખેંચી લીધા હતા અને હુજ એકધારી વેચવાલી ચાલુ રાખી છે. ડિપોઝિટરી ડેટા અનુસાર, ઓક્ટોબરમાં રૂ. ૧૪,૬૧૦ કરોડના ચોખ્ખા આંતર પ્રવાહ પછી નવેમ્બરમાં આ ઘટાડો થયો છે. એફઆઇઆઇએ સતત ત્રણ મહિનામાં ભારતીય બજારમાં ધૂમ વેચવાલી કરી હતી, જેમાં વિદેશી ફંડોએ સપ્ટેમ્બરમાં રૂ. ૨૩,૮૮૫ કરોડ, ઓગસ્ટમાં રૂ. ૩૪,૯૯૦ કરોડ અને જુલાઈમાં રૂ.૧૭,૭૦૦ કરોડની ચોખ્ખી વેચવાલી નોંધાવી હતી. ઓક્ટોબરમાં ટૂંકા ગાળાના વિરામ પછી, વિદેશી રોકાણકારોએ વેચાણ ફરી શરૂ કર્યું, અને નવેમ્બરમાં ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૩,૭૬૫ કરોડ પાછા ખેંચી લીધા છે. ગ્લોબલ રિસ્ક ઓફ સેન્ટિમેન્ટ, વૈશ્વિક સ્તરે ટેકનોલોજી શેરોમાં અસ્થિરતા અને સેકન્ડરી માર્કેટ કરતાં પ્રાથમિક બજારો માટે પસંદગીયુક્ત વલણને કારણે આમ બન્યું છે. વૈશ્વિક મોરચે, યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરમાં ઘટાડાના માર્ગની આસપાસની અનિશ્ચિતતા, મજબૂત યુએસ ડોલર અને ઉભરતા બજારોમાં નબળી જોખમની ભૂખને કારણે વિદેશી રોકાણકારો સાવધ રહ્યા હતા. સ્થાનિક સ્તરે આ સાવચેતીપૂર્ણ અભિગમ, ખૂબ જ વધુ પડતા ઊંચા વેલ્યુએશન અને ઔદ્યોગિક સૂચકાંકોમાં ઘટાડાને કારણે વધુ મજબૂત બન્યો હતો, જેના કારણે ભારતના પ્રમાણમાં સ્થિર મેક્રોઇકોનોમિક બેકડ્રોપ હોવા છતાં રોકાણકારોના વિશ્વાસમાં ઓટ આવ્યો હોવાનું બજારના પીઢ નિરીક્ષકોએ જણાવ્યું હતું. ૨૦૨૫માં અત્યાર સુધીમાં, એફઆઇઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૧.૪૩ લાખ કરોડથી વધુ નાણાં ઉપાડી લીધા છે. દરમિયાન, ડેટ માર્કેટમાં, એફઆઇઆઇએ સામાન્ય મર્યાદા હેઠળ રૂ. ૮,૧૧૪ કરોડનું રોકાણ કર્યું હતું જ્યારે તે જ સમયગાળા દરમિયાન સ્વૈચ્છિક રીટેન્શન રૂટ દ્વારા રૂ. ૫,૦૫૩ કરોડ ઉપાડ્યા હતા.

## ડૉલર સામે તળિયું શોધતો રૂપિયોઃ ૧૯ પૈસા તૂટીને ૯૦.૧૫ની સપાટીએ

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીના દબાણ, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં વધારો તેમ જ ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતાઓ વચ્ચે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો તળિયું શોધી રહ્યો હોય તેમ સત્ર દરમિયાન એક તબક્કે ૯૦.૩૦ની અત્યાર સુધીની સૌથી નીચી સપાટી સુધી પહોંચ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૯ પૈસા તૂટીને ૯૦.૧૫ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલી સાધારણ નરમાઈનો અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા પણ ગબડતાં રૂપિયાને અટકાવવા કોઈ પ્રયાસ થયા હોય તેવું જણાયું નહોતું. આજે સત્રના આરંભે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૯૬ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૯.૯૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૩૦ અને ઉપરમાં ૮૯.૯૩ની રેન્જમાં અથડાઈને સત્રના અંતે ૧૯ પૈસાના ઘટાડા સાથે ૯૦.૧૫ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે સટ્ટોડિયાઓ દ્વારા વેચાણો કપાયા હોવાથી રૂપિયામાં ૪૩ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો.

એકંદરે વિદેશી રોકાણકારોના વેચવાલીની દબાણ છતાં વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવવાની સાથે ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતાને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો, પરંતુ ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલી નરમાઈને કારણે રૂપિયામાં તીવ્ર કડાકો અટક્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડતેલના વધતા ભાવ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેમ જણાય છે. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ડૉલરની નબળાઈ રૂપિયાને ટેકો આપે તેમ હોવાથી રૂપિયાની રેન્જ ૮૯.૮૦થી ૯૦.૫૦ની રહે તેમ જણાય છે.

## ચાંદી વધુ ₹ ૩૫૪૦ ચમકીને ૧.૭૮ લાખની પાર, રૂપિયો નબળો પડતાં સોનામાં ₹ ૬૨૧નો સુધારો

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે એક તબક્કે ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૮.૯૪ની સપાટી સુધી પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે વધ્યા મથાળેથી ૦.૫ ટકા ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે સોનામાં અમેરિકાના આર્થિક ડેટાની જાહેરાત પૂર્વે સાવચેતીના અભિગમ વચ્ચે ભાવમાં ઘટ્યા મથાળેથી ટકેલું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં આજે ખાસ કરીને ચાંદીમાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા ભાવમાં કિલોદીઠ રૂ. ૩૫૪૦ની તેજી આગળ ધપતા ભાવ ૧.૭૮ લાખની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ઑલ ફૉલ ડાઉનનું વલણ રહ્યું હોવાથી સ્થાનિકમાં રૂપિયાની આયાત પડતર વધી આવતા સ્થાનિકમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૧૯થી ૬૨૧નો સુધારો આગળ ધપ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગનો ટેકો મળતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ



કિલોદીઠ રૂ. ૩૫૪૦ વધીને રૂ. ૧,૭૮,૧૯૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં રૂપિયો નબળો પડતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૧૯ વધીને રૂ. ૧,૨૭,૭૦૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૨૧ વધીને રૂ. ૧,૨૮,૨૧૪ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ શુષ્ક હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના ન્યૂયોર્કનાં ઘટ્યા મથાળે ઔંસદીઠ ૪૨૦૭.૬૦ આસપાસના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૪૨૩૭.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધ્યા મથાળેથી ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૫૮.૧૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના નવેમ્બર મહિનાના રોજગારીના ડેટા પર હોવાથી સાવચેતીના અભિગમને કારણે હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજી વિભાગના હેડ ઓલે હાસને જણાવતાં ઉમેર્યું હતું કે ચાંદીમાં તંગ પુરવઠા સ્થિતિ અને પ્રબળ ઓદ્યોગિક માગને ટેકે ગત શુક્રવારથી એકતરફી તેજી જોવા મળી છે. જોકે, હાલના બજાર ઓવરબોટ પોઝિશનમાં હોય તેમ જણાય છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ચાંદી કિંમતી ધાતુ હોવાની સાથે તેનો ઔદ્યોગિક વપરાશ પણ છે અને અમેરિકાએ મહત્ત્વપૂર્ણ ખનીજોની યાદીમાં ચાંદીનો પણ સમાવેશ કર્યો હોવાથી આ વર્ષમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૧૦૧ ટકાનો ઉછાળો આવ્યો છે, જ્યારે સોનાના ભાવમાં ૬૦ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે.

અમેરિકાના આજે જાહેર થનારા આર્થિક ડેટા અર્થાત્ રોજગારીના ડેટા નબળા આવે તો ફેડરલ રિઝર્વ દ્વારા ડિસેમ્બર મહિનાની બેઠકમાં રેટકટની શક્યતા વધુ પ્રબળ બનશે, એવું રોકાણકારોનું માનવું છે. જોકે, બ્રોકરેજ હાઉસ જેપી મોર્ગન અને બૅન્ક ઑફ અમેરિકા પણ ફેડરલ રિઝર્વ આગામી ૯-૧૦ ડિસેમ્બરની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરી રહ્યા છે.

## ટીન અને કોપર વાયરબાર સહિતની ધાતુઓમાં આગળ ધપતી તેજી



મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ધાતુઓમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૭ અને રૂ. ૧૨ વધી આવ્યા હતા. તેમ જ તેની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી પાંચની તેજી આગળ ધપી હતી. જોકે, આજે એકમાત્ર ઝિન્ક સ્લેબમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એક ઘટી આવ્યા હતા અને ખપપૂરતી માગને ટેકે લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૭ વધીને રૂ. ૩૬૭૦ અને રૂ. ૧૨ વધીને રૂ. ૧૦૯૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ટીન અને કોપર વાયરબારની આગેવાની હેઠળ અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૯૬૫, રૂ. ૬૯૦ અને રૂ. ૬૧૫, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૯૯૨, રૂ. ૯૭૮, રૂ. ૮૮૮ અને રૂ. ૧૩૫૦, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૧૪ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૮૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ સામે માગ શુષ્ક રહેતાં ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૨૮૩ના મથાળે અને ખપપૂરતી માગને ટેકે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

## આઈટી શેરમાં કરંટઃ માર્કેટ કેપમાં રૂ. ૨.૭૯ લાખ કરોડનો ઘટાડો

મુંબઇઃ શેરબજારમાં સતત ચોથા સત્રના ઘટાડા દરમિયાન બધા બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સ ઘટ્યા,આઈટી અને ટેક શેર્સ સર્વાધિક વધ્યા, માર્કેટ કેપમાં રૂ.૨.૭૯ લાખ કરોડનો ઘટાડો નોંધાયો. બુધવારે બીએસઈ સેન્સેક્સ મંગળવારના ૮૫,૧૩૮.૨૭ના બંધથી ૩૧.૪૬ પોઈન્ટ્સ (૦.૦૪ %) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૫,૧૫૦.૬૪ ખૂલી ઊંચામાં ૮૫,૨૬૯.૬૮ અને નીચામાં ૮૪,૭૬૩.૬૪ સુધી જઈને છેવટે ૮૫,૧૦૬.૮૧ બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૦ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે ૨૦ સ્ક્રિપ્સ ઘટી હતી.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૨.૪૬ લાખ કરોડથી રૂ.૨.૭૯ લાખ કરોડ ઘટીને રૂ.૪૬૯.૬૭ લાખ કરોડ રહ્યું હતું. સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ફોકસ્ડ આઈટી ૦.૭૯%, આઈટી ૦.૭૮%, ટેક ૦.૪૧%, ટેલિકોમ્યુનિકેશન ૦.૨૯ % અને બેન્કેક્સ ૦.૧૯% વધ્યા હતા, જ્યારે કેપિટલ ગુડ્સ ૧.૩૧ %, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૨૪%, ઓટો ૧.૧૨ %, પાવર ૧.૦૫ %, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૯૯ %,સર્વિસીસ ૦.૯૭ %, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૯૩ %,યુટિલિટીઝ ૦.૮૫ %, રિયલ્ટી ૦.૭૬ % અને ઓઈલ એન્ડ ગેસ ૦.૭૧ % ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૧૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૩૯૬ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૭૬૭ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૩ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૮૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૮૯ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. સાત સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૯૫ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૩ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૮૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૧૬ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં ટાટા કન્સલ્ટન્સી ૧.૪૧ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૩૭ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૧.૧૨ ટકા, એચડીએફસી બેન્ક ૧.૦૬ ટકા, એક્સિસ બેન્ક ૦.૯૧ ટકા, સન ફાર્મા ૦.૪૩ ટકા, ટેક મહિન્દ્ર ૦.૪૧ ટકા, પાવર ગ્રીડ ૦.૩૨ ટકા એચસીએલ ટેક્નોલોજી ૦.૨૫ ટકા અને કોટક બેન્ક ૦.૧૫ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે બીઈએલ ૨.૧૩ ટકા, ટાઈટન ૧.૮૬ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૭૯ ટકા, એનટીપીસી ૧.૭૨ ટકા, સ્ટેટ બેન્ક ૧.૬૯ ટકા, ટાટા મોટર પેસેન્જર ૧.૪૦ ટકા, લાર્સન ૧.૦૮ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૦૨ ટકા, બજાજ ફિનસર્વ ૦.૯૯ ટકા, મારુતિ ૦.૯૭ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૯૩ ટકા અને ટ્રેન્ટ ૦.૯૧ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૨૨.૩૯ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૧૭૩ સોદામાં ૧,૩૦૦ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩૭,૩૫,૯૮૧ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૧,૯૯,૫૬,૦૬૯.૨૫ કરોડનું રહ્યું હતું.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ નરમાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૬૦થી ૩૭૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની છૂટીછવાઈ લેવાલી જળવાઈ રહી હોવાથી મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની એકંદરે માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો અને હાજરમાં મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૭૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવતા તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૮૯૨થી ૩૯૭૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેવાની સાથે મથકો પર પણ ટકેલું વલણ રહ્યું હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૦થી ૩૯૨૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

## છૂટીછવાઈ માગને ટેકે દેશી-આયાતી તેલમાં આગેકૂચ

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ ત્રણ રિંગિટનો ઘટાડો આવ્યો હોવા છતાં ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૨૯ સેન્ટનો સુધારો આવ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો ગોઠવાતા દેશી-આયાતી તેલમાં સુધારો આગળ ધપ્યો હતો, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. તેમ જ આજે દેશી તેલમાં મથકો પાછળ સિંગતેલમાં રૂ. ૧૦ અને કપાસિયા રિફાઈન્ડ તથ સરસવમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ સંજય સોયાના સોયા રિફાઈન્ડના જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ ડિલિવરી શરતે રૂ. ૧૨૭૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦થી ૧૨૫૩, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૪૫, જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૬૫ અને ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૭૫ તથા સોયા રિફાઈન્ડના જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૨૭૫, રૂ. ૧૨૮૦ અને રૂ. ૧૨૮૫ તથા જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

# મુંદરા ખાતે જી.આઈ.ડી.સી. વિસ્તારના ગોડાઉનમાંથી ૧.૭૧ કરોડનો શરાબનો જથ્થો પકડાયોઃ બે આરોપીઓ પકડાયા, ત્રણ ફરાર

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ સમગ્ર ગુજરાતમાં હાલ શરાબ-ડ્રગ્સની બદી વધી રહી છે, તેવામાં કચ્છના બંદરીય મુંદરા ખાતે સ્થાનિક પોલીસ અને સાયબર સેલે સંયુક્ત ઓપરેશન પાર પાડીને જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલાં એક ગોડાઉન પર દરોડો પાડીને ચોખાના ભૂસાંની આડમાં બોક્સમાં છુપાવાયેલો ૧.૭૧ કરોડના મૂલ્યના શરાબના જથ્થા સહિત કુલ ૨.૧૧ કરોડનો મુદામાલ અંકે કરી, બે શખ્સોની ધરપકડ કરી હતી જયારે ત્રણને 'વોન્ટેડ' જાહેર કરવામાં આવ્યા હતા. આ અંગે મુંદરા પોલીસ મથકના ઇન્સ્પેકટર આર. જે. ઠુંમર અને સાયબર સેલ, સરહદી રેન્જ ભુજના પીએસઆઈ એમ. એચ. જાડેજાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, અત્રેના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં માલવાહક ટ્રકોના માધ્યમથી શરાબની હેરફેર થઇ રહી હોવા અંગે સંયુક્ત રીતે તેમને ખાનગી બાતમી મળતાં ગોડાઉન નંબર ૩૩માં દરોડો પાડવામાં આવ્યો હતો. આ વેળાએ ટ્રક મારફતે રાજસ્થાનથી મંગાવેલા વિદેશી દારૂના જથ્થાને સગેવગે કરવાની પેરવી કરી રહેલા વિક્રમસિંહ દીલુજી વાઘેલા (ઉ.વ.૩૭, રહે.મુજપુર, તા. શંખેશ્વર, જિ.પાટણ) અને રામદેવસિંહ સુખદેવસિંહ જાદવ (ઉ.વ. ૨૫,રહે સુરેન્દ્રનગર) નામના બે આરોપીઓને પકડી પાડ્યા હતા. આ કેસમાં અનિલસિંહ જાડેજા (માલ મંગાવનાર), મહિપતસિંહ કિરીટસંગ વાઘેલા (માલ મંગાવનાર) અને અનિલ ઉર્ફે પાંડ્યા (માલ મોકલનાર, ટ્રક ચાલક) વોન્ટેડ છે.

દરોડા દરમ્યાન ભારતીય બનાવટની વિદેશી દારૂની ૩૧,૫૦૦ બોટલ અને બિયરના જથ્થાને જપ્ત કરી લેવાયો હતો. જેની કિંમત રુપિયા ૧,૭૧,૦૯,૮૪૦ આંકવામાં આવી છે. આ ઉપરાંત, ટ્રક (કિંમત ૨૫ લાખ), એક પીકઅપ (કિંમત ૫ લાખ), ટ્રક (કિંમત ૧૦ લાખ), ત્રણ મોબાઈલ ફોન (કિંમત ૧૫ હજાર) અને રોકડા ૭ હજાર સહિત કુલ ૨,૧૧,૩૧,૮૪૦નો મુદામાલ જપ્ત કરી લેવાયો હતો. આરોપીઓ ચેકિંગથી બચવા માટે દારૂના જથ્થાને ચોખાના ભૂસાના પેકિંગમાં છુપાવતા હતા. દરોડા દરમિયાન પકડાયેલી ટ્રકમાં અને દારૂ ભરવા માટે તૈયાર કરાયેલાં વાહનોમાં પણ આવા ભૂસાના બાચકા મળી આવ્યા હતા.

ગોડાઉન અંગેની પ્રાથમિક તપાસમાં તેના માલિક નરેન્દ્ર મણીલાલ મકવાણા (રહે. આદિપુર) અને ઓમ ટ્રેડિંગ કંપનીના પ્રોપરાઈટર અમિત મુકેશ ચૌહાણ (રહે.આદિપુર) હોવાનું અને આ બંને વચ્ચેનો ભાડા કરાર પણ મળી આવ્યો છે, જેની વધુ તપાસ ચાલુ છે. આ પ્રવૃત્તિમાં અન્ય કોની કોની સંડોવણી છે અને કેટલા સમયથી આ શરાબની હેરફેર ચાલી રહી છે તે અંગે વધુ તપાસ કરવા માટે આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે તેમ ભુજના નાયબ પોલીસવડા એમ. જે. ક્રિશ્ચિયને જણાવ્યું હતું. ■



રાજકોટ ખાતે આવતીકાલે ૭૪મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ટુર્નામેન્ટ શરૂ થશે, પરેડ બાદ દરેક ટીમોના ખેલાડીઓની પોલીસ કમીશ્નરે મુલાકાત કરી હતી. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# અંજાર પાસેથી ગેરકાયદેસર સિલિકા સેન્ડ ભરેલી ટ્રકને ટાસ્ક ફોર્સે ઝડપી પાડી

## 30 લાખથી વધુનો મુદામાલ જપ્ત

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ રણ, દરિયો અને ખડકોની અનેરી ત્રિવિધ સૌંદર્યતા ધરાવતા કચ્છના પેટાળમાં ધરબાયેલી ખનિજ સંપદાની મોટા પ્રમાણમાં તસ્કરી કરી રહેલા, રાજકીય ઓથા હેઠળ ફાવી ગયેલા ખનિજ માફિયાઓ પર લગામ કસવા માટે જિલ્લા કલેક્ટર આનંદ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ રચવામાં આવેલી ટાસ્ક ફોર્સે અંજાર નજીકથી ખનિજ ચોરીની પ્રવૃત્તિને ઝડપી પાડી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, આદિપુર-ગાંધીધામ માર્ગ પર પેટ્રોલિંગ દરમ્યાન પસાર થતી શંકાસ્પદ ટ્રકને અટકાવવામાં આવી હતી. અંદર તપાસ કરતાં તેમાં આશરે ૨૦ મેટ્રીક ટન જેટલી 'સીલીકા સેન્ડ' ભરેલી હોવાનું જણાયું હતું.

આ અંગે ટ્રક ડ્રાઈવર ગોવિંદ અભયસિંગ ભિડેની પૂછપરછ કરતાં તેની પાસે ખનિજ વહન માટેની કોઈ રોયલ્ટી કે પાસ-પરમીટ ન હોવાનું અને આ ટ્રક ગેરકાયદેસર રીતે રોયલ્ટી ભર્યા વગર ખનિજનું વહન કરી રહી હોવાનું જાણવા મળતાં જિલ્લા ટાસ્ક ફોર્સે સીલીકા સેન્ડનો જથ્થો અને ટ્રક મળીને કુલ અંદાજિત રૂ. ૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરીને આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■

# ભાવનગરના તળાજા સબ. ડી. મેજિસ્ટ્રેટએ ૮૦ વર્ષીય પિતાને ભરણપોષણ આપવા બે પુત્રોને હુકમ

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ સમાજમાં અનેક કિસ્સાઓ એવા બહાર આવે છે જેમાં વૃદ્ધ માતા હોય કે પિતા તેમના સંતાનો તેમને સાચવતા નથી. તેમાંય જ્યારે વૃદ્ધ દંપતી ખંડિત થયેલ હોય અને તેમના સંતાનો સાચવતા ન હોય ત્યારે તેમની દશા ખૂબ ખરાબ થતી હોય છે, જેને લઈ કોર્ટના દરવાજા ના છૂટકે પોતાનાજ સંતાનો વિરુદ્ધ ખખડાવવા પડે છે તેવો એક કેસ તળાજા ભરણ પોષણ ટ્રિબ્યુનલ અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ તળાજા કોર્ટમાં ચાલી જતા કોર્ટે દેવળીયા ગામે રહેતા વૃદ્ધ પિતા ને બંને સંતાનોએ પાંચ પાંચ મળી કુલ દસ હજાર દર માસે બેંકના માધ્યમથી જમા કરાવવા હુકમ કરી સમાજમાં વૃદ્ધ માતા પિતા ને સાચવવાની જવાબદારી સંતાનોની હોવાનો દાખલો બેસાડ્યો હતો.

વૃદ્ધ અશક્ત પિતા અથવા માતા ને સાચવવાની જવાબદારી સંતાનોની છે તેવી કાયદામાં જોગવાઈ છે તેવો સંદેશ આપતા ચુકાદાની મળતી વિગતો મુજબ તળાજાના દેવળીયા ગામે રહેતા કાબાભાઈ નાનજીભાઈ પટેલ એ તેમના બે દીકરા કાનજીભાઈ જે દેવળીયા અને સુરતના ઉતરણ, સિલ્વર પેલેસની સામે રહે છે. તેની અને દેવળીયા ગામે રહેતા ભરતભાઈ વિરુદ્ધ તળાજા સબ. ડીવીઝન મેજિસ્ટ્રેટ ની કોર્ટમાં વકીલ હાર્દિક ભટ્ટ દ્વારા ભરણ પોષણનો દાવો દાખલ કરેલ હતો. આ પ્રકારનો દાવો તળાજામા પ્રથમ છે. ધારાશાસ્ત્રીએ જણાવ્યું હતુ કે જમીન હાલ અરજદાર પિતા કાબાભાઈ સુતરિયાના નામે છે. જોકે જમીનનો કબ્જો સંતાનો પાસે છે. પિતાનો દાવો છેકે બંને સંતાનોની લાગણી જોઈને ૨૦૦૩-૨૦૦૪ ની સાલમાં સરખે ભાગે મિલ્કત આપી દીધેલ. સુરત રહેતો દીકરો મહિને એક લાખથી વધુ કમાય છે. જયારે અહીં ખેતીકામ કરતો દીકરો વાર્ષિક આઠેક લાખ કમાય છે. અરજદારના પત્ની લાભુબેન ૨૩ વર્ષ પહેલાં અવસાન પામેલ છે. અરજદારની ઉંમર હાલ ૮૦ વર્ષ આસપાસ છે. તેઓ અશક્ત છે. બંને દીકરાઓ સાચવતા ન હોય મેજિસ્ટ્રેટ દ્વારા બંને દીકરાઓને નોટિસ આપી બોલાવવામાં આવ્યા હતા તેમાં નજીકમાં રહેતો હોવા છતાંય કોર્ટ સમક્ષ હાજર થયેલ નહિ હોવાનું નોંધી બંને દીકરાઓ દર મહિને પાંચ પાંચ મળી કુલ રૂ.૧૦,૦૦૦/- બેંક માધ્યમથી ચૂકવવા હુકમ કરેલ છે. સાથે માંદગી ના કિસ્સામાં બંને પુત્રોએ સરખે ભાગે ખર્ચ આપવાનો રહેશે.

અત્રે ઉલ્લેખનીય છેકે બંને પુત્રો દ્વારા પિતાએ કરેલ અરજી ખોટી હોવાનું અને કબૂલ મંજૂર હોવાનું કોર્ટ સમક્ષ દલીલ કરી હતી. ■

# ભુજના અત્યંત સંવેદનશીલ આર્મી કેમ્પની દીવાલ કૂદીને અંદર ઘૂસેલો શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ ભારત-પાકિસ્તાન વચ્ચે પ્રવર્તી રહેલી કોલ્ડવોરની પરિસ્થિતિ વચ્ચે, ગૃહમંત્રાલય દ્વારા આપવામાં આવેલી રેડ એલર્ટ વચ્ચે ગત રાત્રે સીમાવર્તી કચ્છના પાટનગર ભુજ શહેર ખાતેના ભારતીય લશ્કરના અત્યંત સંવેદનશીલ કેમ્પની દીવાલ કૂદીને અંદર ઘૂસી આવેલા શખ્સને જવાનોને ઝડપી પાડયો હતો. આ બનવા અંગે ભુજ બી-ડિવિઝન પોલીસ મથકે આર્મીમાં નાયબ સુબેદાર તરીકે ફરજ બજાવી રહેલા દેવેન્દ્રસિંઘજી ઠાકુરે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ ગત રાત્રે ભુજના આર્મી કેમ્પસમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા, ત્યારે રાત્રે અગિયાર વાગ્યાના અરસામાં આર્મી કેમ્પસની કાંટાળી તારથી સુરક્ષિત કરેલી દીવાલને કૂદીને અંદર ઘૂસેલા શખ્સને ઝડપી પાડ્યો હતો. તેનું નામ પૂછતાં તે રાકેશકુમાર રવીન્દરસિંહ રોશન (રહે. પરસન બિગહા, પિંજરાવા, તા. કુર્થા, જિ. અરવલ-બિહાર) હોવાનું જણાવ્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં શંકાસ્પદ વ્યવહાર કરતો હોઈ તેને બી-ડિવિઝન પોલીસને સુપ્રત કરી, શખ્સ વિરુદ્ધ કાયદેસરનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

# ધોરડોના સફેદ રણમાંથી 'સુપર મૂન'નો અલભ્ય નજારો નિહાળવા માટે મુખ્ય પ્રધાન કચ્છના મહેમાન બનશે

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કચ્છના ભાતીગળ ધોરડો ખાતે ગત ૨૩મી નવેમ્બરથી શરૂ થયેલા રણોત્સવમાં પૂનમની રાત્રે નભોમંડળમાં સર્જનારા સુપર મૂનના અદ્ભુત નજારાને નિહાળવા માટે ગુજરાતના મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ ધોરડો આવશે. મુખ્ય પ્રધાન સાથે ઉપ રાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણ, નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવી, તેમજ કચ્છના પ્રભારી મંત્રી કાન્તિ અમૃતિયા રણોત્સવમાં આવશે કે નહિ તે અંગે અવઢવની સ્થિતિ હોવાનું જાણવા મળ્યું હતું. મુખ્ય પ્રધાન ગુરુવારે સાંજે ૪ વાગ્યે ધોરડોમાં પહોંચશે અને રણોત્સવ ખાતે સાંજે યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ ત્યાંથી જ પરત ગાંધીનગર રવાના થશે. મુખ્ય મંત્રીના આગમનને લઇને જિલ્લા વહીવટી તંત્ર,પોલીસ વિભાગ તેમજ પ્રવાસન વિભાગ તૈયારીઓમાં જોડાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છના રણપ્રદેશની રેતી પર રેત શિલ્પના ચિત્રાંકનો કરીને વાસ્તવિક રીતે ખગોળીય ઘટનાઓને માણવાનો શોખ લોકોમાં વધ્યો હોય તેમ આગામી નાતાલ પર્વના ત્રણ સપ્તાહ પૂર્વે નભોમંડળમાં જયારે 'સુપર મૂન'ની ઘટના જોવા મળશે ત્યારે તેને જોવા માટે કચ્છના સફેદ રણમાં દેશ-દેશાવરથી મોટી સંખ્યામાં પર્યટકો આવી રહ્યા છે. ■

# સામખિયાળી પાસે હિટ એન્ડ રનના બનાવમાં મોટરસાઇકલ ચાલક યુવાને જીવ ગુમાવ્યો

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કચ્છમાં અકાળ મોતના બનેલા વિવિધ બનાવોમાં બે યુવાનો કાળનો કોળિયો બની જતાં પંથકમાં ગમગીની પ્રસરી હતા. ભચાઉ તાલુકાના સામખિયાળી ખાતે અજાણ્યાં વાહને મોટરસાઈકલને હડફેટે લેતાં ચક્કુકુમાર મણકાનું મોત નીપજ્યું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી મળતી વિગતો મુજબ, ભચાઉ તાલુકાના સામખિયાળી ખાતે હિટ એન્ડ રનનો બનાવ ગત ૧લી ડિસેમ્બરની રાત્રિના અરસામાં બન્યો હતો જેમાં મોટરસાઈકલને પાછળથી પૂરપાટ વેગે આવેલાં અજાણ્યાં વાહને મોટરસાઈકલને ટક્કર મારી દેતાં ચક્કુકુમાર મણકાનું ગંભીર ઇજાઓને પગલે બનાવ સ્થળે જ મોત નીપજ્યું હતું, જયારે ફરિયાદી કાનજી વીરમ સિયારિયાને અસ્થિભંગ સહિતની ઈજાઓ પહોંચી હતી. પોલીસે અકસ્માત સર્જ્યા બાદ નાસી છૂટેલા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# જામનગરમાં કોંગ્રેસના નગરસેવિકા જેનબબેન ખફીનું રાજીનામું

## પક્ષમાં આંતરિક લડાઈ અને વ્યક્તિગત સ્વાર્થનો આરોપ લગાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર મહાનગરપાલિકાના કોંગ્રેસના વરિષ્ઠ મહિલા નગરસેવિકા જેનબબેન ખફીએ પક્ષમાંથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. વોર્ડ નંબર ૧૨ના નગરસેવિકાએ કોર્પોરેટર સહિત કોંગ્રેસ પક્ષના તમામ હોદ્દા પરથી રાજીનામું આપ્યું છે. આ નિર્ણયથી સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખને પાઠવેલા પત્રમાં જેનબબેન ખફીએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ૨૦ વર્ષથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ સાથે વફાદારીપૂર્વક જોડાયેલા છે. જોકે, હાલમાં કોંગ્રેસ પક્ષમાં આંતરિક લડાઈઓ, હુંસાતુંસી અને જી-હજુરીનું મહત્ત્વ વધી રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પક્ષની વિચારધારાને અવગણીને વ્યક્તિગત લોકોના વિચારોને વધુ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. જામનગર શહેર કોંગ્રેસમાં વ્યક્તિગત સ્વાર્થને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. આવી પરિસ્થિતિમાં પક્ષમાં સક્રિયપણે કાર્ય કરવું શક્ય નથી. આથી, તેમણે આ કઠોર પરંતુ જરૂરી નિર્ણય લીધો છે અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના તમામ પદો પરથી રાજીનામું આપ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જેનબબેનના પિતા ઇબ્રાહિમભાઈ પણ અગાઉ કોર્પોરેટર રહી ચૂક્યા છે. મહાનગરપાલિકાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે કોંગ્રેસના લડાયક નગરસેવિકાના રાજીનામાથી રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની છે. ■

# સુરેન્દ્રનગરમાં મીયાવાકી જાપાનીઝ પદ્ધતિથી ૪૨ હેક્ટર જમીનમાં એક લાખથી વધુ વૃક્ષો વવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર શહેરની સાથે જિલ્લામાં એક હેક્ટરે માત્ર ૫ વૃક્ષ જ છે. જે ખૂબ ચિંતાની બાબત છે ત્યારે શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર વૃક્ષોનું વાવેતર કરીને તેનું જતન કરાઈ રહ્યું છે. પરંતુ મહાનગરપાલિકા દ્વારા મૂળચંદ રોડ ઉપર આવેલા મોઘીબેન છાત્રાલય પાસેની ૪૨ હેક્ટર જમીન જે ઘણા સમયથી પડી હતી એટલે જગ્યાના વિકાસ માટે પસંદગી કરી આ જગ્યામાં ૧ લાખ વૃક્ષ અને તે પણ મીયાવાકી પદ્ધતિથી વાવેતર કરવાનું આયોજન કરાયું હોવાનું જાણવા મળ્યું હતું.

સુરેન્દ્રનગર શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર વર્તમાન સમયે વૃક્ષોનું વાવેતર કરાયું છે. છતા હજુ પણ શહેરમાં પ્રદૂષણનું પ્રમાણ વધારે હોવાને કારણે શુધ્ધ હવા મળતી નથી. આ માટે મનપાએ મુળચંદ રોડ ઉપર આવેલા મોઘીબેન છાત્રાલય પાસે એક લાખ વૃક્ષો અને તે પણ મીયાવાકી જાપાનીઝ પદ્ધતિથી વાવેતર કરવાનું આયોજન કરાયું છે.

હાલના સમયે મનપાની જમીનમાં બાવળ કાઢવાની કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે. અંદાજે ૨ મહિનામાં તમામ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. વૃક્ષોનો ઉછેર થઇ ગયા બાદ અહીંયા ઓક્સિજન પાર્ક પણ બનાવાશે, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

પક્ષીવિદ્, પર્યાવરણ પ્રેમી દેવવ્રતસિંહ મોરીએ જણાવ્યું કે, જિલ્લામાં લીંબડો, પીપળો, વડ, કણઝી સહિતના વૃક્ષોનું વધુ વાવેતર થાય છે અને આ વૃક્ષોને આપણી જમીન અનુકૂળ છે. લીંબડો દિવસમાં ૧૮૦ લીટર જેટલો ઓક્સિજન, પીપળો ૨૦૦થી વધુ લીટર, જયારે આંબા ૧૪૦થી ૧૫૦ લીટર ઓક્સિજન આપે છે. એક વૃક્ષને પરીપકવ થતા ૩ વર્ષથી ૫ વર્ષ સુધીનો સમય લાગે છે. ■

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ટાઢોડું, ઠંડા પવનને લીધે લોકો વહેલા ઘરભેગા થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા આઠ-દસ દિવસથી ગુજરાત-સૌરાષ્ટ્રમાં ઠંડી લગભગ નહીવત અનુભવાતી હતી ત્યારે બે દિવસથી ફરી ધીમે ધીમે શિયાળાની અસર દેખાય છે. ખાસ કરીને બુધવારે વહેલી સવારથી ઠંડા પવનના સૂસવાટા બોલ્યા હતા. સૌરાષ્ટ્રમાં ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થયો હોવાનું જણાયું હતું.

ઉત્તરપૂર્વ દિશાના પવન ફૂંકાતા હોવાથી સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં ઠંડા પવનો ફૂંકાયા હતા. સવારના તાપમાનમાં બે-ત્રણ ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો. રાજકોટમાં લઘુતમ તાપમાન ૧૪.૩ ડિગ્રી નોંધાયું હતું. દિવસ દરમિયાન પણ ટાઢોડું અનુભવાયું હોવાનુ શહેરીજનો કહેતા હતા. જોકે સૌથી ઠંડું નલિયા ૧૧ ડિગ્રીએ રહ્યું હતું જ્યારે રાજકોટ કરતા અમરેલીમાં ૧૩.૮ ડિગ્રી તાપમાન નોંધાતા વધારે ઠંડો માહોલ રહ્યો હતો. જયારે જામનગર શહેરમાં છેલ્લા ચોવીસ કલાકમાં લઘુતમ તાપમાનનો પારો વધુ અડધો ડીગ્રી નીચે સરકીને ૧૬ ડીગ્રીએ પહોંચી ગયો હતો. જૂનાગઢ શહેરમાં ૧૪ ડિગ્રી અને પર્વત પર ૯.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભાવનગરમાં ૧૮, ભુજમાં ૧૪.૮, તેમજ દમણમાં ૧૬.૬, દિવમાં ૧૬.૪, દ્વારકામાં ૧૮.૬, કંડલામાં ૧૬.૫, પોરબંદરમાં ૧૬.૪ અને વેરાવળ ખાતે ૧૮.૯ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. ■

# જામનગરમાં ૧૦૦ વીઘા સરકારી જમીન પરનું ગેરકાયદે બાંધકામ દૂર કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર અને ખંભાળિયા ધોરીમાર્ગ પર ગોરધન ગામ પાસે સો વીઘા સરકારી જમીન આવેલી છે, પરંતુ તેમાં ગેરકાયદે બાંધકામ થયેલુ હોવાની તે તંત્રના ઉપયોગમાં લઈ શકાય તેમ નથી ત્યારે હવે તંત્રએ મેગા ડિમોલિશન હાથ ધર્યું હતું.

આ જમીન એક તો વિશાળ અને બીજી ગણી મોંઘી હોવાનું જાણવા મળ્યું છે. અહીં કાચા-પાકા મકાનો, ઈંટોના ભઠ્ઠા મોટા પ્રમાણમાં છે. લોકોનો વસૉવાટ પણ છે. તંત્રએ અગાઉ નોટિસ આપી હતી અને હવે ડિમોલિશન શરૂ કરાતા લોકોએ દોડભાગ કરી મૂકી હતી.

# રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં સંચાલક ધવલ ઠક્કરના જામીન મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં આગ લાગ્યાની અતિ ગંભીર ઘટનાના આરોપી અને ગેમઝોનના સંચાલક ધવલ ભરત ઠક્કરના જામીન મંજૂર થયા હતા.

આ ઘટનામાં ૨૭ લોકો ગેમઝોનની જ્વાળામાં ખાખ થઈ ગયા હતા. આજે ઠક્કરના જામીન બાદ તમામ આરોપીના જામીન પર બહાર આવી ગયા છે.

વર્ષ ૨૦૨૪માં ૨૫મી મેના રોજ નાના મવા રોડ પર આવેલા ગેમઝોનમા અચાનક આગે વરવું સ્વરૂપ ધારણ કરતા ૨૭ જણા જીવતા ભુંજાઈ ગયા હતા.

ગેમઝોનમાં નિયમોનો ભંગ અને સલામતીની વ્યવસ્થામાં બેદરકારીના આરોપો થયા હતા અને પોલીસે ફરિયાદી બની ૧૬ આરોપી સામે ફરિયાદ નોંધી હતી. એક આરોપીનું મોત નિપજ્યું હતું ત્યારે તમામ ૧૫ને જામીન મળ્યા છે. આ ઘટના બાદ સરકારે ગેમઝોન મામલે ભારે સખત થઈ હતી અને નવા નિયમો બહાર પાડ્યા હતા.

# અમરેલી જિલ્લામાં ખેડૂત મુશ્કેલીમાંઃ મહેનત ઉપર રોટાવેટર ફરી વળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદ સહિતના વિવિધ કારણોસર ખેડૂતો પરેશાન થઈ ગયા છે. મગફળીના ખેડૂતો સહિત ડુંગળીના ખેડૂતો પણ ભાવ ન મળતા નિરાશ થઈ ગયા છે. ખેડૂતો કહી રહ્યા છે કે ચાની એક પ્યાલી કરતા ડુંગળી સસ્તી વેચાય રહી છે. આજે ચાની એક પ્યાલી જે રૂ. ૧૦ થી રૂ. ૧૫ સુધી મળે છે, ત્યારે ડુંગળી માત્ર રૂ. ૩ થી રૂ. ૫ પ્રતિ કિલોગ્રામના ભાવે વેચાય છે. આવી પરિસ્થિતિમાં ખેડૂતો માટે ખેતી કરવી મૂર્ખતા સમાન બની ગઈ છે.

સાવરકુંડલા તાલુકાના ખડસલી તેમજ આસપાસના ગામોમાં મોટા પાયે ડુંગળીનું વાવેતર થયું હતું. દરેક ખેડૂત ૫ થી ૧૫ વીઘા સુધી પાક ઉગાડી મહેનતનું ફળ મેળવવાની આશા રાખી રહ્યા હતા. પરંતુ બજારમાં માંગ ઘટતા અને સપ્લાય વધતા હાલ મળતા ભાવમાં ખેતીમાં થયેલો ખર્ચ પણ ખેડૂતોને મળતો ન હોવાની ફરિયાદ ખેડૂતો કરી રહ્યા છે. ખડસલી ગામના ખેડૂત ભનુભાઈ દોંગાએ મુંબઈ સમાચાર સાથે વાત કરતા જણાવ્યું હતું કે ૧૫ વીઘા ખેતરમાં ડુંગળીનું વાવેતર કર્યું હતું. પરંતુ પૂરતાં ભાવ નહીં મળતા, તેમણે અંતે દુઃખ અને આક્રંદ સાથે પોતાના ડુંગળીનાં પાક ઉપર રોટાવેટર ફેરવી દેવું પડ્યું હતું.

આવી જ રીતે ચેતનભાઈ માલાણીએ જણાવ્યું હતું કે, અમરેલીના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો ભારે મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યા છે. ટેકાના ભાવ હેઠળ ખરીદી કરવામાં આવે તો જ ખેડૂતોને રાહત મળશે. નહીં તો આવનારા સમયમાં ડુંગળીનું વાવેતર સદંતર ઘટી જશે. ■